હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાના: ૧૪
તા. ૧૬-૨-૨૦૨૬, સોમવાર
વર્ષ: ૧૪, અંક: ૨૮૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

An ISO 9001:2008 Company
jai ganga™
SOLAR WATER HEATER
સોલાર રૂફટોપ અપનાવો વીજબીલ બચાવો.
JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80009 23239

રાજયપાલના ભાષણ સાથે

# વિધાનસભામાં બજેટ સત્રનો આરંભ: ખેતી, રોજગાર અને સુરક્ષામાં સુધારાનો સંગમ

## કોંગ્રેસના ધારાસભ્યોએ "ખેડૂતોના દેવા માફ કરો", "ડ્રગ્સનો કારોબાર સાફ કરો"ના નારા લગાવ્યા: બુધવારે નાણામંત્રી બજેટ રજૂ કરશે

### વિધાનસભાના ઉપદંડકનું પદ રાજકોટને મળશે??



ધારાસભ્ય રમણભાઈ સોલંકી અને કૌશિક વેકરીયાનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવતા વિધાનસભામાં ચાર ઉપદંડક પૈકી ૨ ઉપદંડકની જગ્યાઓ ખાલી પડી છે. બજેટ સત્ર દરમિયાન આ જગ્યાઓ ભરવામાં આવે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે.રાજકોટનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવ્યો ન હોય.રાજકોટના ચાર પૈકી કોઈ એક ધારાસભ્યને વિધાનસભાના ઉપદંડક બનાવવામાં આવે તેવી શક્યતા હાલ દેખાય રહી છે. દંડક પદ માટે રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠકના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે.

### ગાંધીનગરમાં કોંગ્રેસની 'જન આક્રોશ સભા': રાજ્ય સરકાર પર પ્રહારો

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના આરંભ સાથે આજે વિપક્ષ કોંગ્રેસ દ્વારા જન આક્રોશ સભા યોજાઈ હતી.જન આક્રોશ સભામાં યુવાનો, ખેડૂતો, મહિલાઓ, આદિવાસીઓ, વેપારીઓના પ્રશ્નો સહિત ગુજરાતના અનેક પ્રાણ પ્રશ્નોને વાચા આપવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓએ રાજ્ય સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે,ડબલ એન્જીનની સરકારમાં દિલ્હીનું એન્જીન મોંઘવારી વધારે છે અને ગુજરાતનું એન્જીન બેફામ ભ્રષ્ટાચાર વધારે છે .કોંગ્રેસ જનતાના પ્રશ્નો, સમસ્યાઓ, પીડાઓના આક્રોશને બુલંદ અવાજે ઉઠાવશે.

### વિધાનસભાના ઉપાધ્યક્ષ બનશે પૂર્ણેશ મોદી

#### કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારની કારમી હાર



ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી અંગે આજે પ્રસ્તાવ મુકવામાં આવશે. જેમાં ભાજપ તરફથી પૂર્ણેશ મોદીના નામની દરખાસ્ત કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી જયારે કોંગ્રેસ તરફ ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોરે કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યનું સંખ્યાબળ હોવા છતાંય ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. વિપક્ષનું કહેવું છે કે, ભાજપે લોકશાહીની પરંપરા તોડી છે. અગાઉ કોંગ્રેસના શાસનમાં આ પદ વિપક્ષને અપાતું હતું. ઉપાધ્યક્ષની ચૂંટણીમાં પૂર્ણેશ મોદી તોતિંગ લીડથી જીત્યા હતા.

**અબતક, રાજકોટ**

૧૫મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રનો આરંભ થઈ ચૂકયો છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ અભિભાષણ સાથે સત્ર શરૂ થયું છે. ગૃહના પુર્વ દિવંગત સભ્યોને શ્રધ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતા. વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદી ઉપાધ્યક્ષ તરીકે તોતીંગ બહુમતી સાથે ચૂંટાઈ આવ્યા હતા.વિધાનસભાના સત્રના પહેલા દિવસે રાજ્યપાલના પ્રવચન દરમિયાન વિરોધ પક્ષ કોંગ્રેસના ધારાસભ્યોએ હોબાળો (અનુ. આઠમા પાને)

## રોજગાર નિયમન અને સેવા શરતો સુધારા બિલ, ગુજસીટોક સુધારા અને સૌરાષ્ટ્ર ઘરખેડ,ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન સુધારા વિધેયક મેજ પર મુકાયા

# નરેન્દ્ર મોદીની 'સૂર્ય' શક્તિને 'ગ્રહણ' લાગ્યું?

## બેંકોની આનાકાની અને રાજ્યોના અસહકારથી સોલાર મિશનની ગતિ ધીમી પડી

## વીજ કંપનીઓને પણ ડર, બધા ગ્રાહકો વીજળી ઉત્પન્ન કરવા લાગશે તો વીજળી વેચીશું કોને?

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલી 'પીએમ સૂર્ય ઘર મુફ્ત વીજળી યોજના', જેનો ઉદ્દેશ્ય દેશના ૧ કરોડ ઘરોને સોલાર પાવરથી રોશન કરવાનો છે, તે હાલમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. લાખો લોકોએ ઉત્સાહભેર રજીસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં, બેંકો અને રાજ્ય સરકારોની વીજ કંપનીઓના નિરસ વલણને કારણે સોલાર પેનલ લગાવવાની કામગીરી ધીમી પડી ગઈ છે. નાના ગ્રાહકોને લોન આપવામાં બેંકોની અનિચ્છા આ યોજનામાં સૌથી મોટો અવરોધ ધિરાણકર્તાઓ તરફથી આવી રહ્યો છે. અહેવાલ મુજબ, ઘણી બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓ સોલાર રૂફટોપ માટે લોન મંજૂર કરવામાં ડરી રહી છે. તેમનું કહેવું છે કે આ લોનની રકમ ઘણી નાની હોય છે (સામાન્ય રીતે રૂ.૫૦,૦૦૦ થી રૂ.૭૦,૦૦૦ આસપાસ), પરંતુ તેની પ્રોસેસિંગ પાછળ થતો ખર્ચ અને મહેનત હોમ લોન જેટલી જ લાગે છે. આર્થિક રીતે નબળા અથવા મધ્યમ વર્ગના ગ્રાહકો પાસેથી લોનની રિકવરી (વસૂલાત) કરવામાં મુશ્કેલી પડશે તેવો ડર પણ બેંકોને સતાવી રહ્યો છે, જેના કારણે લોન મંજૂર થવામાં વિલંબ થઈ રહ્યો છે. (અનુ. આઠમા પાને)

### જાન્યુઆરી સુધીના ૧૦ મહિનામાં ૫૨.૫ ગીગાવોટ પાવર ક્ષમતા ઉમેરી ભારતે ઈતિહાસ રચ્યો

ભારતે ઉર્જા ક્ષેત્રે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ૧૦ મહિનામાં જ દેશમાં રેકોર્ડબ્રેક ૫૨.૫ ગીગાવોટ નવી વીજ ઉત્પાદન ક્ષમતા ઉમેરવામાં આવી છે. અત્યાર સુધીના કોઈપણ નાણાકીય વર્ષમાં ઉમેરાયેલી ક્ષમતામાં આ આંકડો સર્વોચ્ચ છે. વીજ મંત્રાલયના ડેટા મુજબ, ભારત વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા માટે મિશન મોડમાં કામ કરી રહ્યું છે અને આ ઐતિહાસિક વધારો તેનો પુરાવો છે. દેશમાં તીવ્ર ગરમી અને ઝડપી આર્થિક વિકાસને કારણે વીજળીની માંગમાં સતત ઉછાળો આવી રહ્યો છે.

(અનુ. આઠમા પાને)



### હર ઘર સોલાર, ઘર ઘર સોલાર
### રૂફટોપ સોલાર પાવરમાં ગુજરાત અવ્વલ નંબરે

પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત વીજળી યોજના હેઠળ દેશભરમાં રૂફટોપ સોલાર સિસ્ટમ લગાવવાની દોડમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ સૌથી આગળ નીકળી ગયા છે. સત્તાવાર આંકડાઓ દર્શાવે છે કે આ ત્રણ રાજ્યોએ દેશમાં કુલ રુફટોપ સોલાર ક્ષમતામાં સિંહફાળો આપ્યો છે. ખાસ કરીને ગુજરાતે તેની સૌર ઉર્જા નીતિ અને લોકોમાં જાગૃતિને કારણે આ યાદીમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે મહારાષ્ટ્ર અને યુપીમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ રાજ્યોની સફળતા રાષ્ટ્રીય ગ્રીન એનર્જી લક્ષ્યાંકો માટે ખૂબ જ પ્રોત્સાહક સાબિત થઈ રહી છે. જ્યારે દેશના અન્ય ભાગોમાં બેંકો અને ડિસ્કોમના પ્રશ્નોને કારણે યોજના ધીમી પડી છે, ત્યારે આ ત્રણ રાજ્યોમાં ગ્રાહકો અને તંત્રના સંકલનથી ઈન્સ્ટોલેશનની ગતિ જળવાઈ રહી છે. આ વધતી જતી સોલાર ક્ષમતાને કારણે આ રાજ્યોના લાખો પરિવારોને વીજળીના બિલમાં મોટી રાહત મળી રહી છે અને ગ્રીડ પરનું ભારણ પણ ઘટી રહ્યું છે.

૨૦ દેશો ભારતની એઆઈ તાકાતને માણશે

# દિવ્યાંગોને દ્રષ્ટી, મેલેરિયામાંથી મુક્તિ અને ફેક વીડિયો સહિતની સમસ્યાઓનું સમાધાન હવે 'એઆઈ' શોધશે

## ૧૩ થી ૨૧ વર્ષના યુવાનોએ ટેકનોલોજીના સથવારે ખેતીથી લઈને કેન્સરના નિદાન સુધીના જટિલ પ્રશ્નોનો 'એઆઈ'થી શોધ્યો સચોટ જવાબ


**અબતક, નવી દિલ્હી**




ભારત હવે માત્ર ટેકનોલોજીનો ઉપયોગ કરનાર દેશ નથી રહ્યો, પરંતુ વિશ્વને નવી દિશા આપનાર 'એઆઈ હબ' બનીને ઉભરી રહ્યો છે. દિલ્હીમાં આજથી શરૂ થયેલી હાઈ-પ્રોફાઈલ 'એઆઈ ઈમ્પેક્ટ સમિટ'માં ભારત પોતાની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ની તાકાતનું પ્રદર્શન કરી રહ્યું છે, જેને નિહાળવા માટે વિશ્વના ૨૦ થી વધુ અગ્રણી દેશોના પ્રતિનિધિઓ એકઠા થયા છે. આ સમિટમાં રજૂ થનારા આધુનિક સોલ્યુશન્સ માનવજીવનની જટિલ સમસ્યાઓના કાયમી ઉકેલ લાવવા માટે સક્ષ્ક્ષ છે. ભારતની આ વધતી જતી ભૂમિકા હવે જવાબદાર અને લોકોપયોગી એઆઈ સોલ્યુશન્સ વિકસાવવામાં ગેમ-ચેન્જર સાબિત થઈ રહી છે.

ભારત સરકાર દ્વારા આયોજિત ત્રણ મોટી વૈશ્વિક એઆઈ ચેલેન્જ - 'એઆઈ ફોર ઓલ', 'એઆઈ બાય હર' અને 'યુવા-એઆઈ' માટે વિશ્વભરમાંથી અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. સત્તાવાર આંકડાઓ મુજબ, ૬૦ થી વધુ દેશોમાંથી કુલ ૪,૬૫૦ થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ હતી. નિષ્ણાતો અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ દ્વારા વિવિધ તબક્કે કરાયેલા કડક (અનુ. આઠમા પાને)

### સતત માળખાકીય સુધારા, ઈનોવેશનને વેગ અને શાસનનું સરળીકરણ જ ભારતને વૈશ્વિક મહાસત્તા બનાવશે: નરેન્દ્ર મોદી



ભારત જયારે 'વિકસિત ભારત ૨૦૪૭' ના લક્ષ્ય તરફ મક્કમ ડગલાં ભરી રહ્યું છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગામી દાયકા માટે દેશની આર્થિક અને વહીવટી પ્રાથમિકતાઓનો રોડમેપ સ્પષ્ટ કર્યો છે. પીએમ મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે સરકારની 'રિફોર્મ એક્સપ્રેસ' હવે માત્ર છૂટાછવાયા ફેરફારો પૂરતી સીમિત નથી, પરંતુ તે દેશમાં પ્રણાલીગત પરિવર્તન લાવી રહી છે. આ વ્યૂહરચનાના કેન્દ્રમાં ત્રણ મુખ્ય સ્તંભો છે: માળખાકીય સુધારા, ટેકનોલોજીકલ ઈનોવેશન અને વહીવટી પ્રક્રિયાઓનું સરળીકરણ. વડાપ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી ૧૦ વર્ષોમાં ભારતની સ્પર્ધાત્મકતા વધારવા માટે સતત માળખાકીય સુધારા જારી રહેશે. આ સુધારાઓ ઉત્પાદકતા વધારવા અને વૈશ્વિક બજારમાં ભારતનું સ્થાન મજબૂત કરવા માટે અનિવાર્ય છે. બીજું મહત્વનું પાસું ઈનોવેશનને વેગ આપવાનું છે. ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ સેક્ટરમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ભારતને ગ્લોબલ હબ બનાવશે. ત્રીજો અને સૌથી મહત્વનો સુધારો શાસનનું સરળીકરણ છે, જેથી સામાન્ય નાગરિકો અને ઉદ્યોગસાહસિકો સરકારી ગૂંચવણો વગર વધુ સરળતા અને વિશ્વાસ સાથે કામ કરી શકે.વડાપ્રધાનનું આ વિઝન હાલમાં યોજાઈ રહેલી ગ્લોબલ એઆઈ સમિટ સાથે સીધું જોડાયેલું છે. ભારત જે રીતે UPI અને (અનુ. આઠમા પાને)

ભંગારને "પારસમણી" નો ટચ "કંચન" બનાવી દેશે

# ભારતની સાડા પાંચ કરોડ ટન સ્ટીલની જરૂરિયાતને સાડા ચાર કરોડ ટન સ્ક્રેપથી પુરી કરાશે

## જૂના ભંગારમાંથી સ્ટીલ બનાવવાથી પ્રદૂષણ ૭૦-૭૫% ઓછું થાય છે, ઉર્જાની મોટી બચત થાય અને ભંગારમાંથી સ્ટીલ બનાવવું સસ્તું પણ પડે

### ભારતને સ્ટીલની આટલી બધી જરૂર કેમ છે?

ભારત એક વિકાસશીલ દેશ છે અને અહીં સ્ટીલની જરૂરિયાત સતત વધી રહી છે કારણ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેમાં નવા રોડ, બ્રિજ, રેલ્વે અને મેટ્રો પ્રોજેક્ટ્સ માટે પુષ્કળ સ્ટીલ જોઈએ છે. નવા મકાનો અને ટાવરના નિર્માણમાં સ્ટીલ મુખ્ય ઘટક છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતને ૫૪ મિલિયન ટન ભંગારની જરૂર પડશે, જ્યારે આપણી પાસે માત્ર ૪૨-૪૫ મિલિયન ટન જ ઉપલબ્ધ હશે. ભારતનો ૫૦-૬૦% ભંગાર હજુ પણ ગલી-મહોલ્લાના 'કબાડી' દ્વારા ઉઘરાવવામાં આવે છે, જેમાં ક્વોલિટી અને ટ્રેકિંગની સમસ્યા રહે છે. ભારતમાં ૧.૨૦ કરોડ વાહનો ભંગારમાં જવા લાયક છે, પરંતુ અત્યાર સુધી માત્ર ૩% વાહનો જ સ્ક્રેપ થયા છે. જો જૂની ગાડીઓ ઝડપથી ભંગારમાં જાય, તો સ્ટીલ ઉદ્યોગને મોટી રાહત મળી શકે.પર્યાવરણને અસર ન થાય તે રીતે ઝીરો કાર્બનની પ્રક્રિયામાં ચીમનીમાંથી ઝેરી ધુમાડાને બદલે માત્ર પાણીની વરાળ નીકળે છે. ભંગારમાંથી સ્ટીલ બનાવવામાં નવી ખાણકામ પ્રક્રિયા કરતા ૫૬% ઓછી ઉર્જા વપરાય છે.



જે રીતે લોકકથામાં 'પારસમણી' ના સ્પર્શથી લોખંડ સોનું બની જતું હતું, બરાબર તેવી જ રીતે આજે ભારતની સ્ટીલ ઈન્ડસ્ટ્રી માટે 'રિસાયકલિંગ ટેકનોલોજી' એક આધુનિક પારસમણી સાબિત થઈ રહી છે. અત્યાર સુધી જેને આપણે નકામો 'ભંગાર' ગણીને ખૂણામાં ફેંકી દેતા હતા, તે હવે ભારતની અર્થવ્યવસ્થા અને પર્યાવરણ માટે 'કંચન' એટલે કે કિંમતી સોનું બનવા જઈ રહ્યો છે. ભારત દુનિયામાં સ્ટીલના ઉત્પાદનમાં બીજા ક્રમે છે, પણ આપણી આ સફળતા હવે માત્ર જમીનમાંથી ખોદેલા લોખંડ પર નહીં, પરંતુ જૂની ગાડીઓ, ફેક્ટરીઓના કાટ ખાતા મશીનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ભંગાર પર ટકેલી છે. 'ગ્રીન સ્ટીલ'ના આ યુગમાં ભંગાર એ માત્ર વેસ્ટ નથી, પણ એક એવી વ્યૂહાત્મક સંપત્તિ છે જે પ્રદૂષણ ઘટાડશે, વિદેશી હૂંડિયામણ બચાવશે અને ભારતને સ્ટીલ ક્ષેત્રે સાચા અર્થમાં 'આત્મનિર્ભર' બનાવશે.

પર્યાવરણને બચાવવા અને પ્રદૂષણ ઘટાડવા માટે 'ગ્રીન સ્ટીલ' બનાવવું જરૂરી છે, જેમાં ભંગારનો ઉપયોગ અનિવાર્ય છે. પરંતુ (અનુ. આઠમા પાને)

### "ગ્રીન સ્ટીલ" છે શું?

'ગ્રીન સ્ટીલ' એટલે એવું સ્ટીલ જેને બનાવવાની પ્રક્રિયામાં પર્યાવરણને નુકસાન પહોંચાડતા કાર્બન ઉત્સર્જનમાં ભારે ઘટાડો કરવામાં આવ્યો હોય. સામાન્ય રીતે સ્ટીલ બનાવવા માટે કોલસાનો ઉપયોગ થાય છે, જેનાથી પુષ્કળ પ્રદૂષણ ફેલાય છે. પરંતુ કોલસાને બદલે હાઈડ્રોજન કે વીજળીનો ઉપયોગ કરીને પરંપરાગત રીતે જમીનમાંથી નીકળતા લોખંડને ઓગાળવા માટે 'બ્લાસ્ટ ફર્નેસ'માં કોલસાનો ઉપયોગ થાય છે. ભંગારનો ઉપયોગ કરીને ગ્રીન સ્ટીલ બનાવવાની સૌથી સરળ અને અસરકારક રીત છે રિસાયકલિંગ. જૂના લોખંડ કે સ્ટીલના ભંગારને ઓગાળીને નવું સ્ટીલ બનાવવું. આમાં નવું લોખંડ ખોદવાની જરૂર પડતી નથી.

### જયાં દિલ જોડાય, ત્યાં બને પરિવાર

# પરિવાર આપણને સંસ્કાર, મૂલ્યો અને જીવન જીવવાની રીત શીખવે: આજે "ફેમિલી ડે"

## પરિવાર જીવનની સૌથી મજબૂત પાયાની ઈંટ ગણાય છે: આધુનિક સમયમાં, લોકો ભલે પોતાના કામ અને વ્યસ્ત દિનચર્યામાં હોય, પરંતુ કુટુંબનું મહત્વ ક્યારેય ઓછું થતું નથી: ઘરમાં હાસ્ય અને ખુશીઓનો માહોલ હોય ત્યારે જીવન જીવવાની મજા અનેરી બની જાય છે

પરિવાર જ આપણી જીવનયાત્રાનો સહારો અને સાથી હોય છે. કુટુંબ, પરિવાર કે ફેમિલીમાં જ આપણો સર્વાંગી વિકાસ થાય છે, પરિવારથી અલગ રહેતા લોકોની માનસિક સ્થિતિ ખરાબ હોય છે. આજે વિશ્વના ઘણા દેશોમાં ફેમિલી ડે ઉજવાય રહ્યો છે, ત્યારે આપણી સંયુક્ત કુટુંબ વ્યવસ્થા વિશ્વમાં શ્રેષ્ઠ ગણાય છે. વિદેશી કલ્ચરમાં તો બધા પોતપોતાની રીતે જીવતા હોવાથી આવા દિવસોમાં ભેગા થતા હોય છે, ત્યાં ૧૮ વર્ષ પછી સંતાન જુદો રહેવા ચાલ્યો જાય છે. આપણે ત્યાં પણ હવે લગ્ન પછી જુદા થઈ જવાનો ટ્રેન્ડ થઈ ગયો છે, પણ એક વાત નક્કી છે કે પરિવારમાં જ સંતાનોનો સર્વાંગી વિકાસ થાય છે. સમાજ વ્યવસ્થાનો પાયો કુટુંબ વ્યવસ્થામાં સમાયેલો છે. આધુનિક સમયમાં, લોકો ભલે પોતાના કામ અને વ્યસ્ત દિનચર્યામાં હોય, પરંતુ કુટુંબનું મહત્વ ક્યારેય ઓછું થતું નથી. દૂર રહેતા સભ્યો પણ એકબીજા સાથે જોડાયેલા રહેવાનો પ્રયત્ન કરે છે. પરિવાર આપણને સંસ્કાર, મૂલ્યો અને જીવન જીવવાની રીત શીખવે છે. એકબીજા પ્રત્યે આદર અને સ્નેહ રાખવાથી સંબંધો મજબૂત બને છે. પરિવાર એ એક એવી શાળા છે જ્યાં આપણે જીવનના પાઠ શીખીએ છીએ અને મુશ્કેલીઓના સમયે હિંમત અને પ્રોત્સાહન મેળવીએ છીએ. સાચા અર્થમાં, કુંટુંબ એ ઈશ્વર તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે.



સમાજની પરિકલ્પના પરિવાર વગર અધૂરી છે અને પરિવાર બનાવવા માટે લોકોએ હળીમળીને રહેવું ખુબ જરૂરી છે. વિશાળ અર્થમાં કહીએ તો સમગ્ર વિશ્વ પણ એ પરિવાર છે. પૃથ્વી આપણા સૌ ની માતા છે અને આપણે તેનાં સંતાનો. વસુધૈવ કુટુંબકમની ભાવના વિકસાવવી ખુબ જરૂરી છે.

મતભેદોને મનભેદોમાં ન પરિણમીને શાંતિ અને એકતા જાળવીને રહેવું ખુબ જરૂરી છે કારણ કે, આખરે તો સૌનો નાશ નિશ્ચિત જ છે તો પછી દેશ દેશ વચ્ચેની લડાઈઓથી આપણે શું પામી રહ્યા છીએ ? કોઈનાં પર વેર રાખીને દુશ્મનાવટ કરીને કેટલે અંશે કોઈ સુખી રહી શકે છે ? આમાં અંતે તો માનવતાની હત્યા સિવાય કંઈ જ જડતું નથી. પરિવાર જ મુશ્કેલીઓમાં આપણી પડખે ઉભા રહે છે, આપણને સ્વીકૃતિ, ક્ષમા અને બિનશરતી પ્રેમનો સાચો અર્થ શીખવે છે. કુંટુંબ પરિવાર એ જીવનનો આધારસ્તંભ છે. સુખ હોય કે દુ:ખ, કુંટુંબના સભ્યો હંમેશા એકબીજાની સાથે ઊભા રહે છે. પરિવાર આપણને પ્રેમ, સુરક્ષા અને પોતાનાપણાની ભાવના આપે છે. નાના બાળકોથી માંડીને વડીલો સુધી, દરેક સભ્યનું એક આગવું સ્થાન અને મહત્વ





હોય છે. ઘરમાં હાસ્ય અને ખુશીઓનો માહોલ હોય ત્યારે જીવન જીવવાની મજા અનેરી બની જાય છે. તહેવારો અને પ્રસંગોમાં જ્યારે આખો પરિવાર એકસાથે ભેગો થાય છે, ત્યારે ખુશીઓ બેગણી થઈ જાય છે. પરિવાર સાથે સમય કે દિવસ વિતાવીને, સહિયારા અનુભવો દ્વારા કાયમી યાદો બને છે જે જીવનભર યાદ રહે છે, અને સંબંધોને ગાઢ બનાવે છે. આજે ઘરો નાના થઈ રહ્યા છે, પણ એકસરખા નથી જોવા મળતા. ૧૫૬ દેશોના ડેટાના વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે છેલ્લા ૫૦ વર્ષોમાં સરેરાશ ઘરનું કદ દર દાયકામાં લગભગ અડધા વ્યક્તિ જેટલું ઘટ્યું છે, છતાં વૈશ્વિક વસ્તીના ૮૩% હજુ પણ એવા દેશોમાં રહે છે જ્યાં ઘરનું સરેરાશ સભ્યપદ ૨.૩ થી ૫ સભ્યોની વચ્ચે છે, જે કદમાં એકરૂપતા દર્શાવે છે પરંતુ કુટુંબની રચનામાં સતત વિવિધતા જોવા મળી રહી છે. વૈશ્વિક સમુદાયના પરિવારોને જોડવા અને પરિવારોને લગતા આર્થિક, વસ્તી વિષયક અને સામાજિક પ્રક્રિયાઓ વિશેના પરિબળોને લગતા પ્રશ્નોની જાગૃતિ માટે યુએન જનરલ એસેમ્બલીની પહેલ રૂપે ૧૯૯૩ માં વિશ્વ કૌટુંબિક દિવસની ઉજવણી માટે સૌ પ્રથમ ઉજવણી થઈ હતી.

પરિવાર, જ્યાં મનને હલકું કરવા, મનને આરામ આપવા રજાની વાટ ન જોવી પડે ને એ છે, પરિવાર.પરિવાર એ સૃષ્ટિનો પાયો છે. પરિવાર વગર માણસની કલ્પના પણ અધૂરી છે. પરિવારનું મહત્વ, નવા સંકલ્પો, તેના પ્રત્યે જાગરૂકતા, અને પડકારોને રેખાંકિત કરવા માટે આ દિવસ મનાવવામાં આવે છે. જૂના યુગોની કે ધાર્મિક માન્યતાઓને આધારે પણ વાત કરીએ તો આજની જેમ પહેલા પણ પરિવારમાં વિખવાદ થતો હતો. રામાયણ અને મહાભારત બંનેમાં તેનાં ઉદાહરણો જોવા મળે છે, પરંતુ આધુનિક સમાજમાં પરિવારમાં વિખવાદને કારણે પરિવારનું તૂટવું સામાન્ય બની ગયું છે તો બે દેશોની તો વાત જ શુ કરવી ! શાંતિ અને સમજદારીથી રહેવાથી માણસ તણાવમુક્ત રહી શકે છે અને એ દ્વારા સુંદર સૃષ્ટિનું નિર્માણ કરી શકે છે. ઘણી પ્રાચીન સંસ્કૃતિઓ કૌટુંબિક એકતાને મહત્વ આપતી હતી. પ્રાચીન રોમનો ઘરગથ્થુ દેવતાઓ અને પૂર્વજોના સન્માન માટે "ફેમિલિયા" વિધિઓ રાખતા હતા.આ પરંપરાઓ કૌટુંબિક સંબંધોનું સન્માન કરવાના સાર્વત્રિક વિષયને પ્રતિબિંબિત કરે છે.

આપણી ભારતીય સંસ્કૃતિની ચાલી આવતી કુટુંબ વ્યવસ્થામાં પરિવારનાં તમામ પાત્રોનો દરેક વ્યકિતના જીવન વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. આજે વિભક્ત કુટુંબ પ્રથાને કારણે બાળકો આ મહામૂલા પ્રેમથી વંચિત રહેતા જીદી, ગુસ્સા વાળા અને ગમે તેની સામે બોલે જેવી વિવિધ સમસ્યા વાળા જોવા મળે છે. પૃથ્વી પર સૌથી નશીબદાર વ્યક્તિ એ છે, જેને દાદા-દાદી કે નાના-નાનીનો પ્રેમ મળ્યો છે. પહેલાના જમાનામાં ચાર-પાંચ ભાઈ-બેન હોવાથી વિશાળ પરિવાર એક છત નીચે રહીને આનંદથી જીવન જીવતાં હતા. ધીમે-ધીમે વિકાસના પગલે અને વિદેશી કલ્ચરનાં આંધણા અનુકરણને કારણે ભવ્ય કુટુંબો છૂટા પડતા મોતીની તૂટેલ માળાની જેમ વિખેરાય ગયા. એક સંશોધનમાં જાણવા મળ્યું છે કે જેને દાદા-દાદી કે નાના-નાનીનો પ્રેમ મળ્યો હતો એવા બાળકો સંસ્કારી અને સમજદાર વધુ જોવા મળ્યા હતા. વિશ્વભરમાં ભારતીય કુટુંબ વ્યવસ્થા શ્રેષ્ઠ છે. વર્ષોથી પરિવારમાં સંયુકત પરિવારમાં રહેનારી રહેનારી પ્રજા એક મેકનાં સથવારે ગમે તેવી મુશ્કેલીને પાર પાડે છે. કુટુંબના મોભીના નેતૃત્વ હેઠળ સમગ્ર પરિવારની સંસાર યાત્રા સુખરૂ પસાર થાય છે. નેશનલ ફેમીલી ડે નો હેતુ કુટુંબના મહત્વને ઓળખે અને તેની એકતામાં રહેલી શક્તિ અને રક્ષણ પૂરું પાડવાની વ્યવસ્થા વિશે પરિવારનો દરેક સદસ્ય જાણે તેવો છે. આપણે ત્યાં આવતા બારોટ આપણાં પરિવારનો આખો ઈતિહાસ જણાવતા હોય છે, અમુક પરિવારોની આબરૂ એવી બધી હોય કે તેની છાપ સમગ્ર પંથકમાં ફેલાયેલી હોવાથી લોકો તેને માન સન્માન આપતા હતા.

### કોઈ લૌટા દે, મેરે બિતે હુએ દિન પ્યારે પ્યારે પલ...

આજે બધાંના મોઢે આપણે સાંભળીએ છીએ કે પહેલા જેવી મઝા જીવનમાં નથી આવતી, વર્ષો પહેલા અમો નાના હતા ત્યારે બધા સાથે રહેતા ત્યારે કેવી મઝા આવતી. જીવનનાં તમામ પાઠો એક બીજા સાથે હળી મળીને રહેવાથી શિખવા મળી જતાં કયારેય કોઈ ચિંતા હતી જ નહીં ઘરનો મોભી કહે, તેમ કરતાં ને તેજ તમામ કામો વિના વિધ્ને પૂર્ણ પણ કરતાં જ. સંયુક્ત કુટુંબ પ્રથા આપણી સમાજ વ્યવસ્થાનું આભૂષણ હતું. વિદેશી કલ્ચરના આંધળા અનુકરણ અને શહેર તરફની દોડને કારણે પરિવાર તૂટતા જાય છે. તમારા સંતાનોને તમારા પૂર્વજોનાં ઈતિહાસ વિશે વાત કરવી અને પારિવારિક પરંપરા પણ જણાવવી.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**તમારા સંતાનોને તમારા પૂર્વજોનાં ઈતિહાસ વિશે વાત કરવી અને પારિવારિક પરંપરા પણ જણાવવી : પ્રેમ, હુંફ અને લાગણીસભર પરિવારના વાતાવરણની સમજ ભાવિ પેઢીને આપીને તેનામાં આ ગુણોનો વિકાસ કરવો: પરિવાર આપણને સંસ્કાર, મૂલ્યો અને જીવન જીવવાની રીત શીખવે છે**

# કણસાગરા કોલેજની આર્ટ બજારમાં વિદ્યાર્થીનીઓની સર્જન કલા ખીલી ઉઠી

## વિદ્યાર્થીનીઓએ તૈયાર કરેલ હેલ્ધી ફડ હબર્લકટેની ખરીદી માટે પડા પડી સૌએ આયોજનના પેટ ભરી કર્યા વખાણ

**અબતક, રાજકોટ**

રાજકોટની કે. એસ. એન. કણસાગરા મહિલા કોલેજના ઈનોવેશન ક્લબ દ્વારા ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ યોજાયેલ આર્ટ બજાર ૨૦૨૬ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો. સવારે ૧૦:૩૦ થી સાંજના ૪:૩૦ વાગ્યા સુધી ચાલેલા આ ઈવેન્ટને વિદ્યાર્થીનીઓ, ફેકલ્ટી સભ્યો અને મુલાકાતી મહિલાઓ તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો.



વિદ્યાર્થિનીઓએ પોતે તૈયાર કરેલા હેલ્ધી ફૂડ અને બેવરેજિસ, હર્બલ પર્સનલ કેર પ્રોડક્ટ્સ, હેન્ડમેડ જ્વેલરી, ડેકોરેટિવ આર્ટ, બ્રેઈન પઝલ્સ તથા વિવિધ ગિફ્ટ આર્ટિકલ્સનું પ્રદર્શન અને વેચાણ કર્યું. તેમની સર્જનાત્મકતા અને નવીનતાઓને સૌએ કણસાગરા કોલેજ પરિવારે બિરદાવી. આ આયોજને વિદ્યાર્થીનીઓની પ્રતિભા, સર્જનાત્મકતા અને ઉદ્યોગસાહસિકતાને અનોખું મંચ પૂરું પાડ્યું. આ પ્રકારનું આયોજન વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક અને પ્રાયોગિક અનુભવનું અનોખું સંમિશ્રણ બની રહ્યું છે.

આવી પ્રવૃત્તિઓ તેમને ઉદ્યોગસાહસિકતા, ટીમવર્ક અને ગ્રાહક વ્યવહારને સમજવામાં ખૂબ મદદરૂપ બને છે. કોલેજના પ્રિન્સીપાલ ડો. સ્નેહલ કોટકે ઈવેન્ટની સફળતા બદલ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે આ પ્રકાર ની પહેલ વિદ્યાર્થિનીઓમાં આત્મવિશ્વાસ, ઉદ્યોગસાહસિકતા અને પ્રાયોગિક શીખણ વિકસાવવા મદદરૂપ બને છે. ઈનોવેશન કલબના કો-ઓર્ડિનેટર ડો. તુલસી રાવલ અને સોશિયલ વર્ક વિભાગના વડા ડો. નેહા ચૌહાણે તમામ ફેકલ્ટી અને સ્ટૂડન્ટ્સને તેમના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો.

# બોલબાલા ફાઉન્ડેશન અને જયનાથ હોસ્પિટલ દ્વારા શુક્રવારે વિનામૂલ્યે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાશે

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી સેવાભાવી સંસ્થા બોલબાલા ફાઉન્ડેશન અને જયનાથ હોસ્પિટલ ના સંયોગથી ૨૦ ફેબ્રુઆરી શુક્રવારે જયનાથ હોસ્પિટલ ભકિતનગર સર્કલ ગીતામંદિર ની બાજુમાં સવારથી બપોર સુધી ફ્રી ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બોલબાલા ફાઉન્ડેશનના ફ્રી જનરલ ચેકઅપ કેમ્પમાં જનરલ ચેકઅપ, વજન, હાઈટ, બ્લડ સુગર, બીપી, ઓર્થોપેડિક, ગાયનેક વિભાગ, યુરોલોજી, ડેન્ટલ સહિતના રોગોની નિશુલ્ક તપાસ તેમજ રિપોર્ટ કરવાના હોય તો તે રાહત દરે કરી આપવામાં આવશે. આ સેવા યજ્ઞમાં બોલબાલા ફાઉન્ડેશનના ટ્રસ્ટી જયેશભાઈ ઉપાધ્યાય ,જયનાથ હોસ્પિટલના ભરતભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા વ્યવસ્થા પર દેખરેખ રાખવામાં આવી રહી છે આ કેમ્પમાં વધુમાં વધુ લોકો ને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૬-૦૨-૨૦૨૬ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાત ની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (થેપલા કેસડીયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૫૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૭-૦૨-૨૦૨૬ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા(પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા. ૧૭-૨ -૨૦૨૬ મંગળવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ અમાસ પંચક સવારે ૯.૦૬થી
**નક્ષત્ર** ધનિષ્ઠા
**યોગ** પરિધ **કરણ:** કિસ્તુઘ્ન
**સુર્યોદય** ૭.૧૮ **સુર્યાસ્ત:** ૬.૪૪
**ચંદ્ર રાશી** મકર સવારે ૯.૦૬થી કુંભ
**રાશિ અક્ષર** ખ.જ./ગ.શ.સ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

### ઉનાળાની શરૂઆતે પક્ષી સંવર્ધન અભિયાન

# રામરચિત ફાઉન્ડેશન અને હરિવંદના કોલેજ દ્વારા કુંડા-માળાનું વિનામૂલ્યે વિતરણ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગરમીની શરૂઆત સાથે જ અબોલ પક્ષીઓની સેવા અર્થે શ્રી રામરચિત ફાઉન્ડેશન ટ્રસ્ટ અને હરિવંદના કોલેજ દ્વારા સંયુક્ત રીતે 'પક્ષી સંવર્ધન અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત સમગ્ર ઉનાળા દરમિયાન પક્ષીઓ માટે આકર્ષક બાંધણીવાળા કુંડા, માળા, સિમેન્ટની નાની કુંડીઓ તથા ફિડરનું શહેરના વિવિધ વિસ્તારોમાં વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે.





આ સેવાકીય પ્રવૃત્તિનો પ્રારંભ શિવરાત્રીના પાવન પર્વે કરવામાં આવ્યો હતો. શહેરના કે.કે.વી. ચોક, કોટેચા ચોક અને કિશાનપરા ચોક ખાતે સાંજે ૫ વાગ્યે પ્રથમ તબક્કાનું વિતરણ યોજાયું હતું. આ ઉપરાંત, કાલાવડ રોડ પર એ.જી. ચોક નજીક ચમત્કારિક હનુમાનજી મંદિર ખાતે પણ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, મહામંત્રી લલિતભાઈ વાડોલિયા, યોગેન્દ્રસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટની જાહેર જનતાને પોતાના વિસ્તારમાં નિયત દિવસે સાંજે ૫ વાગ્યે ઉપસ્થિત રહી પક્ષીઓ માટે કુંડા-માળા લઈ જવા અને આ પુણ્યકાર્યમાં સહયોગી બનવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. વિતરણ કાર્યક્રમ ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થઈને ૧૧ એપ્રિલ સુધી શહેરના વિવિધ મુખ્ય ચોકો પર ચાલશે.

ટ્રસ્ટ દ્વારા માત્ર પક્ષીઓ જ નહીં, પરંતુ ગૌવંશની સેવા માટે પણ મોટું કાર્ય કરવામાં આવી રહ્યું છે. લોધિકા તાલુકાના બાલસર ગામે દાતા રણજીતસિંહ નટવરસિંહ જાડેજા દ્વારા અર્પણ કરવામાં આવેલી ૨ એકર જગ્યામાં ૨૪,૮૦૦ સ્કવેર ફૂટનું ભવ્ય ગૌશાળા અને આધુનિક ગૌ-હોસ્પિટલનું નિર્માણ થઈ રહ્યું છે. આ હોસ્પિટલમાં રઝળતા, બીમાર અને અકસ્માતગ્રસ્ત ગૌવંશ માટે વિનામૂલ્યે સારવાર, ઓપરેશન થિયેટર, હાઈડ્રોલિક એમ્બ્યુલન્સ અને ૨૪ કલાક હેલ્પલાઈન જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## સૂડોકુ -૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | | ૮ | | ૩ |
| | | ૮ | | | | ૧ | ૪ | |
| | | ૩ | | ૪ | ૫ | | ૯ | |
| | | | | ૨ | | | | |
| | | ૧ | | | ૩ | ૯ | | |
| ૫ | ૬ | | | | | | | |
| ૨ | | | | | | ૬ | ૩ | |
| | | | | ૭ | ૮ | | | |
| ૪ | | | ૬ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૬ | ૮ | ૩ | ૨ | ૪ | ૧ | ૫ |
| ૪ | ૫ | ૮ | ૬ | ૯ | ૧ | ૩ | ૨ | ૭ |
| ૧ | ૨ | ૩ | ૭ | ૫ | ૪ | ૯ | ૬ | ૮ |
| ૬ | ૯ | ૪ | ૩ | ૨ | ૮ | ૫ | ૭ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૧ | ૪ | ૭ | ૬ | ૯ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૪ |
| ૨ | ૬ | ૭ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૯ |
| ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૯ | ૨ | ૧ | ૬ | ૭ | ૪ | ૩ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૭.૨.૨૦૨૬, મંગળવાર, સંવંત ૨૦૮૨, મહા વદ અમાસ, ધનિષ્ઠા નક્ષત્ર, પરિઘ યોગ, નાગ કરણ આજે સવારે ૯.૦૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ,સ,શ) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** આવકમાં મધ્યમ રહે, આકસ્મિત લાભ થાય, ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.

**વૃષભ (બ,વ,ઉ) :** સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.

**સિંહ (મ,ટ) :** અંગત જીવનમાં સારું રહે, સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**કન્યા (પ,ઠ,ણ) :** જુના હઠીલા રોગથી સાવધાન રહેવું, વધુ પડતી ચિંતાઓ ટાળવી,પરેજી પાલવ સલાહ છે.

**તુલા (ર,ત) :** સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** નવા આયોજનો વિચારી શકો, તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદમાં પસાર થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.

**મકર (ખ,જ) :** આર્થિક બાબતોમાં મધ્યમ રહે,વાણી વર્તનમાં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.

**કુંભ (ગ,સ,શ) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

# દશનામ ગૌસ્વામી સમાજ આયોજીત શિવયાત્રામાં ધાર્મિક-સાંસ્કૃતિક ઝાંખીના દર્શન

## શિવ શોભાયાત્રામાં ૨૦ ઘોડા, બગીઓ, ૧૦૦૦ બાઈક અને ૩૦૦ કાર જોડાયા હજારો ભક્તો

### શિવ રથયાત્રાનું ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા સ્વાગત

મહાશિવરાત્રીના આ પાવન અવસરે દશનામ ગૌસ્વામી સમાજ, રાજકોટ દ્વારા ભવ્ય શિવ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ ભકિતભાવનું અનોખું દ્રશ્ય સર્જતી હતી.આ રથયાત્રાનું ધારાસભ્ય ઉદય કાનગડ જનસેવા કાર્યાલય પેડક રોડ ખાતે ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આકર્ષક સુશોભન અને નયનરમ્ય ફ્લોટસે સૌનું મન મોહી લીધું હતું. વિવિધ ઝાંખીઓમાં ભગવાન શિવજીના જીવન પ્રસંગો અને ધાર્મિક સંદેશોને કલાત્મક રીતે રજુ કરવામાં આવ્યા હતા.



તસ્વીરઃ અભિષેક આશીયાણી

**અબતક રાજકોટ**

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે દશનામ ગૌસ્વામી સમાજ અને શિવ રથયાત્રા સમિતિ દ્વારા સતત ૧૪મા વર્ષ શિવ રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ વખતે મુખ્ય રથમાં નેપાળ સ્થિત ભગવાન પશુપતિનાથ પ્રતિકરૂપ બે ફૂટ ઊંચું શિવલિંગ બિરાજમાન હતું, સાથે બાર જ્યોતિર્લિંગ પણ રજૂ કરવામાં આવ્યા.

યાત્રામાં અયોધ્યા શ્રી રામ મંદિર અને દ્વારકાધીશ મંદિરની ઝાંખી, પોરબંદરની તલવાર રાસ મંડળી, જયપુરથી આવેલી અઘોરી રાસ મંડળી, ખેરડી સ્થિત ગોપાલ ગૌશાળાની લોક રાસ મંડળી સહિત ૨૫૦ ખેલૈયાઓના રમઝટ સાથે દર્શનને વધુ સુંદર બનાવ્યું. આ શિવ રથયાત્રામાં ૨૦ ઘોડા, બગીઓ, ૧૦૦૦ બાઈક અને ૩૦૦ કાર જોડાયા હતા. વિવિધ સામાજિક સંસ્થાઓએ ધાર્મિક અને સાંસ્કૃતિક ઝાંખીઓનું પ્રદર્શન કરી જનતા માટે દિવ્ય દ્રશ્ય ઊભું કર્યું.

રુદ્રાભિષેક કરેલા રુદ્રાક્ષના પારાનું પ્રસાદ રૂપે વિતરણ પણ કરવામાં આવ્યું. આ યાત્રાનું મુખ્ય હેતુ સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર અને લોક જાગૃતિ કેળવવાનું હતું.

### દર વર્ષે અલગ જ્યોતિર્લિંગ સ્વરૂપે યાત્રાનો રથ તૈયાર કરવામાં આવે છેઃભાવેશગીરી ગોસ્વામી



અબતક સાથેની વાતચીતમાં ભાવેશ ગીરી ગોસ્વામીએ જણાવ્યું કે યાત્રામાં ચારથી પાંચ હજાર લોકો જોડાયા હતા. યાત્રા કોઠારીયા રોડ પર સુતા હનુમાનજી દાદાના મંદિર પાસેથી શરૂ થઈ અને શહેરના રાજમાર્ગો પર જઈને પ્રગટતા ભક્તિભાવો સાથે પૂર્ણ થઈ. દર વર્ષે અલગ જ્યોતિર્લિંગ રજૂ થાય છે, પરંતુ આ વર્ષે પશુપતિનાથ મહાદેવ અને આદિ યોગીનો મહારથ મુખ્ય આકર્ષણ બન્યું. હર હર મહાદેવના નાદ સાથે શિવયાત્રા સમગ્ર શહેરમાં શિવમય આનંદ પ્રસરી ગઈ.

# ઈશા યોગ કેન્દ્ર ખાતે ગંગા થીમ પર આધ્યાત્મિક-પર્યાવરણીય સંદેશ સાથે મહાશિવરાત્રીની ઉજવણી



## સદ્‌ગુરૂ સાથે રાજનાથ સિંહે મહાયોગ યજ્ઞ પ્રગટાવ્યો, ભવ્ય ભારત ભૂષણ એવોર્ડ એનાયત

**અબતક રાજકોટ**

ઈશા યોગ કેન્દ્રમાં મહાશિવરાત્રિની ભવ્ય ઉજવણીમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. તેમણે આદિયોગીની ઉપસ્થિતિમાં થયેલા આ રાતભર ચાલતા મહોત્સવને સંબોધિત કરતાં કહ્યું, ‘‘અહીં હું જે દિવ્યતાનો અનુભવ કરી રહ્યો છું તે સ્પષ્ટપણે દર્શાવે છે કે આ સ્થળ પર દેવોના દેવ મહાદેવની કૃપા છે.‘‘

મહાશિવરાત્રિનો કાર્યક્રમ સાંજે ૬ વાગ્યે શરૂ થઈને આગળના દિવસે સવારે ૬ વાગ્યા સુધી ચાલ્યો. આ ઉજવણીમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ તેમના પત્ની અમૃતા ફડણવીસ સાથે, કેન્દ્રીય રાજ્ય મંત્રી ડો. એલ. મુરુગન સહિત અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો, રમતવીરો, કલાકારો અને ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા.

રાજનાથ સિંહે તેમના સંબોધનમાં કહ્યું કે આજના તણાવ, ચિંતા અને અશાંતિના સમયમાં ભગવાન શિવનું મહત્વ વધુ ગહન બને છે. ‘‘શિવ એક જીવંત સંભાવના છે અરાજકતા વચ્ચે સંતુલન જાળવવાની, આંતરિક શાંતિ અને રૂપાંતરણની.‘‘ તેમણે સદ્ગુરુને શ્રેય આપ્યું કે તેમણે મહાશિવરાત્રિને

(અનું.આઠમાં પાને)

**કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અમૃતા ફડણવીસ ,ડો. એલ. મુરુગન , નંબી નારાયણ મહાનુભાવ ઉપસ્થિત રહ્યાં**



**‘અબતક’ના લાઈવ પ્રસારણમાં સેંકડો ભાવિકોએ લાભ લીધો**

## મહાશિવરાત્રિ માં રાજનાથ સિંહે ઈશા ખાતે આધ્યાત્મિક અનુભવને 'ખાસ અને દિવ્ય' ગણાવ્યો



### તમન્નાહ ભાટિયાઅને સારા અર્જુને એ ઈશા યોગ કેન્દ્રમાં યોજાયેલી મહાશિવરાત્રિ ઉજવણીમાં હાજરી આપી

બોલિવુડ અને દક્ષિણ ફિલ્મોની જાણીતી અભિનેત્રીઓ તમન્નાહ ભાટિયા અને સારા અર્જુને સદ્ગુરુના ઈશા યોગ કેન્દ્રમાં યોજાયેલી ભવ્ય મહાશિવરાત્રિ ઉજવણીમાં હાજરી આપી હતી. આ રાતભર ચાલેલા આધ્યાત્મિક મહોત્સવમાં તેઓ ભક્તો સાથે ભજનો પર નૃત્ય કરતાં જોવા મળ્યાં હતા

તમન્નાહ ભાટિયાએ આઈવરી સૂટમાં ભકિતમય અંદાજમાં ગ્રુપનું નેતૃત્વ કરતાં ઉર્જાવાન ભક્તિ ડાન્સ કર્યો, જ્યારે સારા અર્જુને પણ ભકિતમય વાતાવરણમાં આનંદ માણ્યો. આ ઉજવણીમાં નિધિ શેટ્ટી અને મૌની રોય જેવી અન્ય હસ્તીઓ પણ હાજર રહી હતી.

# ભક્તિ, જાગૃતિ અને શાંતિનો સંગમઃ બ્રહ્માકુમારી ત્રિદિવસીય મહાશિવરાત્રી મહોત્સવ

## અંબિકાનગરમાં પ્રથમવાર ભવ્ય બાર જ્યોતિર્લિંગ દર્શન, શિવ તાંડવ, ચિત્ર પ્રદર્શન અને વ્યસનમુક્તિ અભિયાન બન્યું આકર્ષણનું કેન્દ્ર

**અબતક રાજકોટ**

બ્રહ્માકુમારી દ્વારા મહાશિવરાત્રી પર્વ નિમિત્તે ત્રિદિવસીય ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. અંબિકા નગર વિસ્તારમાં પ્રથમવાર યોજાયેલા આ વિશાળ કાર્યક્રમને લઈ સ્થાનિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મહોત્સવ સ્થળે પ્રવેશતાં જ આધ્યાત્મિકતા અને ભક્તિભાવનો માહોલ અનુભવી શકાય છે. અહીં બાર જ્યોતિર્લિંગ તથા અમરનાથના પ્રતિકાત્મક દર્શન ગોઠવવામાં આવ્યા છે, જેને નિહાળવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી રહ્યા છે. સુંદર સજાવટ, શાંતિમય સંગીત અને દિવ્ય વાતાવરણ કાર્યક્રમને વિશેષ આભા આપે છે.





ત્રણ દિવસ દરમિયાન ધાર્મિક ચિત્ર પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને શિવ તાંડવની પ્રેરણાદાયી રજૂઆતો યોજાઈ રહી છે. ભકિતગીતો અને આધ્યાત્મિક સંદેશોથી પરિપૂર્ણ કાર્યક્રમોમાં દરેક વયના લોકો ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે.

મહોત્સવનો એક મહત્વનો ભાગ વ્યસનમુકિત અંગેની જનજાગૃતિ છે.

સંસ્થાના બહેનો અને ભાઈઓ દ્વારા સમાજમાં વધતા વ્યસનો અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. ધ્યાન અને રાજયોગ દ્વારા માનસિક તણાવ, ચિંતા અને હતાશામાંથી મુક્તિ મેળવવા માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

સંસ્થાનું માનવું છે કે આધ્યાત્મિક ચેતના જ માનવજીવનને સાચી દિશા આપે છે. આ મહોત્સવ દ્વારા સમાજમાં સકારાત્મકતા, સંયમ અને શાંતિનો સંદેશ પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

### હતાશામાંથી મુક્તિ મળી જીવન શાંતિમય બને એ જ અમારો મુખ્ય હેતુ : દક્ષાદીદી



અબ તક સાથેની વાતચીતમાં બ્રહ્માકુમારી દક્ષા દીદી એ જણાવ્યું હતું કે મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન છેલ્લા ૯૦ વર્ષથી કરવામાં આવે છે. આ વર્ષે અંબિકા નગર વિસ્તારમાં પ્રથમવાર ત્રિદિવસીય ભવ્ય આયોજન કરાયું છે જેથી આસપાસના વધુમાં વધુ લોકો લાભ લઈ શકે. ધ્યાન દ્વારા માનસિક તણાવ અને હતાશામાંથી મુક્તિ મળી જીવન શાંતિમય બને એ જ અમારો મુખ્ય હેતુ છે.ત્રિદિવસીય આ મહોત્સવ ભક્તિ, સંસ્કાર અને સામાજિક જાગૃતિનો અનોખો સંગમ બની રહ્યો છે.


# મહાશિવરાત્રીએ સ્વયંભૂ રામનાથ મહાદેવ મંદિરે ભક્તિ-માનવતાનો મહાસંગમ

**અબતક રાજકોટ**


મહાશિવરાત્રીના પાવન અવસરે રાજકોટનું અતિ પ્રાચીન રામનાથ મહાદેવ મંદિર ભક્તિ, શ્રદ્ધા અને માનવસેવાનો અનોખો સંગમ બની ગયું હતું. એક તરફ મહાદેવને ફૂલો અને દીપોથી અદભુત શણગાર કરવામાં આવ્યો હતો તો બીજી તરફ થેલેસેમિયા પીડિત બાળકો માટે ૧૬મા વિશાળ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

બપોરે ૪ વાગ્યાથી શરૂ થયેલો રક્તદાન કેમ્પ રાત્રે ૨ વાગ્યા સુધી ચાલ્યો હતો. આશરે ૬૫૦ જેટલા ભક્તોએ સ્વેચ્છાએ રક્તદાન કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. મહાદેવના દર્શન સાથે જીવનદાયી દાન આપવા માટે ભક્તો ભારે ઉત્સાહ સાથે જોડાયા હતા.દિવસભર મંદિરમાં ભક્તોના ધોડાપુર જોવા મળ્યા હતા. વિશેષ રુદ્રાભિષેક, મહાઆરતી અને ભજનના કાર્યક્રમો યોજાતા સમગ્ર પરિસર ભક્તિમય બની ગયું હતું.રાજકોટ શહેરનું આ પ્રાચીન રામનાથ મહાદેવ મંદિર વર્ષોથી ભક્તોની અડગ આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. કહેવાય છે કે આ ધામ અનેક દાયકાઓથી શહેરના ધાર્મિક અને સામાજિક જીવનનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. અહીં ભક્તો મનની શાંતિ અને મનોકામના પૂર્ણ થવાની આશાએ દર્શનાર્થે આવે છે.મહાશિવરાત્રી, શ્રાવણ માસ અને સોમવારના વિશેષ દિવસોએ અહીં વિશાળ મેળાવડા જેવા દર્શન દ્રશ્યો સર્જાય છે. મંદિર માત્ર પૂજા-અર્ચનાનું સ્થાન નથી, પરંતુ સેવા અને સમાજકલ્યાણના કાર્યો માટે પણ જાણીતું રહ્યું છે. અમીતભાઈ રાઠોડે જણાવ્યું હતું કે રક્તદાન કેમ્પ, અન્નદાન અને અન્ય લોકહિત કાર્યો દ્વારા મંદિર ટ્રસ્ટ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી રહ્યું છીએ.





તસ્વીરઃ ધ્રુવ જેઠવા



## ભક્તોના ધોડાપુર, અદભુત શણગાર સાથે થેલેસેમિયા પીડિત બાળકો માટે ૫૩૮ બોટલ રક્ત થયું એકત્રિત

### સમાજના સહયોગથી સેવા યજ્ઞ સતત આગળ વધી રહ્યો છેઃઆયોજક જયભાઈ રાઠોડ



થેલેસેમિયા પીડિત બાળકો માટે આ ૧૬મો રક્તદાન કેમ્પ છે. વર્ષમાં બે વખત કેમ્પ યોજીએ છીએ એક મહાશિવરાત્રીના દિવસે અને બીજો શ્રાવણ મહિનાના સોમવારે. દાદાના સાનિધ્યમાં ભક્તો સ્વેચ્છાએ રક્તદાન કરે છે. સમાજના સહયોગથી આ સેવા યજ્ઞ સતત આગળ વધી રહ્યો છે.મહાશિવરાત્રીના પાવન દિવસે રામનાથ મહાદેવ મંદિરે ભક્તિ સાથે માનવતાનો સંદેશ આપતા શહેર માટે ગૌરવપૂર્ણ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### હર હર મહાદેવ, જય જય ગિરનારીના ગગનભેદી નાદ સાથે

# શાહી રવેડી અને સાધુ સંતોના મૃગીકુંડમાં દિવ્ય સ્નાન સાથે મહાશિવરાત્રીના મેળાનું સમાપન

## રવેડીમાં સાધુઓના અવનવા કરતબ પાંચ દિવસમાં ૨૫ લાખ ભાવિકોએ મીનિ કુંભમાં બાંધ્યું પુણ્ય ભાથુ





### ગિરનાર તળેટીમાં ભવનાથ મહાદેવનો મેળો, મિનિ કુંભ સમો આધ્યાત્મિક મહાસંગમભવનાથ મંદિરના પૂજારી

જુનાગઢ સ્થિત ભવનાથ મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી નિમિત્તે યોજાતા પરંપરાગત મેળામાં આ વર્ષે પણ ભક્તોની ભારે ભીડ ઉમટી પડી છે. ભવનાથ મંદિરના પૂજારીએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ગિરનારની ગોદમાં યોજાતો આ મેળો મિની કુંભ તરીકે ઓળખાય છે અને દેશભરમાંથી સાધુ-સંતો અહીં પધારે છે. આ વર્ષે પણ મોટી સંખ્યામાં નાગા સંન્યાસીઓ અને સંતો મેળામાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મહાશિવરાત્રીની મધ્યરાત્રિએ નીકળતી સાધુઓની ભવ્ય રવેડી મેળાનું મુખ્ય અંગ માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા મુજબ આ રવેડીમાં સ્વયં ભગવાન શિવ નાગા સાધુના રૂપમાં જોડાય છે તેવી શ્રદ્ધા ભક્તોમાં છે.રવેડી પૂર્ણ થયા બાદ નાગા સાધુઓ પવિત્ર મૃગી કુંડમાં શાહી સ્નાન કરે છે. લોકવાયકા મુજબ કુંડમાં સ્નાન માટે ઉતરેલા કેટલાક સાધુઓ પરમાત્મામાં વિલીન થઈ જાય છે તેવી કથા પ્રચલિત છે.





### આસ્થાના મહાકુંભરૂપ મહાશિવરાત્રીના મેળાનો લ્હાો લઈને ધન્યતા અનુભવતા મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાશિવરાત્રીના પાવન પર્વે ગરવા ગિરનારની ગોદમાં અને ભવનાથ તળેટીમાં બિરાજતા સ્વયંભૂ ભવનાથ મહાદેવના શ્રદ્ધાભાવ સાથે દર્શન અને પૂજા અર્ચના કરી હતી. શ્રદ્ધાપૂર્વક ભવનાથ મહાદેવના દર્શન - પૂજામાં જોડાયા હતાં. મુખ્યમંત્રી એ મહાશિવરાત્રીના પાવન અવસરે જૂનાગઢમાં પરંપરાગત રીતે યોજાતા પાંચ દિવસીય મહાશિવરાત્રી મેળાના અંતિમ દિવસે ભવનાથ મંદિર પરિસરમાં સાધુ સંતોના આશીર્વાદ મેળવી તેમને ખેસ અર્પણ કરીને વિશેષ સન્માન સાથે અભિવાદન કર્યું હતું. સંત સમાગમ માટે પ્રસિદ્ધ આ મહાશિવરાત્રીના મેળામાં મુખ્યમંત્રીશ્રીએ સાધુ સંતો સાથે મેળાપ કરીને આધ્યાત્મિક ચેતનાની પણ અનુભૂતિ કરી હતી. ભૂપેન્દ્ર પટેલે ભવનાથ મંદિરમાં આવેલા અખંડ ધુણાના પણ દર્શન કર્યા હતા ત્યારબાદ મૃગીકુંડ ખાતે શ્રદ્ધાપૂર્વક નમન કર્યા હતા. મુખ્યમંત્રી એ આસ્થાના મહાકુંભરૂપ મહાશિવરાત્રીના મેળામાં ભવનાથ મંદિર પરિસરના સત્સંગ હોલ ખાતે મુક્તાનંદ બાપુ, શેરનાથ બાપુ, હરિહરાનંદ બાપુ, મહેશગીરીબાપુ, મહેન્દ્રાનંદગીરીબાપુ, સંપૂર્ણાનંદજી બાપુ, રાજેન્દ્રદાસ બાપુ, ભારદ્વાજગીરી બાપુ, બુદ્ધગીરી બાપુ, સોમનાથજી બાપુ સહિતના સાધુ સંતો સાથે મુલાકાત કરીને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. સાથે જ ખેસ અને ફુલહાર પહેરાવી અભિવાદન કર્યું હતું. આ તકે જિલ્લાના પદાધિકારી - અધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં.

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

હર હર મહાદેવ, જય જય ગિરનારી ના ગગનભેદી નાદ, હજારો સંતો, મહંતો ની શાહી રવાડી, નાગા સાધુઓના અંગ કરતૂત, ઢોલ, નગારા, બેન્ડ ની સુરાવલીઓ અને બાદમાં સંતો, મહંતોના શાહી સ્નાન અને ભવનાથ મહાદેવના મહાઆરતી સાથે ભવનાથનો મહાશિવરાત્રિ મેળો ગત મધ રાતે પૂર્ણ થયો છે. ગઈકાલે પાવન પવિત્ર મહાશિવરાત્રીનો પાવન પવિત્ર દિવસઅને ભવનાથના શિવરાત્રી મેળાનો અંતિમ દિવસ હોવાથી વહેલી સવારથી જ ભાવિક, ભક્તજનો લાખોની સંખ્યામાં જગવિખ્યાત ભવનાથના મેળાને માણવા પહોંચતા સવારથી જ ભગવાન ભવનાથ મંદિરે દર્શન માટે ભાવિકોની કતાર અવિરત રહી હતી. જેના કારણે ભવનાથ ક્ષેત્ર ભાવિકોથી ઉભરાયું હતું, હૈયે હૈયું દળાય તેટલા ભાવિકો ભવનાથ ક્ષેત્રમાં પહોંચતા યાત્રિકોની સુવિધા માટે તંત્ર દ્વારા બપોરથી જ પરવાનગી સહિતના તમામ વાહનો માટે ભવનાથમાં પ્રવેશ બંધી કરી દેવામાં આવી હતી.

દરમિયાન રાત્રિના ૯ કલાકે શિવરાત્રીની રાત્રીએ ભવનાથ ક્ષેત્રમાં યોજાતી શાહી રવાડીની તૈયારીઓ આરંભાઈ હતી, ભવનાથ ક્ષેત્રમાં આવેલ અહિં અખાડા, આહવાન અખાડા, જૂના અખાડા, કિન્નર અખાડા સહિતના વિવિધ અખાડાના હજારો સંતો, મહંતોની એક શાહી રવાડી ભવનાથ ક્ષેત્રમાં યોજાઈ હતી, જેમાં માતા ગાયત્રી, ભગવાન દત્તાત્રેય અને ભગવાન ગણેશજીની પાલખી અને અખાડાના ધ્વજા પ્રમુખ હતી, આ સાથે હજારોની સંખ્યા ભારત વર્ષમાંથી મેળામાં પધારેલા નાગા સાધુઓ દ્વારા લાઠી દાવ, ભાલા દાવ, તલવાર બાજી તથા વિવિધ અંગ કરતૂતો દર્શનીય હતો.

આ વખતે ભાવિકો શાહી રવાડીના સારી રીતે દર્શન કરી શકે તે માટે તંત્ર દ્વારા ૫૦૦ મીટર નો રૂટ વધારતા આ ભવ્ય અને દિવ્ય રવાડી ભવનાથ ક્ષેત્રમાં બે કિમી. જેટલા રૂટ પર પ્રસાર થતા, સમગ્ર ભવનાથ ક્ષેત્ર જય જય ભોલેનાથ, હર હર મહાદેવ, જય જય ગિરનારી સાથે ગુંજી ઊઠયું હતું. સમગ્ર રૂટ ઉપર ભગવાનની પાલખી અને સાધુ સંતો ઉપર પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. અને શાહી રવાડીના મન ભરી દર્શન કરવા બપોરના ૪ વાગ્યાથી ફૂટની બંને સાઈડ ઉપર બેસી રહેલા ભાવિકો આ શાહી રવાડી તથા સાધુ-સંતોના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા હતા.

સમગ્ર ભવનાથ ક્ષેત્રમાં બેન્ડ વાજા, ઢોલ નગારા અને સંતોના રથ, ધર્મની ધજાઓ, સેંકડોની સંખ્યામાં હર હર મહાદેવ, જય જય ગિરનારના નાદ સાથે જ નીકળેલી શાહી રવાડી રાત્રિના ૧૨ વાગ્યે ભવનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચી હતી, અને શાહી રવેડીમાં ઉપસ્થિત સંતો, મહંતો એ ભવનાથ મંદિરમાં આવેલ મૃગીકુંડમાં શાહી સ્નાન કર્યું હતું. બાદમાં ભવનાથ દાદાની મહા આરતી યોજાઈ હતી અને આ સાથે ભવનાથનો શિવરાત્રી મેળો સંપન્ન થયો હતો અત્રે નોંધનીય છેકે, જગવિખ્યાત ભગવાન ભોળાનાથની મહાશિવરાત્રી પર્વને અનુલક્ષીને જુનાગઢના ગિરનારના ખોળે વસેલા ભવનાથ ક્ષેત્રમાં બિરાજતા ભગવાન ભવનાથ મંદિરના શિખર પર દર વર્ષે મહા વદ નોમના દિવસે ધ્વજાજીના રોપણ સાથે મહાશિવરાત્રી મેળાનો પ્રારંભ થાય છે. પાંચ દિવસ ચાલનારા આ મેળો ભજન, ભક્તિ અને ભોજન માટે ખૂબ પ્રચલિત છે અહીં ૩૫૦ થી વધુ અનશેત્રો દ્વારા પ્રેમથી આવકારી 'હરિહર''ના નાદ સાથે અહીં આવતા લાખો ભાવિકોને ભોજન પ્રસાદનો લાભ આપવામાં આવે છે. આ સાથે પાંચ દિવસ દરમિયાન જ્યાં જુઓ ત્યાં ભજન પ્રિય લોકો માટે ભજનની છોળો ઉડતી હોપ છે, જ્યાં ભાવિકો ભજનની મોજ માણે છે. તો સમગ્ર ભારત વર્ષમાંથી આવતા જુદા જુદા અખાડાના સાધુ સંતો અહીં ભોળાનાથના જપ, તપ કરી અહીં આવતા ભાવિકોને સુખ, સમૃદ્ધિના આશીર્વાદ આપે છે.









# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના ચરણોમાં મુખ્યમંત્રીએ આરાધના સાથે કરી કલ્યાણની પ્રાર્થના

## મહાશિવરાત્રી નિમિત્તે વહેલી સવારથી જ દર્શનાર્થે લાંબી કતારો; ''હર હર મહાદેવ''ના જયઘોષથી ગુંજ્યું પ્રથમ જ્યોતિર્લિંગ


### સાંસ્કૃતિક કાર્યક્રમો-શિવભજન થકી શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક થયો ઉર્જાનો અનુભવ

'સોમનાથ મહાદેવ ભોળિયા.....' ભજન થકી પોતાની ખુશી વ્યક્ત કરતા ગાયક કલાકાર ઋષભ આહિરે જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત મહાશિવરાત્રીના આયોજન થકી શ્રદ્ધાળુઓને આધ્યાત્મિક ઉર્જાનો લાભ મળ્યો છે.તેમણે ઉમેર્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ' થકી દરેક શિવભક્તની ઉર્જા ત્રણગણી થાય એવું સુંદર મજાનું આયોજન કરવામાં આવ્યું છે.



### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પેન્સિલ સ્કેચ અર્પણ કરતી ગીર સોમનાથની બાળા

પ્રથમ જ્યોતિર્લિંગના આંગણે મહાશિવરાત્રી નિમિત્તે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' અન્વયે ઉજવાઈ રહેલા સાંસ્કૃતિક કાર્યક્રમના બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હાજરી આપી પરત ફરી રહ્યા હતા ત્યારે સોમનાથની બાળાએ તેમને 'પેન્સિલ સ્કેચ' અર્પણ કર્યો હતો. જેને મુખ્યમંત્રીએ સહર્ષ સ્વીકાર્યો હતો.



**અબતક અતુલ કોટેચા**
**જયેશ પરમાર સોમનાથ**

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચી શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યું હતું.

મંદિરના પંડિતો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે મુખ્યમંત્રીશ્રીનું મંદિર પ્રાંગણમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ દેવાધિદેવ મહાદેવ સમક્ષ ગંગાજળથી જળાભિષેક કરી રાજ્ય અને દેશના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. મંત્રોચ્ચારના મધુર ગુંજારવ વચ્ચે સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું. મંદિર પરિસરમાં સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કર્યું હતું. આ અવસરે વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા પ્રમુખ પલ્લવીબહેન જાની, કલેક્ટર એન.વી. ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા જયદિપસિંહ જાડેજા, ટ્રસ્ટી જે.ડી. પરમાર, સચિવ યોગેન્દ્ર દેસાઈ, મહાપ્રબંધક વિજયસિંહ ચાવડા સહિત જિલ્લા તથા સોમનાથ ટ્રસ્ટના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાશિવરાત્રી પર્વના પ્રથમ દિવસે સોમનાથ પધારેલા સુપ્રસિદ્ધ ગાયક કૈલાશ ખેરએ પોતાના ભક્તિમય સ્વરોથી શ્રદ્ધાળુઓને શિવમય બનાવી દીધા હતા. તેમણે સોમનાથ દર્શનનો અવિસ્મરણીય અનુભવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગુજરાત આધ્યાત્મિક વિસ્મયોથી સમૃદ્ધ ધરતી છે.

કૈલાશ ખેરે જણાવ્યું હતું કે ગુજરાતમાં મહેલ-કિલ્લાઓ જેટલાં જ ધર્માલય અને દેવાલયોની અવિસ્મરણીય પરંપરા છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ સહિત ગુજરાતના મંદિરો સમગ્ર વિશ્વને આધ્યાત્મિક ચેતનાનો સંદેશ આપે છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં રાજ્ય સરકાર દ્વારા સનાતન સંસ્કૃતિના પ્રસાર માટે થઈ રહેલા પ્રયત્નોની પ્રશંસા કરી અને આભાર વ્યક્ત કર્યો હતો.

મહાશિવરાત્રીના પાવન પ્રસંગે સોમનાથ ધામમાં ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. વહેલી પ્રભાતથી જ ભક્તોનો સાગર ઉમટ્યો હતો. દેશના વિવિધ રાજ્યોમાંથી તેમજ વિદેશથી આવેલા શ્રદ્ધાળુઓએ લાંબી કતારોમાં ઉભા રહી ''હર હર મહાદેવ''ના ગુંજતા નાદ સાથે દર્શનનો લાભ લીધો હતો. મંદિર પરિસરમાં અભિષેક, રુદ્રપાઠ, ભજન-કીર્તન અને આરતીના કાર્યક્રમો સતત ચાલી રહ્યા હતા. સમગ્ર પ્રભાસ પાટણ વિસ્તાર શિવભક્તિના રંગે રંગાઈ ગયો હતો અને ભક્તોના ઉમંગે સોમનાથ ધામ જીવંત બની ઉઠ્યું હતું.

## રાજકોટના લોટરી બજારનો બનાવ

# ફૂટના વેપારીને બેફામ માર મારી હત્યાની કોશિશ કરનાર હિસ્ટ્રીશીટર ઈભલો ઝડપાયો

### મફતમાં ફૂટ અને રૂ. ૧૫ હજાર માંગી કુખ્યાત શખ્સોની ટોળકીએ ધોકા-પાઈપ, છરી વડે હુમલો કર્યો'તો

### એ ડિવિઝન પોલિસે ૫૧ ગુનામાં સંડોવાયેલ અને સાત વાર પાસા કાપી ચૂકેલા ઈભલાને દબોચ્યો : વધુ બેની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના લોટરી બજાર ખાતે ફૂટના વેપારી પાસેથી પૈસા માંગી દાદાગીરી કરનાર કુખ્યાત ઈભલા આણી ટોળકીએ વેપારીને બેફામ માર મારી છરીનો ઘા ઝીંકી હત્યાની કોશિશ કરનાર કુખ્યાત ઈભલાને ઝડપી લેવામાં આવ્યો છે. જયારે બે શખ્સોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો બજરંગવાડી શેરી નં.-૭ માં રહેતા અને લોટરી બજારમાં એમ.કે.એસ. નામે ફૂટની દુકાન ધરાવતા ૩૫ વર્ષીય ફૂટના વેપારી શબીરભાઈ રફીકભાઈ શેખએ આરોપી તરીકે કુખ્યાત ઈબ્રાહીમ ઉર્ફે ઈભલો, ફિરોઝ ઉર્ફે ફિરીયો અને તૌસીફનું નામ આપતાં જણાવ્યું હતું કે, મોરબી રોડ ખાતે રહેતો ઈભલો ખાટકી તથા તેનો ભાઈ ફિરીયો ઉર્ફે ફિરોજ અને તૌસિફ અવાર નવાર મારી દુકાનેથી ફૂટ લઈ જતો હોય પણ પૈસા આપતો ન હતો. ગઈ તા. ૧૩/૦૨/૨૦૨૬ ના રાત્રિના આશરે નવેક વાગ્યે હું તથા મારો કર્મચારી રાહુલ મારી દુકાને હાજર હતા. દરમિયાન ઈભલો તથા તોસિફ મારી દુકાને આવેલ અને ઈભલાએ મને કહેલ કે, પંદર હજાર રૂપીયા કયારે આપવાના છે? તો મે હાલ મારી પાસે રૂપિયા નથી તેવુ કહેતા ઈભલાએ ઉશ્કેરાઈ જઈ રૂપિયા આપી દે નહીતર તને મારવો પડશે કહી ગાળો આપી તને બોવ પાવર આવી ગયો લાગે છે, આજે તારો બધો પાવર ઉતારી દવ તુ અહીયા જ રહેજે, આજે તને જાનથી મારી નાખવાનો છે તેવી ધમકી આપી બંને ચાલ્યા ગયેલ હતા.

થોડીવાર બાદ ઈભલો લાકડાનો ધોકો, તૌસીફ લોખંડનો પાઈપ લઈ અને ફિરીયો એમ ત્રણેય ધસી આવેલ હતા. બાદ ફિરીયાએ મારા વાળ પકડી મને દુકાન બહાર કાઢી પકડી રાખેલ હતો. જયારે ઈભલા અને તૌસીફે આડેધડ માર માર્યો હતો. દરમિયાન મારો કર્મચારી રાહુલ મને છોડાવવા વચ્ચે પડતા તેને પણ માર માર્યો હતો. બાદ ઈભલાએ આજે તને જીવતો રેવા દેવાનો નથી થતો તેમ કહી પોતાની કમરના ભાગે રાખેલ છરી કાઢી છરીના હાથાનો ભાગ મારા માથામા મારી દીધેલ હતો. બાદ છરી મારા ગળાના ભાગે મારવા જતા મે હાથ વચ્ચે લાવી દેતા છરી મને ડાબી આંખના નેણથી ઉપર કપાળના ભાગે વાગી જતા હું લોહી લુહાણ થઈ ગયેલ હતા. જે બાદ ત્રણેય નાસી ગયેલ હતા. બીજી બાજુ વેપારીને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયા વેપારીને નાકના ભાગે ફ્રેક્ચર તેમજ માથામાં હેમરેજ સહીતની ઈજાઓ થયાનું તબીબે જાહેર કર્યું હતી. બનાવને પગલે એ ડિવિઝન પોલિસે હત્યાની કોશિશ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન એ ડિવિઝન પોલિસ મથકના પીઆઈ બી વી બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ એમ રાણાની ટીમના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચાવડા, કલ્પેશભાઈ બોરીચા અને કનુભાઈ બસિયાએ બાતમીના આધારે ગંભીર પ્રકારના ૫૧ ગુનામાં સંડોવાયેલ અને સાત વાર પાસા કાપી ચૂકેલ કુખ્યાત ઈબ્રાહિમ ઉફે ઈભલો કરીમભાઈ કાથરોટીયા(ઉવ ૪૨ રહે. જૂનો મોરબી રોડ, ગણેશનગર શેરી નં.-૧૦, રાજકોટ)ની ધરપકડ કરી હતી. જયારે તેનો ભાઈ ફિરોઝ ઉર્ફે ફિરીયો કાથરોટીયા અને તૌસીફની શોધખોળ શરૂ કરી હતી.

# ગૌરીદડમાં સાળા પર બનેવી અને બે ભાણેજ તલવાર-પાઈપ વડે તૂટી પડ્યા

### ગાડીમાં થયેલી નુકસાનીના ખર્ચના રૂ.૫૫ હજાર લઈ જવાનું કહી મોરબી રહેતા યુવકને બોલાવી હુમલો કરાયો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

મોરબીમાં રહેતા યુવાન પર ગૌરીદડ ગામે રહેતા બનેવી અને બે ભાણેજ મળી તલવાર અને પાઈપ વડે હુમલો કર્યો હતો. જેમાં યુવાનને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. યુવાન બનેવી પાસેથી રૂ.૫૫ હજાર માંગતો હોય દરમિયાન બનેવીએ જ સામેથી ફોન કરી શીવરાત્રી કરવા અને પૈસા લઈ જવા માટે બોલાવ્યો હતો. બાદમાં પૈસાની માંગણી કરતા યુવાન પર હમલો કરી દીધો હતો. મોરબીમાં શ્રમશ્રધ્ધા હોટેલની સામે ઝુપડામાં રહેતા હસમુખ વલ્લભભાઈ ઉધરેજીયા(ઉ.વ.૩૫) દ્વારા કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોતાના ભાણેજ વિક્રમ રાણાભાઈ કલાડીયા, હેમંત રાણાભાઈ કલાડીયા અને બનેવી રાણા હકુભાઈ કલાડીયાના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે,તે મજુરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે સવારે દસેક વાગ્યે યુવાન મોરબી તેના ઘરે હતો ત્યારે યુવાનને તેના મોટા બનેવી રાણાભાઈ કલાડીયા(રહે. આઈઓસી પ્લાન્ટની પાછળ ગૌરીદડ) નો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, તું અને તારી પત્ની બંને અહીં શીવરાત્રી કરવા આવો અને તમારે રૂપિયા લેવાના બાકી હોય તે લઈ જાવ. જેથી યુવાન તથા તેના પત્ની રૂપા બંને ગૌરીદડ બનેવીના ઘરે પહોંચ્યા હતાં. યુવાનને ગાડીની નુકશાનીના રૂ.૫૫ હજાર બનેવી રાણાભાઈ પાસેથી લેવાના હોય જેથી તેણે આ પૈસાની માંગણી કરતા બનેવી રાણાભાઈએ ચોખ્ખી ના કહી દીધી હતી.

બાદમાં યુવાનને બનેવી રાણાએ ગાળો આપી હતી ત્યારબાદ યુવાનનો ભાણેજ વિક્રમ પણ અહીં હાજર હોય તે પણ એકદમ ઉશ્કેરાયો હતો અને તલવાર લઈ આવી યુવાનના કાંડના ભાગે એક ઘા મારી દીધો હતો. દરમિયાન બીજો ભાણેજ હિંમત પણ આવ્યો હતો અને તેણે પાઈપ ફટકારી દીધો હતો. દરમિયાન બનેવી રાણાભાઈએ યુવાનને વાસામાં તલવારનો ઘા ઝીંકી દીધો હતો. આ હુમલામાં યુવાનને માથાનાભાગે અને હાથના કાંડનાભાગે તથા વાસામાં ઈજા પહોંચી હતી દરમિયાન પરિવારના અન્ય સભ્યો દોડી આવતા યુવાનને વધુ મારમાથી બચાવ્યો હતો બાદમાં તેને સારવાર માટે ૧૦૮ મારફત સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી કુવાડવા પોલીસે પિતા- પુત્રો સહિત ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ધો.૧૦ની વિદ્યાર્થિની શાળાએ ગયા બાદ પરત જ નહિ આવતા અપહરણનો ગુનો

### ૧૫ વર્ષની સગીરા શાળાથી બહાર જતી સીસીટીવી ફૂટેજમાં દેખાઈ: શોધખોળ

**અબતક, રાજકોટ**

નાનામવ સર્કલ પાસે રહેતા પરિવારની ધો.૧૦ માં અભ્યાસ કરતી ૧૫ વર્ષની દીકરી શાળાએ ગયા બાદ ઘરે પરત ન ફરતા પિતાએ શાળામાં તપાસ કરતા સીસીટીવી ફૂટેજમાં સગીરા શાળામાંથી બહાર જતી જોવા મળી હતી. બાદમાં આ અંગે પિતાએ ફરિયાદ નોંધાવતા માલવિયાનગર પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

નાનામવા સર્કલ પાસે રહેતા યુવકે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં પોતાની ૧૫ વર્ષની દીકરી ગુમ થયાની ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે, યુવક ગત તા.૧૪ના રોજ બપોરે કામથી વાવડી ગયા હોય ત્યારે તેની પત્નીનો ફોન આવ્યો હતો કે, દીકરી હજુ સુધી ઘરે આવી નથી. આથી યુવક ઘરે આવી તેની બહેનને ફોન મારફત બનાવ જણાવ્યો હતો.બાદમાં યુવક અને તેની બહેન દીકરીની શાળાએ જઈ દીકરી ઘરે સમયસર આવી નથી આવું જણાવતા શિક્ષકે કહ્યું કે, શાળાના બધા બાળકો છૂટી ગયા હતા અને તેની સાથે સગીરા પણ ઘરે જવા નીકળી ગઈ હતી.શાળાના સીસીટીવી ફૂટેજ ચેક કરતા સગીરા શાળામાંથી બપોરે ૧૨:૪૧ વાગ્યે બહાર જતી જોવા મળી હતી. ચિંતાતુર પિતાએ આસપાસના વિસ્તારો,સગા સંબંધીના ઘરે પણ તપાસ કરતા ત્યાંથી પણ કોઈ ભાળ ન મળતા આખરે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા તપાસ હાથ ધરી છે.

# કારખાનેદાર પાસેથી લીધેલી ઉપાડની રકમ ચૂકવવા આપેલો ચેક રિટર્ન થતા કામદારને ૧ વર્ષની જેલ

### ચેકની રકમ રૂ.૭.૫૦ લાખ કારખાના માલિકને ન ચૂકવે તો વધુ છ માસની સજાનો કેદનો હુકમ

**અબતક, રાજકોટ**

શહેરમાં આવેલા સી.એન.સી ફેબ્રિકેશનના કારખાનામાં ઉપાડ કરેલ રકમ ચૂકવવા આપેલ રૂપિયા ૭.૫૦ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપી પ્રવીણ પિત્રોડાને ૧ વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ ફરિયાદીને ન ચૂકવે તો વધુ ૬ માસની સાદી કેદની સજાનો આખરી હુકમ ફરમાવ્યો છે.



એડવોકેટ હર્ષિલ પી. શાહ

આ કેસની હકીકત મુજબ, શહેરના રામેશ્વર સોસાયટી શેરી નં. ૨માં રહેતા મૃણાલ ગિરીશભાઈ ભટ્ટના સી.એન.સી ફેબ્રિકેશનના કારખાનામાં વર્ષોથી કામ કરતા અને અટીકા વિસ્તારમાં રહેતા પ્રવીણભાઈ કાનજીભાઈ પિત્રોડાએ કંપનીમાંથી ઉપાડ કરેલો હતો. આ રકમ ચૂકવવા આપેલો રૂ. ૭.૫૦ લાખનો ચેક રિટર્ન થતાં

મૃણાલ ભટ્ટે તેમના વકીલ મારફત આરોપીને લીગલ નોટિસ ફટકારીયા બાદ કાયદાની જોગવાઈ મુજબ કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એક્ટની કલમ-૧૩૮ અંતર્ગત કેસ દાખલ કર્યો હતો. આ કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા તથા ચેક મુજબની રકમ ૧ મહિના ફરિયાદીને ચૂકવી આપવી અન્યથા વધુ ૬ માસની સાદી કેદની સજા કરવાનો આખરી હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં ફરિયાદી વતી પી. એમ. શાહ લો ફર્મના એડ્વોકેટ પિયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિવિદભાઈ પારેખ, નિતેષભાઈ કથીરીયા, જીતેન્દ્રભાઈ ધૂળકોટીયા, વિજયભાઈ પટગીર, હર્ષિલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, રાજેન્દ્રભાઈ જોષી, રવિરાજ વાળા, આસિસ્ટન્ટ વિપુલભાઈ દેવમુરારી રોકાયા હતા.

# પરાપીપળીયાના ૧૭ વર્ષીય સગીરને વિક્રમ સોનારાએ ચાલુ બાઈકે કુહાડીનો ઘા ઝીંક્યો

### હુમલાને પગલે વાહન સમેત નીચે પડી ગયેલા સગીરને ઉંધી કુહાડીનો વધુ એક ઘા ઝીંકી દીધો : હુમલાખોર ઝડપાયો

**અબતક, રાજકોટ**

પરાપીપળીયા ગામના ૧૭ વર્ષીય સગીરને વિક્રમ સોનારા નામના શખ્સે ચાલુ બાઈકે કુહાડીનો ઘા ઝીંકી દીધો હતો. કૌટુંબિક કાકા સાથે બાઈક પર સજા સગીરને કુહાડીનો ઘા ઝીંકી મોટરસાયકલ સહીત પછાડી દઈ હુમલાખોરે વધુ એક ઘા ઝીંકી દીધો હતો. બનાવને પગલે પોલિસે તાત્કાલિક વિક્રમ સોનારાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે શહેરની ભાગોળે આવેલ પરાપીપળીયા ગામે રહેતા ૪૫ વર્ષીય પ્રૌઢ જયંતિભાઈ દાનાભાઈ રાઠોડે ગાંધીગ્રામ પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે વિક્રમ સોનારાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા પરિવારમા હુ તથા મારી પત્નિ મનિષાબેન, મારા પિતા દાનાભાઈ, બે સંતાનો જેમાં મોટો પુત્ર હરદેવ(ઉ.વ.૨૦) અને નાનો કિશન (ઉ.વ.૧૭) છે.

પ્રૌઢે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૧૫-૦૨-૨૦૨૬ ના રોજ સાંજના આશરે સાત વાગ્યાની આસપાસ હું ઘરે હતો. ત્યારે કૌટુંબિક ભાઈ જેઠુરભાઈનો ફોન આવેલો કે, તમારા નાના દિકરા કિશનને થોડુ વાગેલુ છે, જેથી તેને એઈમ્સ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવેલ છુ, તો તમે એઈમ્સ હોસ્પિટલ ખાતે આવો. જેથી હું મારુ મોટર સાયકલ લઈને એઈમ્સ હોસ્પિટલ ખાતે ગયેલો હતો.

જયા મારા પુત્રના કપાળે પાટો બાંધેલો હતો, કપડા પર લોહીના ડાઘા જોવા મળ્યા હતા. બાદ મેં જેઠૂરભાઈને બનાવ અંગે પૂછતાં તેમણે જણાવેલ કે, હું અને કિશન ગ્રીન ફિલ્ડ ક્રિકેટ ગ્રાઉંડ, જામનગર રોડથી ક્રિકેટ રમીને મારુ મોટર સાયકલ લઈને ઘરે આવતા હતા. હુ બાઈક ચલાવતો હતો અને કિશન મારી પાછળ બેસેલ હતો. તે દરમિયાન રસ્તામાં પરાપિપળીયાના પાટીયાથી થોડા આગળ પહોંચતા ત્યા રોડ ઉપર વિક્રમભાઈ સોનારા સામેથી ચાલીને આવતો હતો અને તેના હાથમા કુહાડો હતો. તેણે અચાનક જ કોઈ કારણસર અમારી ચાલુ બાઈકમા કુહાડાનો ઘા મારવા જતા હું નીચે ઝૂકી ગયેલો હતો. જેથી પાછળ બેઠેલા કિશનને કપાળના ભાગે જમણા નેણ ઉપર કુહાડાનો ઘા વાગી ગયેલ હતો અને હું તથા કિશન બન્ને મોટર સાયકલ સહીત નીચે પડી ગયેલ હતા. બાદ વિક્રમે ફરીથી બીજો કુહાડાનો ઉંધો ઘા કિશનના જમણા હાથના ભાગે મારેલ હતો. બાદ વિક્રમ નાસી ગયેલ હતો. જેથી હું કિશનને બાઈકમાં બેસાડી હોસ્પિટલ ખાતે લઈ આવેલ હતો.

બનાવને પગલે પ્રૌઢએ ફરિયાદ આપતાં ગાંધીગ્રામ પોલિસ મથકના હેડ કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ ગોહિલે તપાસ આદરી વિક્રમ સોનારાને ઝડપી લીધો હતો અને હુમલાનું કારણ જાણવા તજવીજ આદરી હતી.

# જૂના માર્કેટીંગ યાર્ડ નજીક સીઝરોને ડોયા-તાવીથા-કડા વડે માર મરાયો

### બાઈક સીઝ કરવાં જતાં મહિલા સહિત છ શખ્સો તૂટી પડ્યા, ત્રણ ઘવાયાઃ રાયોટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જુના માર્કેટિંગ યાર્ડ નજીક સાગરનગર પાસે બાઈક સીઝ કરવા ગયેલા સીઝરોને ચા બનાવવાના તાવીથા અને ડોયા વડે માર મરાયો હતો. જેમાં ત્રણને ઈજા પહોંચી હતી. જે અંગે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મહિલા સહિત પાંચ શખસો સામે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. કણકોટ રોડ પર લાલુભાઈ પારેખ ટાઉનશીપ ફ્લેટ નં. સી-૨ બ્લોક નં.૭૦૫ માં રહેતા જૈનિશ મુકેશભાઈ ગોસ્વામી(ઉ.વ. ૨૪) નામના યુવાને આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હરેશ જોગરાણા અને તેની સાથેના ચાર અજાણ્યા પુરૂષ અને એક અજાણી મહિલાનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે રાજવીર એન્ટરપ્રાઈઝમાં છેલ્લા ત્રણેક મહિનાથી સીઝર તરીકે નોકરી કરે છે. ગઈકાલે બપોરના સાડા બાર વાગ્યા આસપાસ તે જુના માર્કેટિંગ યાર્ડ પાસે ખટારા સ્ટેન્ડ નજીક હતો. ત્યારે એક બાઈક ચાલક નીકળ્યો હતો. જે વાહનના નંબર જીજે-૦૩-એમએસ ૬૬૯૧ તેણે ઈઝી રિકવરી એપ્લીકેશનમાં નાખતા તેના ત્રણથી વધુ હપ્તા ચડી ગયા હોય જેથી એલ.એન.ટી ફાઈનાન્સમાં જાણ કરતા આ બાઈક સીઝ કરવાનો ઓર્ડર આપ્યો હતો. જેથી યુવાને બાઈક ચાલકને ઉભો રાખી તમારી બાઈક સીઝ કરવાનો ઓર્ડર છે તેમ કહેતા આ બાઈક ચાલકે પોતાનું નામ હરેશ જોગરાણા જણાવી કહ્યું હતું કે, હું અહીં દ્વારકાધીશ હોટલ બાજુમાં રહુ છુ, તમે ત્યાં આવો આપણે ચા પાણી પી વાત કરીએ. જેથી યુવાન તથા તેની સાથે એજન્સીમાં કામ કરનાર તેના મિત્રો નદીમ બેલીમ, સોહિલ સુરાણી તથા અભિષેક ગોસાઈને ફોનથી જાણ કરી યુવાન અને તેના મિત્રો સાગરનગરના ખૂણે દ્વારકાધીશ હોટલે ગયા હતાં. અહીં હરેશ જોગરાણા તથા એક મહિલા અને ચાર પુરૂષો બેઠા હતાં.

આ વખતે યુવાને હરેશ જોગરાણાને બાઈક સીઝ કરવાનું કહેતા તેણે કહ્યું હતું કે, તમે લોકો જે કરતા હોય તે કરો અને અહીંથી નીકળી જાવ નહીંતર મજા નહીં આવે. હું મારૂ બાઈક નહીં આપું. જેથી સાથે રહેલા નદીમે કહ્યું હતું કે ભાઈ તમે આટલા ગુસ્સે ન થાવ શાંતિથી વાત કરો આમ કહેતા જ સામાવાળા ઉશ્કેરાઈ ગયા હતાં. અને જોરજોરથી બોલાચાલી કરી ગાળો આપવા લાગ્યા હતાં. દરમિયાન હરેશે હોટલમાંથી ડોયો લઈ આવી અભિષેક ગોસાઈને સાથળના ભાગે મારી દીધો હતો. સોહિલને ડાભા ખંભે ડોયો માર્યો હતો. દરમિયાન કોઈ શખસે ફરિયાદી યુવાન જૈનિસને કડું મારી દીધુ હતું. એક શખસ ચા બનાવવાનો તાવીથો લઈને આવ્યો હતો અને અભિષેકને તેમજ સોહિલને તાવીથા વડે મારમાર્યો હતો. બાદમાં નદીમ સહિત ત્રણેયને આ શખસોએ ઢીકાપાટુનો માર માર્યો હતો. યુવાને તેમના ઓનર યુવરાજસિંહને ફોન કરતા તેઓ કાર લઈને આવ્યા હતાં અને યુવાનને કારમાં બેસાડી સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતાં. અભિષેક અને સોહિલને પણ આ હુમલામાં ઈજા પહોંચી હોય તેમને પણ સારવાર માટે ખસેડ્યા હતાં. યુવાને વધુમાં જણાવ્યું હતું કે, આ ઝપાઝપીમાં સોહિલ સુરાણીએ ગળામાં ચાંદીનો ચેન કિં.રૂ.૨૩૦૦ પહેર્યો હોય તે તુટીને ક્યાંક પડી ગયો હતો. આ અંગે યુવાને હરેશ જોગરાણા અને તેની સાથેના મહિલા સહિતના પાંચ અજાણ્યા શખસો સામે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# કુવાડવા ગામે તળાવમાંથી ૬ દિવસથી ગુમ આધેડની કોહવાયેલી લાશ મળી

**અબતક, રાજકોટ**

કુવાડવા ગામે આવેલા મામાદેવના મંદિર પાસેના તળાવમાંથી આધેડનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. મૃતકની ઓળખ કુવાડવાના જ અને છેલ્લા ૬ દિવસથી ગુમ થયેલા મુન્નાભાઈ ઓધવજીભાઈ બોહકીયા તરીકે થઈ છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી મોતનું સાચું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, કુવાડવા નજીક આવેલ મામાદેવના મંદિર પાસેના તળાવમાં એક લાશ તરતી હોવાની જાણ થતા લોકોના ટોળા એકઠા થયા હતા. ઘટનાની જાણ થતા ૧૦૮ની ટીમ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ૧૦૮ના ઈએમટી જુલાબેન ખોરાણીએ આધેડને મૃત જાહેર કર્યા હતા. મૃતદેહ ઘણો જૂનો હોવાથી કોહવાયેલી હાલતમાં જોવા મળ્યો હતો.

મૃતક મુન્નાભાઈ (ઉ.વ. ૪૫) છેલ્લા ૬ દિવસથી પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયા હતા. પરિવારજનો તેમની શોધખોળ કરી રહ્યા હતા, તે દરમિયાન આજે તળાવમાંથી તેમનો મૃતદેહ મળી આવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મુન્નાભાઈ શાકભાજી વેચવાનું તેમજ ડ્રાઈવિંગનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓને સંતાનમાં ૩ દીકરા છે. ૫ ભાઈ અને ૨ બહેનોના પરિવારમાં તેઓ વચેટ હતા.આ બનાવ આપઘાતનો છે કે પછી અકસ્માતે તળાવમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે, તે દિશામાં કુવાડવા રોડ પોલીસે તપાસ કેન્દ્રિત કરી છે. મોતનું ચોક્કસ કારણ જાણવા માટે ફોરેન્સિક પીએમ (FSL) ની મદદ લેવામાં આવી રહી છે.

# લાયન ક્લબ પ્રાઈડ અને એન્ટી કરપ્શન બ્યુરોના જન જાગૃતિ અભિયાનમાં ભ્રષ્ટાચાર સામે લડત માટે જનતાને આહવાન

### રૂશ્વત-ભ્રષ્ટાચાર સામે નાગરિકોની જાગૃતિથી જ આદુષણનો અંત લાવી શકાશેઃ તજજ્ઞએ આપ્યું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સમાજ સેવા અને માનવ સેવા માટે કાર્યરત લાયન્સ ક્લબ રાજકોટ અને એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન ના ભાગરૂપે તા,૧ ફેબ્રુઆરીના રોજ હોટલ સીઝનમાં સામાજિક રાજકીય આગેવાનો ની ઉપસ્થિતિમાં સામાજિક જાગૃતિ ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.ભ્રષ્ટાચાર અને લાંચ-રુશ્વત વિરુદ્ધ સામાજિક જાગૃતિ ની હિમાયત કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં લાયન્સ સ્ટેટ કાઉન્સિલ ના દિવ્યેશભાઈ સાકરીયા એન્ટી કરપ્શન બ્યુરોના નિયામક મેવાડા નું અને વાઈસ ગવર્નર હાર્દિકભાઈ મહેતા અને સરકારી વકીલ સમીરભાઈ ખીરા દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર આર આર સોલંકી નું સન્માન કરવામાં આવ્યું હતું.

પીઆઈ સોલંકીએ અપીલ કરી હતી કે લોકો ભ્રષ્ટાચાર સામેની લડતમાં આગળ આવે અને ક્યારેય કોઈ વ્યક્તિ ભ્રષ્ટાચારની કે લાંચની માંગ કરે તો એસીબીનો સંપર્ક કરવા જણાવ્યું હતું.



પ્રશ્નોત્તરી માં લોકોએ જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું અને ૧૦૬૪ ની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. મદદનીશ નિયામક મેવાડા દ્વારા તમામ સભ્યો ને જ્યાં અને જ્યારે પણ જરૂર પડે ત્યારે સરકાર અને એન્ટી કરપ્શન બ્યુરો સમાજની સાથે છે તેવી ખાતરી આપી હતી. આ આયોજન બદલ લાયન્સ ક્લબના હોદ્દેદારો દિવ્યેશભાઈ સાકરીયા હાર્દિકભાઈ મહેતા સરકારી વકીલ સમીરભાઈ ખીરા લાયન્સ પ્રમુખ અચ્યુતભાઈ પટેલ , સંજયભાઈ કલકાણી, ધીરજભાઈ અઢિયા, વિનોદભાઈ ઠક્કર, વિમલભાઈ ધારેચા, રાકેશભાઈ ભદ્રકિયા ,ભરતભાઈ પટેલ, ચેતનભાઈ વ્યાસ, કિશોરભાઈ વઘાસિયા, ઉમેશભાઈ ભલાણી ,નિકુંજભાઈ ખંધેડીયા, કાંતિભાઈ કોઠારી નું સન્માનકરવામાં આવ્યું હતુ લાયન્સક્લબના દિવ્યેશભાઈ સાકરીયા કમલેશભાઈ શાહ ભુપતસિંહ જાડેજા હિતેશભાઈ કોઠારી હિતેશભાઈ ગણાત્રા શ્રીકૃષ્ણ ગર્ગ, નીરવભાઈ વડોદરિયા અને લાયન્સ ક્લબના સભ્યો ને વાઈસ ગવર્નર હાર્દિકભાઈ મહેતાએ શુભેચ્છા પાઠવી હતી.



તંત્રી લેખ

# ક્રિકેટોત્સવ: ટીમ સૂર્યાની ચમકે પાક.ને ઔકાત બતાવી દીધી

ભારતમાં ક્રિકેટની રમત એક-એક ભારતીયના નસે-નસમાં વહી રહી છે. શેરીમાં બાળકો પણ ક્રિકેટ રમતા હોય તો મોટેરા તેની રમત નિહાળવા માટે ઉભા રહી જતા હોય છે. હાલ ટી-૨૦ વર્લ્ડકપ રમાઈ રહ્યો છે. જેમાં ચેમ્પિયન એવી ભારતીય ટીમે રવિવારે પોતાના કટ્ટર હરિફ એવા પાકિસ્તાનને તેની ઔકાત બતાવી દીધી હતી. યુદ્ધનું મેદાન હોય કે ક્રિકેટનું મેદાન હમેંશા પાકિસ્તાનને ભારતના હાથે ધોબી પછડાટ મળે છે.

ટીમ સૂર્યાની ચમકે દેશના એક-એક ક્રિકેટપ્રેમીઓને ક્રિકેટોત્સવની ઉજવણી કરવાની ભેટ આપી છે. ટી-૨૦ વર્લ્ડકપમાં અત્યાર સુધીમાં ભારત અને પાકિસ્તાન ૯ વખત એકબીજાની સામ-સામે આવ્યા છે. જેમાં ૮ વખત ભારતીય ટીમે પોતાના વિજય પતાકા લહેરાવ્યા છે. ભારત સામે યુદ્ધના મેદાનમાં ઉતરતા પાકિસ્તાનના હાઝા ગગડી જાય છે. તે જ રીતે ક્રિકેટના મેદાનમાં ઉતરતા પણ ટીમમાં ફફડાટ મચી જાય છે.

વર્લ્ડકપમાં ભારત સામે નહિં રમવા માટે પાક. સરકાર અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે નાટકો કર્યા હતા. અન્યની ભીખના ટુકડા પર નભી રહેલા પાક.ને ગઈકાલે ભારતની ક્રિકેટ ટીમે તેની ભીખારીની ઔકાત બતાવી દીધી હતી.

જંગનું મેદાન હોય કે ક્રિકેટનું મેદાન હમેંશા 'બાપ તો બાપ જ હોય છે' તે વાત પાકિસ્તાનને હવે સારી પેઢે સમજાઈ ગઈ હશે. ટીમ સૂર્યા જે રીતે હાલ વર્લ્ડકપમાં ક્રિકેટ રમી રહી છે તે જોતા એવું લાગી રહ્યું છે કે હવે ભારતીય ટીમ નવો ઈતિહાસ રચવા તરફ મક્કમ આગેકૂચ કરી રહી છે.

ટી-૨૦ વર્લ્ડકપના ઈતિહાસમાં આજ સુધી ક્યારેય યજમાન ટીમ વિજેતા બની નથી. આટલું જ નહિં ચેમ્પિયન્સ ટીમ બીજા વર્લ્ડકપમાં પોતાનું ટાઈટલ જાળવી શકી નથી પરંતુ સૂર્યાની ટીમની ચમક જૂના તમામ રેકોર્ડબ્રેક કરી નવા ઈતિહાસ રચવા તરફ આગળ વધી રહી છે.

# ક્યૂટ ગર્લ સાક્ષી મોરવાડીયાનો આજે જન્મદિવસ



રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલય મંત્રી અને મીડિયા ઈન્ચાર્જ ગોપાલભાઈ મોરવાડીયાની પુત્રી સાક્ષી મોરવાડીયાનો આજે જન્મદિવસ છે. સાક્ષી ડ્રિમલેન્ડ સ્કૂલમાં ધોરણ ૨ માં અભ્યાસ કરી રહી છે. સાક્ષીએ ૮ વર્ષ પૂર્ણ કરી ૯માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે ત્યારે કાકા ગૌતમભાઈ મોરવાડીયા, રોહિતભાઈ, રાહુલભાઈ, ધવલભાઈ તેમજ મામાં રજનીભાઈ સાકરીયા, ભરતભાઈ, રવિભાઈ, અશ્વિનભાઈ, સંજયભાઈ, ડો. શૈલેષભાઈ, ડો. મહેશભાઈ, હંસરાજભાઈ, લલિતભાઈ તેમજ સગા- સ્નેહીઓ જન્મદિવસની શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવીનો આજે જન્મદિવસ



રાજકોટ પોલીસ બેડામાં પ્રજાલક્ષી કામગીરી અને પડકારોનો પીછો કરી ગુનેગાર નહીં પણ ગુનાખોરીની માનસિકતા નાબૂદ કરવાની કામગીરી માટે જાણીતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ મોહનભાઈ ગઢવી નો આજે જન્મદિવસ છે. કચ્છ ના વતની અને સૌરાષ્ટ્ર કર્મભૂમિ બનાવનાર રવિભાઈ આજે જીવનના૩૫ વર્ષ પૂરા કરી ૩૬વર્ષ માં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. પ્રદ્યુમન નગર પોલીસ મથકથી સેવા ની શરૂઆત કરી યુનિવર્સિટી પોલીસ ટ્રાફિક અને હાલ ગાંધીગ્રામ પોલીસ બતકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવનાર રવિભાઈ પોલીસ બેડા માં પ્રજાલક્ષી કામગીરી અને પડકારોનો પીછો કરી ગુનેગાર નહીં પણ મુનાખોરીની માનસિકતા નાબૂદ કરવાની કામગીરી માટે જાણીતા છે તેમને આજે તેમના જન્મદિવસે ૯૯૯૮૨૬૩૯૭૭ પર શુભેચ્છાઓ મળી રહી છે.

# વિશ્વનાથ નગરી વારાણસીમાં મહાશિવરાત્રીએ સ્વ હસ્તે લઘુ રૂદ્રાભિષેક કરી ભાઈશ્રી રમેશભાઈ ઓઝા થયા "ધન્ય"



**અબતક, રાજકોટ**

દેશભરમાં ૧૫મી ફેબ્રુઆરીએ શિવરાત્રીની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી, ભારતના દ્વાદશ જ્યોતિર્લિંગ પેકીના એક વિશ્વનાથની નગરી વારાણસી માં મહાશિવરાત્રી મહાપર્વ નિમિત્તે કાશીના વિદ્વાન બ્રાહ્મણો ના મંત્રોચ્ચાર સાથે ભાગવત કથાકાર ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા એ પોતાના સ્વહસ્તે લઘુ રુદ્રાભિષેક પૂજન કર્યું હતું રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે આજના અવસરે ભોળાનાથની સેવાનો લાભ મળતા હું ધન્યતા અનુભવું છું.

# પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીના ધર્મ પત્ની અંજલીબેન રૂપાણીએ મહાશિવરાત્રી પર્વ પર સોમનાથ દાદાની કરી પૂજા





**અબતક, રાજકોટ**

દેવોના દેવ મહાદેવ ની સ્તુતિમાં સમગ્ર દેશમાં મહાશિવરાત્રીની ભવ્ય અને અલૌકિક ઉજવણી કરવામાં આવી હતી મહાશિવરાત્રી પર્વ પર વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિર ખાતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણીએ દાદાની પૂજા અર્ચના કરી હતી તેમની સાથે ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ તેમના પત્ની વંદનાબેન ભારદ્વાજ પણ જોડાયા હતા.. પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણી સોમનાથદાદા ના પરમ ઉપાસક હતા અને શિવરાત્રી સહિતના પર્વ પર અચૂક પણે સોમનાથ મહાદેવના દર્શન કરતા હતા આજે પણ સોમનાથ મંદિર પરિસરના વિકાસમાં દિવંગત વિજય રૂપાણી ની યાદો દેખાઈ રહી છે.

# સર્વ સમાજ સેવા સમિતિના સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નમાં કાલે પાંચ દીકરીઓને માનભેર સાસરે વળાવાશે

## અબતકની મુલાકાતમાં સર્વ સમાજ સેવા સમિતિના આગેવાનોએ સમૂહ લગ્નની આપી વિગતો



તસવીર: આસીયાણી અભિષેક

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સમાજ સેવા માટે જાણીતી સંસ્થાઓમાં શિરમોર ગણાતી સર્વ સમાજ સેવા સમિતિ દ્વારા ધ્રોલના ધાગડાના પાટીયે આવેલ શ્રી ગણેશ ગૌશાળામાં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન નું આયોજન કરવામાં આવ્યું છે. અબ તકની મુલાકાતે આવેલા આગેવાનોએ સમૂહ લગ્નની વિગત આપતા જણાવ્યું હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૧૭)૨ મંગળવારે ધ્રોલ તાલુકાના ધાગડા ના પાર્ટીએ આવેલ ગણેશ ગૌશાળામાં સમૂહ લગ્ન આયોજન કરવામાં આવ્યું છે ૧૭મી તારીખે સમૂહ લગ્ન ના માંગલિક પ્રસંગોનો પ્રારંભ સવારે ૭ વાગેજાનઆગમન ,૮વાગે સામૈયા અને ૯ના મુરતે હસ્તમેળાપ બાદ ૧૨ વાગે ભોજન સમારોહ ૨ વાગે રાસ ગરબા બાદ ૩ વાગે પાંચ દીકરીઓને સાસરે વળાવવા જાનને વિદાય આપવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા મુખ્ય દાતા તેજલબેન ધનજીભાઈ ખીમસુરીયા અને ધનજીભાઈ સોમાભાઈ ખીમસુરીયાએ સહયોગ આપ્યું છે આ મંગલ કાર્યને સફળ બનાવવા આયોજક સમિતિના આરએમ રાઠોડ( રવિભાઈ), જયંતીભાઈ પરમાર(વાળાધરી), કે કે ચુડાસમા +ભનુભાઈ), ધનજીભાઈ સોમાભાઈ ખીમસુરીયા લલીતભાઈ ડાંગર, પાર્વતીબેન ચાવડા, હંસાબેન પરમાર અને તેજલભાઈ ખીમસુરીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

# બાલાજી મંદિરે બોર્ડના વિદ્યાર્થીઓ માટે સરસ્વતી મહાપૂજા કરાઈ




**અબતક, રાજકોટ**

શ્રી બાલાજી હનુમાનજી મંદિરે બાલાજી દાદાના દિવ્ય સાનિધ્યમાં આજના મહાશિવરાત્રિના દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉજ્જવળ ભવિષ્યની શુભકામના માટે, ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સરસ્વતી પૂજનનો કાર્યક્રમ વ્યોવૃદ્ધ કોઠારી પૂ.હરિચરણદાસજી સ્વામીની અધ્યક્ષતામાં તથા કોઠારી પૂ.વિવેકસાગરદાસજી સ્વામી તથા સ્વામિનારાયણ મુખ્ય મંદિરના શાસ્ત્રી કોઠારી પૂ.રાધારમણ દાસજી સ્વામીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ મહાપૂજામાં અગિયારસોથી વધારે વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહી પૂજાનો અલભ્ય લાભ લીધો હતો અને બાલાજી દાદાના આશીર્વાદ લઈ ધન્યતાની અનુભતિ કરી હતી. બોર્ડની પરીક્ષા આપતા તમામ વિદ્યાર્થીઓને મંદિરના કોઠારી પૂ.વિવેકસાગર દાસજી સ્વામી તથા સ્વામિનારાયણ મંદિરના કોઠારી શાસ્ત્રી પૂ.રાધારમણદાસજી સ્વામીએ આશીર્વાદ પાઠવ્યા હતાં.

# યુવા સેના ટ્રસ્ટની રાહત દરે મેડિકલ સાધન સુવિધા

**અબતક, રાજકોટ**

યુવા સેના ટ્રસ્ટ દ્વારા શહેરના જરુરીયાત મંદ દર્દીઓના લાભાર્થે મેડીકલ સાધનોની રાહત દરે સેવા ઉપલબ્ધ છે. દરરોજ ૯ થી ૧૨ - ૪ થી ૭ સુધી મળી રહેશે. તેમજ આપના સ્વજનોની યાદમા કે લગ્નની વષગાંઠે મેડીકલ સાધનો ટ્રસ્ટને અપીણ કરી પુણ્ય મેળવી શકો છો. જરુરત મંદ લોકોને સેવા સદન ગુરુપ્રસાદ નજીક અંકુર વિદ્યાલય રોડ ભોલેનાથ સોસાયટી શેરી નં.૪ મો. નં. ૯૯૧૩૩ ૧૦૧૦૦ ઉપર પ્રમુખ પ્રદયુમનસિંહ ઝાલાનો સંપર્ક સાધવો.

# કોટેચા સ્કુલમાં પૂર્વ આચાર્યની પૂણ્યતિથિએ ઉજવાયો વાત્સલ્યદિન

## શાળા પરિવારે સંસ્થાના પૂર્વ મોભીઓને ભાવભેર આપી શ્રધ્ધાંજલી

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના કેળવણી ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતી કે.જે. કોટેચા ગર્લ્સ હાઈસ્કુલમાં પૂર્વ આચાર્ય અને પુર્વ મેનેજીંગ ટ્રસ્ટીની પૂણ્યતિથિ નિમિતે શ્રધ્ધાંજલી માટે વાત્સલ્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કાલાવડ રોડ પર સ્થિત કોટેચા હાઈસ્કૂલમાં શાળાના ભૂતપૂર્વ આચાર્યા અને પૂર્વ મેનેજિંગ ટ્રસ્ટી સ્વ. વત્સલાબેનની પ્રથમ પુણ્યતિથીને આદરાંજલિ અર્પણ કરવા માટે ભાવસભર વાત્સલ્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના મેનેજિંગ ટ્રસ્ટી પંડયા તથા ડો. ભાવેશભાઈ દવે અને અન્ય ટ્રસ્ટીઓ, સ્વ. વત્સલાબેનના પુત્ર કેયુરભાઈ, પૂર્વ આચાર્યા, શિક્ષકો તેમજ વિદ્યાર્થીનીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતાં. સૌએ સ્વ. વત્સલાબેન સાથેના સંસ્મરણોને વાગોળ્યા હતાં. અને જણાવ્યું હતું કે વત્સલાબેન શાળાના પાયાના પથ્થર હતાં.

શાળામાં દર વર્ષે ૧૨ ફેબ્રુઆરીને "વાત્સલ્ય દિન" તરીકે ઉજવવાનો અને શાળાના વાંચનાલયમાં જ્યાં દીકરીઓ વાંચી શકે તે જગ્યાને વાત્સલ્યનો વિસામો " તરીકે નામાભિધાન કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું.

કાર્યક્રમનું શાળાના શિક્ષિકા કવિતાબેન દવે દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું તથા શાળાના આચાર્યા વિજ્ઞાબેન અને સમગ્ર શાળા પરિવારે ખુબ જહેમત લઈ કાર્યક્રમને ગરિમાપૂર્ણ બનાવ્યો હતો. આભાર દર્શન શાળાના ટ્રસ્ટી ડો. ભાવેશભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતુ.

# વોર્ડ નં.૧માં પેવીંગ બ્લોકના કામનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહ



**અબતક, રાજકોટ**

વોર્ડ નં.૦૧ માં આવેલ રામેશ્વર પાર્ક મેઈન રોડ, તુલસી સુપર માર્કેટ સામેનો રોડ, સંતોષ પાર્ક મેઈન રોડ તેમજ લાગુ વિસ્તારમાં જનભાગીદારી યોજના હેઠળ ૩૯૫૦ સ્કવેર, રૂ.૪૦.૬૮ લાખના ખર્ચે રસ્તાની બન્ને સાઈડ સોલ્ડરમાં પેવીંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતુ.

આ ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં શહેર ભાજપ મહામંત્રી લલિતભાઈ વાડોલીયા, કોર્પોરેટર ડો.હિરેનભાઈ ખીમાણીયા, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, દુર્ગાબા જાડેજા, વોર્ડ પ્રમુખ જયરાજસિંહ જાડેજા, વોર્ડ મહામંત્રી નાગજીભાઈ વરુ, રાણાભાઈ ગોજીયા તેમજ વોર્ડના બધા સંગઠન સભ્યો તથા વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહેલ.

# શિવરાત્રીના મેળામાં પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ પંચાલ ચેતન રામાણીને મળી ભેટી પડયાં



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી તેમજ સૌરાષ્ટ્રના ખેડુત નેતા ચેતનભાઈ રામાણીએ મહાશિવરાત્રીના પાવન પર્વની શહેરીજનોને ભકિતસભર શુભેચ્છા પાઠવી હતી.

શિવરાત્રી મેળામાં તા. ૧૩-૨ ના રોજ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ પંચાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે તેમને આવકારવા ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી ચેતનભાઈ રામાણી, પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મેયર ધર્મેશભાઈ પોશિયા, જીલ્લા પ્રમુખ ચંદુભાઈ મકવાણા, શહેર પ્રમુખ ગૌરવભાઈ રુપારેલ, વિવેકભાઈ ગોહેલ, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા જોડાયા હતા. ત્યારે જગદીશભાઈ પંચાલ સિધા જ ભવનાથ તળેટીથી દર્શન કરી કાળવા ચોક ખાતે આવેલ રાધારમણ દેવ તાબાના સ્વામીનારાયણ મુખ્ય મંદિરે પહોચ્યા હતા. ત્યાં તેઓ સ્વામીનારાયણ ભગવાન સ્થાપીત સિધ્ધેશ્વર મહાદેવનો અભિષેક, પૂજા, અર્ચના કરી રાજયની પ્રજાની સુખાકારી માટે પ્રાર્થના કરી આગેવાનોને મળી ભેટયા હતા.

# અશરફ ડબાવાલા અને મધુમતી મહેતા ભારતીય સંસ્કૃતિની સમરસતાનું ઉત્તમ ઉદાહરણ: રૂપાલા

## ગ્રીડ્સ અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્યિક પરિસંવાદ યોજાયો: અનુઆધુનિક ગુજરાતી કવિતાનો બળવાન અવાજ એટલે અશરફ ડબાવાલા અને મધુમતી મહેતા: ડો.બળવંત જાની



**અબતક, રાજકોટ**

મારૂતિનગરમા સરસ્વતી શિશુમંદિર સભાગૃહ ખાતે ગાર્ડી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડાયસ્પોરા સ્ટડીઝ (ગ્રીડ્સ) - રાજકોટ અને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે યોજાયેલા સાહિત્યિક પરિસંવાદમાં શિકાગો (અમેરિકા) નિવાસી અને 'ડાયસ્પોરા રાઈટિંગ એવોર્ડ'થી સન્માનિત જાણીતા કવિયુગલ અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાના સાહિત્યિક પ્રદાનને બિરદાવવામાં આવ્યા હતા. કવિ દંપતિ અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાનું શાલ, પાઘ, રુદ્રાક્ષ સૂત્રમાળા, પુસ્તક દ્વારા ક્લાધર ભરત યાજ્ઞિક અને સાંસદ પરસોત્તમ રૂપાલા દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા સાંસદ પરસોત્તમ રૂપાલાનું શાલ ઓઢાડી સ્વાગત અપૂર્વભાઈ મણીઆરે તેમજ ભરત યાજ્ઞિકનું સ્વાગત ડો. બળવંતભાઈ જાનીએ કર્યું હતું. સાંસદ પરસોત્તમ રૂપાલાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, અશરફ ડબાવાલા અને મધુમતી મહેતા ભારતીય સંસ્કૃતિની સમરસતાનું ઉત્તમ ઉદાહરણ છે. ડો. બળવંત જાનીએ પણ અનુઆધુનિક ગુજરાતી કવિતાનો બળવાન અવાજ એટલે અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાને કહ્યા હતા. આ પ્રસંગે સમ્રક કલાવૃંદ સુશ્રી અનુશ્રી મહેતાએ ગાયન અને પલ્લવ વ્યાસ દ્વારા પરમ કથ્થક કેન્દ્રની નૃત્યાંગનાઓએ નૃત્ય રજૂ કરેલું. આ આ સિવાય પ્રો. વિપુલ પુરોહિત અને અનિરુદ્ધસિંહ ગોહિલે અશરફ ડબાવાલા અને મધુમતી મહેતાના કાવ્યવિશ્વ વિશે વક્તવ્ય આપેલા હતા. કવિ અનિલ ચાવડા, કેતન કતરિયા, લલિત ત્રિવેદી, અરવિંદ ભટ્ટ, મનોજ જોશી 'મન'એ કાવ્યપઠન કર્યું હતું.

# દાઉદી બોહરા પ્રિમીયર લીગ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પંજાબ કિંગ્સ વિજેતા




**અબતક, રાજકોટ**

દાઉદી બોહરા સમાજના ગ્લાસવાળા દ્વારા દાઉદી બોહરા પ્રીમિયર લીગ બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ નું સુવ્યવસ્થિત અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, આ ટૂર્નામેન્ટનું આયોજન હસન કપાસી, અબ્દુલકાદીર મુખી અને તાહેર ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. બી એન્ડ બી બોક્સ ક્રિકેટ, રેલવે ગ્રાઉન્ડ, જામનગર રોડ, રાજકોટ ખાતે યોજાયો હતો, આ ક્રિકેટ મહોત્સવે ખેલાડીઓ તેમજ દર્શકોમાં ઉત્સાહ, રમતમાં શિસ્ત અને ભાઈચારાની ભાવનાને મજબૂત બનાવી, આ લીગમાં કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં દિલ્હી કેપિટલ્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલોર, પંજાબ કિંગ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, ગુજરાત ટાઈટન્સ, લખનઉ સુપર જાયન્ટ્સ, રાજસ્થાન રોયલ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ, રાજકોટ લાયન્સ અને પુણે વોરિયર્સનો સમાવેશ થતો હતો, દિવસભરના રોમાંચક અને સ્પર્ધાત્મક મુકાબલાઓ બાદ ફાઈનલ મેચ પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાઈ, જેમાં પંજાબ કિંગ્સે શાનદાર પ્રદર્શન કરીને ડી.બી.પી.એલ લીગનો વિજેતા ખિતાબ હાંસલ કર્યો, જ્યારે ગુજરાત ટાઈટન્સ રનર્સઅપ રહ્યા, મેચ સવારે થી ચાલુ થયેલ ત્યારબાદ રાત સુધી ચાલેલ પછી સમાપન સમારોહ યોજાયો હતો. આ અવસરે આયોજકો દ્વારા તમામ ખેલાડીઓ, સહયોગીઓ તથા ઉપસ્થિત મહેમાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો, આ પ્રકારના રમતગમત આધારિત કાર્યક્રમો યુવાનોમાં એકતા, શિસ્ત, આરોગ્યપ્રદ જીવનશૈલી તથા સકારાત્મક વિચારધારાને પ્રોત્સાહન આપે છે, અને ડીબીપીએલ બોક્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ એ તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમ શેખ યુસુફભાઈ જોહર કાર્ડસવાળાએ જણાવ્યું હતું.

# બોર્ડની પરીક્ષાઓની તૈયારી પૂર્ણ: પ્રશ્નપત્રો સ્ટ્રોંગ રૂમમાં સીલ



**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૨૬ ફેબ્રુઆરીથી લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. રાજકોટમાં પરીક્ષાના આયોજનને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે, જેમાં પેપરની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રતા આપવામાં આવી છે.રાજકોટની ઐતિહાસિક ચૌધરી હાઈસ્કૂલ ખાતે બનાવવામાં આવેલા ૪ સ્ટ્રોંગ રૂમને સીલ કરી દેવામાં આવ્યા છે. આ રૂમમાં બોર્ડના પેપર સુરક્ષિત રીતે મૂકવામાં આવ્યા છે. સુરક્ષામાં કોઈ ચૂક ન રહી જાય તે માટે સ્ટ્રોંગ રૂમની આસપાસ 'રાઉન્ડ ધ ક્લોક' પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.



આગામી ૨૨ અને ૨૩ ફેબ્રુઆરીએ બોર્ડના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં પેપરનું વિતરણ શરૂ થશે. રાજકોટથી જામનગર, મોરબી, જૂનાગઢ અને કચ્છ સહિતના કુલ ૨૫ ઝોનમાં પેપર મોકલવામાં આવશે. ખાસ વાત એ છે કે, પેપરની હેરફેર દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે તમામ વાહનોને જીપીએસ સિસ્ટમથી સજ્જ કરવામાં આવ્યા છે, જેથી તેનું રિયલ ટાઈમ ટ્રેકિંગ થઈ શકે.

રાજકોટ જિલ્લામાં આ વર્ષે કુલ ૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે. ૨૬ ફેબ્રુઆરીથી શરૂ થતી આ પરીક્ષા શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે સંપન્ન થાય તે માટે શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા તમામ કવાયત પૂર્ણ કરી લેવામાં આવી છે.

# વેરામાં હપ્તા યોજનાનાં લાભાર્થીઓને વ્યાજ માફીનો લાભ નહીં અપાતા દેકારો

## કરદાતાઓમાં ભારે કચવાટવ્યાજ માફીનો લાભ આપવા ઉઠતી માંગ

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની વેરામાં વ્યાજમાફી યોજનાને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અગાઉ ચડત વેરામાં હપ્તા યોજનાનો લાભ લેનાર મિલકત ધારોકોને વ્યાજમાફી યોજનાનો લાભ ન મળતા ભારે દેકારો બોલી ગયો છે. હપ્તા સીસ્ટમ યોજના ઘણા સમયથી ચાલુ હતી પરંતુ શાસકો અને અધિકારીઓએ વગર વિચારીયે મનધડક નિર્ણય લઈ વ્યાજમાફી લેવી હોય તો હપ્તા સીસ્ટમનો લાભ નહીં મળે તેવો પરિપત્ર જાહેર કરતા ફરી વખત દેવુ ભરવામાં નિષ્ફળ રહે તેવું લાગી રહ્યુ છે.

કોર્પોરેશન દ્વારા છેલ્લા ઘણા સમથી નાના મિલકતો ધારકો માટે ચડતર વેરા બિલ ફરપાઈ કરી શકે તે માટે હપ્તા સીસ્ટમ શરૂ કરી છે. કોઈ પણ અરજદાર હપ્તા સીસ્ટમનો લાભ લઈ પ્રથમ હપ્તો ભરે ત્યારથી મિલકત પર ચડતુ વ્યાજ બંધ કરી દેવામાં આવે છેઅને ત્યા સુધીની વ્યાજ સહિતનો મિલકત વેરો અરજદારે ભરપાઈ કરવાનો હોય છે. આ યોજનાનો અનેક લોકો લાભ લઈ રહ્યા હતા. નાના મિલકત ધારોકે જે ઓ ૨૫૦૦૦થી વધુ મિલકત વેરો એક સાથે ભરી શકતા ન હોય તેવો આ લાભ લઈ રહ્યા હતા.

પરંતુ વ્યાજમાફી યોજના શરૂ થતા આ પ્રકારના આસામીઓને અડધો અડત વેરો જે વ્યાજ હોય છે. તે માફ થઈ જશે તેવી આશા સાથે મનપાના વેરા વિભાગ ખાતે પહોંચ્યા હતા.

જયા તેમને કહેવામાં આવેલ કે, હપ્તા સીસ્ટમ અપનાવો અથવા વ્યાજમાફીનો લાભ લ્યો તેવુ જણાવતા અનેક મિલકત ધારોકે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કારણ કે એક સાથે મોટી રકમ ભરી શકે તેમ ન હોવાથી હપ્તા સીસ્ટમનો લાભ લીધો હતો અને વ્યાજમાફી જોતી હોય તો એક સાથે તમામ રકમ ભરવી પડે તેમ હોય અને અનેક આસામીઓ એક સાથે ભરી શકે તેમ ન હોવાથી વ્યાજમાફીનો લાભ ગુમાવવાનો વારો આવ્યો છે.


# સાંઢીયા પુલનું કામ ૮૮ ટકા પૂર્ણ: ચૂંટણી પહેલા લોકાર્પણની સંભાવના

## વર્તમાન શાસકો જશ નહીં ખાટી શકે લોકાર્પણ બાદ હજારો વાહન ચાલકોને મળશે રાહત

**અબતક, રાજકોટ**

કોર્પોરેશન દ્વારા જામનગર રોડ ઉપર સાંઢીયા પુલના સ્થાને નિર્માણાધિન નવા ફોરલેન રેલવે ઓવરબ્રિજ પ્રોજેકટનું ૮૮ કામ પૂર્ણ થયું છે.ચૂંટણી પહેલા બ્રિજનું લોકાર્પણ કરવા આવે તેવી શક્યતા છે. પ્રોજેક્ટ પૂર્ણ થવાની મુદ્દત તો જૂન-૨૦૨૬ છે પરંતુ કામ સમયસર ચાલ્યું હોય બે મહિના વહેલું પૂર્ણ થશે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, જામનગર રોડ પર રેલવે ટ્રેક ઉપરના સેન્ટ્રલ પોર્શનનું કામ શરૂ થયું છે જેમાં રેલવેએ ટ્રેન પસાર થતી ન હોય તેવો બ્લોકનો સમય તેમજ અન્ય જરૂરી મંજૂરી આપી દેતા કામ આગળ ધપ્યું છે. હવે સેન્ટ્રલ પોર્શનમાં ૩૦૦ ટનના સાત સ્ટીલ ગર્ડર મૂકવામાં આવશે. ગર્ડર લોન્ચિંગ પૂર્વે ગર્ડર સહિતના દરેક બાંધકામ મિટિરિયલની રેલવે દ્વારા તેના સેફ્ટી સ્ટાન્ડર્ડ અનુસાર સઘન ચકાસણી કરવામાં આવી રહી છે. સાંઢીયા પુલ પ્રોજેક્ટના કારણે જામનગર રોડ ઉપર પુલ વિસ્તાર બંધ કરી રહેણાંક તેમજ શહેરના રાજમાર્ગો ઉપર રોડ ડાયવર્ઝન અપાયું છે જેના કારણે ટ્રાફિક સમસ્યા વધી છે, ખાસ કરીને રાજકોટથી જામનગર તરફ જતી તમામ એસટી બસો યાજ્ઞિક રોડ, રેસકોર્સ રિંગ રોડ, રૈયા રોડ અને ૧૫૦ ફૂટ રિંગ રોડ થઈ માધાપર ચોકડીએ પહોંચતી હોય દરરોજ ૨૦૦ જેટલી એસટી બસ તેમજ અન્ય ભારે વાહનો શહેર વચ્ચેથી પસાર થતા હોય ટ્રાફિક સમસ્યામાં વધારો થયો છે. પુલ પ્રોજેક્ટ સમગ્ર શહેરના ટ્રાફિકને પ્રભાવિત કરી રહ્યો છે. તદઉપરાંત પુલથી આગળના રહેણાંક વિસ્તારના રહીશો માટે ભોમેશ્વરમાંથી ડાયવર્ઝન અપાયું હોય આ રહેણાંક વિસ્તારમાં પણ દિવસભર ટ્રાફિક સમસ્યા રહેતી હોય વ્હેલી તકે પુલનું કામ પૂર્ણ થાય અને રસ્તો પૂર્વવત થાય તેમ નાગરિકો ઈચ્છી રહ્યા છે.



# શહેર ભાજપ દ્વારા વેરાવળ-શાપર ખાતે "શ્રમિક સંવાદ"માં બજેટ અંગે સમજણ અપાઈ

## કેન્દ્રીય બજેટમાં યુવાનોની ઉર્જા, મહિલાઓની સામર્થ્યશકિત, ખેડૂતની મહેનત, શ્રમિકોની નિષ્ઠા કેન્દ્રસ્થાને છે: અમૃતભાઈ ગઢીયા

**અબતક, રાજકોટ**

સ્વતંત્ર ભારતનું ૮૦મું કેન્દ્રીય બજેટ માનનીય કેન્દ્રીય નાણામંત્રી દ્વારા તા. ૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ સંસદમાં રજૂ કરવામાં આવેલ હતું.

ભાજપ અગ્રણીઓ શૈલેષભાઈ જાની, અમૃતભાઈ ગઢીયાની આગેવાનીમાં શાપર વેરાવળ ખાતે શ્રમિક સંવાદ કાર્યક્રમ Met flow શાપર(વેરાવળ) ફેકટરીના હોલમાં આયોજીત કરવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમમાં બજેટ સંવાદના મુખ્ય વકતા તરીકે રાજકોટ શહેર બજેટ સત્ર સહસંયોજક અને શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશનના પ્રમુખ અમૃતભાઈ ગઢીયા એ વિસ્તૃત વકતવ્ય રજુ કરેલ અને જણાવેલ હતું કે કેન્દ્રીય બજેટમાં યુવાનોની ઉર્જા, મહિલાઓની સામર્થ્યશકિત, ખેડૂતની મહેનત, શ્રમિકોની નિષ્ઠા અને ઉદ્યોગસાહસિકોની નવીનતા રાષ્ટ્રનિર્માણના કેન્દ્રસ્થાને રહેલી છે. આ બજેટ માત્ર આંકડાઓનો સરવાળો નથી, પરંતુ આત્મનિર્ભર ભારતના સ્વપનને સાકાર કરતી અને ભારત ૨૦૪૭ સુધી વિકસિત, સમર્થ અને વૈશ્વિક નેતૃત્વ ધરાવતી શકિત બનાવવા માટેની મજબુત યોજના છે.

આ શ્રમિક સંવાદ કાર્યક્રમમાં ફેકટરીના ડિરેકટર રસિકભાઈ બોદર, કિરીટભાઈ ભરતભાઈ ધામી, સીઈઓ, સુપરવાઈઝર તથા બહોળી સંખ્યામાં શ્રમિકો ઉપસ્થિત રહેલ ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમને સફળ બનાવવા ફેકટરીના ડિરેકટર રસિકભાઈ બોદરએ ખુબ જહેમત ઉઠાવી હતી,

# સાળંગપુરધામમાં મહાશિવરાત્રીએ દિવ્યાંગ વંદના સમારોહ યોજાયો

## ૫૦૦થી વધુ દિવ્યાંગોએ કર્યા દાદાના દર્શન

**અબતક, રાજકોટ**

સાળંગપુરધામે મહાશિવરાત્રી નિમિત્તે 'દિવ્યાંગ વંદના સમારોહ'નું આયોજન: ૫૦૦થી વધુ દિવ્યાંગોએ કર્યા દાદાના દર્શન

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત યાત્રાધામ સાળંગપુર શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે મહાશિવરાત્રીના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે સમાજના દિવ્યાંગ ભાઈ-બહેનો પ્રત્યે આદર અને સંવેદના પ્રગટ કરવાના ઉમદા હેતુથી 'દિવ્યાંગ વંદના સમારોહ'નું વિશેષ આયોજન કરાયું. પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી અને કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી તેમજ ડી.કે. સ્વામીના માર્ગદર્શન હેઠળ આ ભક્તિ અને સેવાનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ સંપન્ન થયો હતો.



મહાશિવરાત્રી નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને શિવસ્વરૂપના વાઘા ધરાવવામાં આવ્યા હતા તથા સિંહાસનને બ્લુ ડેઝીના ફૂલોથી 'શિવસ્વરૂપ થીમ' પર દિવ્ય રીતે સજાવવામાં આવ્યું હતું.

દિવ્યાંગ ભાઈ-બહેનોને મંદિરમાં આદરપૂર્વક આવકારી, દાદાના સુગમ દર્શન કરાવવામાં આવ્યા હતા. દિવ્યાંગો માટેના આ વિશેષ સમારોહમાં ભક્તિ સાથે આનંદનો પણ સુમેળ જોવા મળ્યો હતો.દર્શનાર્થે આવેલા તમામ દિવ્યાંગો માટે મંદિર દ્વારા ઉત્તમ ફરાળની વ્યવસ્થા કરવામાં આવી હતી. બાળકો માટે DJ ના તાલે ગીત-સંગીતનું આયોજન કરાયું હતું, જેમાં બાળકોએ મન મૂકીને આનંદ માણ્યો હતો.સંતોએ 'કિંગ ઓફ સાળંગપુર'નું માહાત્મ્ય સમજાવી તમામ દિવ્યાંગોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે ધર્મેન્દ્ર મહારાજ, પ્રવિણસિંહ, ગૌતમભાઈ તેમજ મંદિરના તમામ સ્વયંસેવકો, એ જહેમત ઉઠાવી હતી. દિવ્યાંગ ભાઈ-બહેનો પ્રત્યે આદર અને સંવેદના પ્રગટ કરવાના ઉમદા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે."

# જીવનનગરમાં મહાશિવરાત્રીની આસ્થાભેર ઉજવણી: ૧૨૦૦ ભાવિકોને પ્રસાદ લાભ

## શિવભકત યોગિતાબેન નગરસેવિકાનું કરાયું સન્માન ભસ્મઆરતી સહિતના કાર્યક્રમોથી શિવમય માહોલ

**અબતક, રાજકોટ**

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, રામેશ્વર મહાદેવ સમિતિ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે મહાશિવરાત્રિ મહોત્સવ ધાર્મિક કાર્યક્રમો, સન્માન સાથે સફળતાથી સંપન્ન થયો હતો. ફરાળમાં ૧૨૦૦ શ્રધ્ધાળુઓએ ભાગ લીધો હતો. ભા.જ.પ. નાપદાધિકારીઓએ હાજરી આપી હતી.




સન્માન કાર્યક્રમનું ઉદ્યાટન મહાનગરપાલિકાના દંડક મનિષભાઈ રાડિયાએ કરી જણાવ્યું કે જીવનનગરના કાર્યક્રમોમાં હાજરી આપવી અમારું ગૌરવ સમજીએ છીએ.

રાજકોટ મહાનગરપાલિકાના દંડક મનીષભાઈ રાડિયા, વોર્ડ નં. ૧૦ ના નગરસેવકો નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળા, પૂર્વ શહેર ભાજપ ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, પૂર્વ ચેરમેન અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ ઉપપ્રમુખ મનિષભાઈડડકીયા, વોર્ડ નં. ૧૦ ના હોદારો અનિરૂદ્ઘ મિયાત્રા, કેતનભાઈ મકવાણા, વિપુલ પંડયા, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, શ્યામ કટ્ટા, ભાવેશ બુંદેલા, દિલીપ ચૌહાણ આગેવાનોએ હાજરી આપી હતી.

વોર્ડ નં. ૧૦ ના નગરસેવકો નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, જયોત્સનાબેન ટીલાળાએ સન્માનના પ્રત્યુત્તરમાં વર્ષોથી જીવનનગર સમિતિના કાર્યો રાજ્ય-રાષ્ટ્રને સમર્પિત હોય છે. સામાજિક, સેવાકીય, ધાર્મિક સાથે રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ઉંચી ઉડાન ભરી છે તે માટે અભિનંદન પાઠવીએ છીએ. મહિલા મંડળનો વિશેષ આભાર માન્યો હતો.

શિવભક્ત યોગિતાબેન અને વિજયભાઈ જોબનપુત્રાએ બહુમાનના જવાબમાં અમારે શિવજી સાથે નાતો છે. સમિતિ જવાબદારી સોંપે છે તેથી કામ કરવામાં આનંદ છે. ફરાળ માટે દાતાઓનો આભાર માન્યો હતો.

સમિતિના પ્રમુખ-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે છેલ્લા ૪૫ વર્ષથી સમિતિ કાર્યરત છે. રહિશોની એકતાના કારણે સફળતા મળે છે. મંદિરમાં આજ દિન સુધી અંધશ્રદ્દધાનો પ્રવેશ થયો નથી.

મહાશિવરાત્રિએ સવારે ૪ કલાકે ભસ્મ આરતી, ૫ કલાકે ફૂલનો શણગાર, નિયમિત આરતી, બપોરે ૧૨ કલાકે મહાઆરતી, દિપમાલા, અભિષોક, ભાંગ વિતરણ સાથે સામુહિક ફરાળમાં ૧૨૦૦ શ્રધ્ધાળુઓની હાજરી, સાંજે ૫ કલાકે આખું મંદિર ફૂલોથી સજ્જ શોભાયમાન, સામુહિક અભિષેક, આરતી રાત્રિના ૧૨ કલાકે દિપમાલા, મહાઆરતી, પ્રસાદ બાદ પરોઢે ધાર્મિક વિધિ-વિધાન સાથે સંપન્ન થયું હતું.

મહિલા મંડળના પ્રમુખ સુનિતાબેન વ્યાસ, હર્ષાબેન પંડ્યા, શોભનાબેન ભાણવડિયા, કીર્તિબેન કગથરા, ભક્તિબેન ખખ્ખર, યોગિતાબેન જોબનપુત્રા, ભારતીબેન ગંગદેવ, આશાબેન મજેઠીયા, નેહાબેન મહેતાએ સવારથી રાત્રિના કાર્યક્રમોનું સંચાલન કરી શ્રધ્ધાળુઓના દિલ જીતી લીધા હતા.

મહાશિવરાત્રિ પર્વ સફળતાથી સંપન્ન સાથે યશકલગી વિજયભાઈ જોબનપુત્રા, પાર્થ ગોહેલ, દિલીપ ચૌહાણ, વિનુભાઈ ભટ્ટ અને નેહાબેન મહેતાએ એનાઉન્સીંગ કર્યું હતું.

## જીવનની ઢળતી સંધ્યા એ ખાલીપો દૂર કરવા

# બોલબાલા અને અનુબંધ ફાઉન્ડેશનના સહયોગથી વડીલો માટે યોજાશે જીવનસાથી પસંદગી સંમેલન

## દેશભરના ૪૫ થી ૭૫ વર્ષના કુંવારા, છૂટાછેડા અને વિધુર ઉમેદવારોને વિના સંકોચે જોડાવા અપીલ

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં માનવસેવા માટે જાણીતી સંસ્થા બોલબાલા ફાઉન્ડેશન અને અનુબંધ ફાઉન્ડેશન દ્વારા જીવનની ધરતી સંધ્યા એ ખાલીપો દૂર કરવા ના શુભ હેતુથી દેશભરના ૪૫ થી ૭૫વર્ષના કુવારા ,છૂટાછેડા અને વિધૂર ઉમેદવારો માટે પસંદગી સંમેલન નું આયોજન કરવામાં આવ્યું છે.

જીવનની ઢળતી ઉંમરે એકલતા દૂર કરવા એકબીજાને પ્રેમ હુંફ આપવા પાનખરમાં વસંત લાવવા ક્રાંતિકારી પગલાં રૂપે ૪૫થી ૭૫વર્ષની ઉંમરના વડીલ મહિલા પુરુષો માટે જીવનસાથી પસંદગી સંમેલન ૨૧ફેબ્રુઆરી શનિવારે સવારે ૯ થી રાષ્ટ્રીય શાળા મધ્યસ્થ હોલ ડો,યાજ્ઞિક રોડ અબતક ન્યુઝ પ્રેસ વિદ્યાનગર પાસે ધર્મજાતિના ભેદભાવ વગર તદ્દન નિશુલ્ક ધોરણે રાખવામાં આવ્યું છે.

આ સંમેલનમાં ભાગ લેવાઈસતા દેશના કોઈપણ સ્થળેથી ૪૫ થી ૭૫ વર્ષ ના કુવારા ડિવોર્સ વિધવા વિદુર ઉમેદવારોએ એક ફોટો આધાર કાર્ડ પતિ પત્નીના મરણ સર્ટિફિકેટ ની ઝેરોક્ષ સાથે જરૂરી પુરાવા સાથે હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યું છે. દૂરથી આવતા ઉમેદવારો માટે રાત્રિ રોકાણની વ્યવસ્થા બોલબાલા ટ્રસ્ટ દ્વારા રાખવામાં આવી છે આ સંમેલનમાં રજિસ્ટ્રેશન કરેલા લોકોને જસામેલ કરવામાં આવશે.

વધુ વિહતો માટે બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાય ૮૮૬૬૦ ૨૨૬૬૦નો સંપર્ક કરવા જણાવ્યું છે. ઉમેદવારોના ફોર્મ સંમેલનના દિવસે સવારે ૯:૦૦ વાગે રાષ્ટ્રીય શાળા ખાતે જ સ્વીકારીને ટોકન આપી દેવામાં આવશે આ કાર્યક્રમને સફળ બનાવવા જયેશભાઈ ઉપાધ્યાય અનુબંધના નટુભાઈ પટેલ નવનીત ભાઈ પટેલિયા, ભુપતભાઈ સોની, જહેમત ઉઠાવી રહ્યા છે

# શિવરાજપુરમાં હત્યાના ગુનામાં ઉપયોગમાં લેવાયેલી છોટા હાથીમાં કાંડી ચાંપી દેવાઈ

## હડમતીયાના ઝાપડીયા બંધુ અને તેના પિતા સમાધાન માટે શિવરાજપુર જતાં એક શખ્સે મારી નાંખવાના ઈરાદે છોટા હાથી માથે ચડાવી દેવાનો પ્રયાસ કર્યો, બાદમાં અન્ય શખ્સો છરી, કુંડલી વાળી લાકડીથી તૂટી પડ્યા'તા

**અબતક, રાજકોટ**

જસદણના શિવરાજપુર ગામે થયેલ હત્યાના બનાવમાં ઉપયોગ થયેલ છોટા હાથીને આગ ચંપી કરી સળગાવી નાંખતા રૂરલ પોલીસમાં દોડધામ મચી ગઈ હતી.



જસદણના શિવરાજપુર ગામે મોડી રાતના ખેલાયો ખુની ખેલ હતો. રસ્તામાં ગાડી ઉભી રાખવા મામલે પિતાની કરપીણ હત્યા કરી પુત્ર પર પર જીવલેણ હુમલો કરી હત્યાનો પ્રયાસ કરતાં પોલીસે પાંચ શખ્સો સામે હત્યા, હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી શોધખોળ આદરી હતી. ત્યારે બીજી તરફ હત્યાના બનાવમાં ઉપયોગ થયેલ છોટા હાથીને આગ ચંપી કરી સળગાવી નાંખતા પોલીસ દોડી ગઈ હતી.

જે મામલે વધુમાં એએસપી નવીન ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, જ્યારે હત્યાનો બનાવ બન્યો ત્યારે ત્યાંથી પસાર થયેલ છોટાહાથી વાહનનો ફરિયાદી અને તેની સાથેના લોકોએ પીછો કર્યો હતો. જે બાદ પોલીસને જાણવા મળ્યું હતું કે, તે છોટા હાથી કાળાસર ગામ નજીક પલટી મારી ગયેલ હતી અને તેને કોઈ અજાણ્યા શખ્સોએ આગ લગાવી સળગાવી નાખેલ છે. જે મામલે હાલ એલસીબી, એસઓજી અને જસદણ પોલીસની અલગ અલગ ટીમોએ તપાસ આદરી છે.

## છોટા હાથી કાળાસર ગામ પાસે પલ્ટી મારી ગઈ'તી પોલીસ કાફલો દોડ્યો, તપાસનો ધમધમાટ

# વાવડીમાં પિતાને ગાળો આપવાની ના પાડતા પત્નીની ધોલાઈ કરતો પતિ

**અબતક રાજકોટ**

શહેરના દેવપરા શાક માર્કેટ પાસે રહેતી ૨૨ વર્ષીય પરિણીતાને તેના પતિએ નજીવા કારણોસર માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. સસરાને ગાળો દેવાની ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ પત્નીને ઘરથી છેક વાવડી સુધી માર મારતા મારતા લઈ જઈ પથ્થર વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘાયલ સોનલબેનને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, દેવપરા શાક માર્કેટ પાસે રહેતા સોનલબેન વિઠ્ઠલભાઈ મકવાણા (ઉ.વ. ૨૨) એ ૯ મહિના પહેલા જ પ્રેમલગ્ન કર્યા હતા. ગઈકાલે સોનલબેનના પતિ તેના સસરા હસમુખભાઈ ભગાભાઈ ચાચિયાને કોઈ કારણોસર ગાળો આપી રહ્યા હતા. આ સમયે સોનલબેને પતિને ટોક્યા હતા અને કહ્યું હતું કે, ‘‘મારા પિતાને ગાળો આપશો નહીં.‘‘ પત્નીની આ શિખામણ પતિને પસંદ ન આવતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. આવેશમાં આવેલા પતિએ સોનલબેનને માર મારવાનું શરૂ કર્યું હતું. હેવાનિયતની હદ તો ત્યારે વટાવી જયારે પતિ સોનલબેનને માર મારતો મારતો ઘરથી છેક વાવડી ગામ સુધી લઈ ગયો હતો. ત્યાં રસ્તામાં પથ્થર ઉપાડી સોનલબેનના માથાના ભાગે જીવલેણ ઘા ઝીંકતા તેઓ બેભાન થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત સોનલબેનને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જાણવા મળ્યું છે કે સોનલબેનનો પતિ વ્યવસાયે ડ્રાઈવિંગ કરે છે.

# મોરબી રોડ પર શિવરાત્રિએ ભાંગના નશામાં પ્રૌઢ બેભાન

## દાલમીલના શ્રમિક વધુ પડતી ભાંગ પી લેતા બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખસેડાયા

**અબતક રાજકોટ**

શહેરમાં ગઈકાલે શિવરાત્રિના પર્વ નિમિત્તે પ્રસાદી રૂપે ભાંગ પીધા બાદ નશો ચડી જવાથી એક પ્રૌઢની તબિયત લથડતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વીગતો મુજબ શહેરના મોરબી રોડ પર આવેલ દાલમીલ જકાતનાકા પાસે રહેતા અને મૂળ બિહારના વતની સોહમ યાદવ (ઉં.વ. ૫૦) નામના પ્રૌઢ ગઈકાલે મહાશિવરાત્રિ નિમિત્તે ભાંગ પીધી હતી. ભાંગના નશાની અસર વધુ થઈ જતાં તેઓ પોતાના ઘરે બેભાન હાલતમાં મળી આવ્યા હતા. પરિવારજનો અને આસપાસના લોકો દ્વારા તેમને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સોહમ યાદવ મૂળ બિહારના રહેવાસી છે અને હાલ રાજકોટમાં દાલમીલમાં મજૂરી કામ કરી ગુજરાન ચલાવે છે. તેઓ ચાર ભાઈઓમાં સૌથી મોટા છે. તેમનો પરિવાર બિહારમાં રહે છે, જેમાં સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે.હાલ હોસ્પિટલના તબીબો દ્વારા તેમની પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી છે.

# માંડા ડુંગર વિસ્તારના તરૂણનું ટ્રેન નીચે પટકાતા મોત

## વેરાવળ રેલ્વે સ્ટેશન પર ટ્રેનમાં ચડતી વેળાએ પગ લપસી જતા ૧૩ વર્ષના કિશોરનું મોત

**અબતક રાજકોટ**

શહેરના માં ના ડુંગર વિસ્તારમાં રહેતા અને ધોરણ ૬ માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય તરુણનું વેરાવળ રેલ્વે સ્ટેશન પર ટ્રેન નીચે પટકાતા મોત નીપજ્યું છે. સોમનાથ દાદાના દર્શન કરીને પરત ફરતી વખતે સર્જાયેલી આ દુર્ઘટનાને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના માં ના ડુંગર શેરી નંબર ૧ માં રહેતા મોહિત નિલેશભાઈ બથવાર (ઉં.વ. ૧૩) ગત શનિવારે પાડોશીઓ સાથે સોમનાથ મહાદેવના દર્શન કરવા માટે ગયો હતો. રવિવારે દર્શન કરીને પરત આવતી વખતે વેરાવળ રેલ્વે સ્ટેશન પર રાજકોટ તરફ આવતી ટ્રેનમાં ચડતી વખતે અચાનક મોહિતનો પગ લપસી ગયો હતો. પગ લપસતા જ તે સીધો ટ્રેન નીચે પટકાયો હતો, જેમાં તેને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મોહિતને તાત્કાલિક વેરાવળની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે જૂનાગઢ અને ત્યારબાદ રાજકોટની સદભાવના હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જોકે, ટૂંકી સારવાર બાદ આજરોજ તરુણે દમ તોડ્યો છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મોહિત બે ભાઈઓમાં મોટો હતો અને ધોરણ ૬ માં અભ્યાસ કરતો હતો. તેના પિતા કારખાનામાં મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. હસતા-રમતા દીકરાના અકાળે અવસાનથી વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# હિટ એન્ડ રનઃ રેલનગરમાં અકસ્માતમાં પ્રૌઢનું મોત

## અજાણ્યા વાહને મોટરસાયકલને અડફેટે લેતા શ્રમિકે સારવારમાં દમ તોડયો

**અબતક રાજકોટ**

શહેરના રેલનગર મેઈન રોડ પર ગઈકાલે રાત્રિના સમયે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં શ્રમિક પ્રૌઢનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અજાણ્યા મોટરસાઈકલે હડફેટે લેતા ગંભીર રીતે ઘવાયેલા ભૂપતભાઈનું આજે હોસ્પિટલના બિછાને દમ તોડતા પરિવારમાં માતમ છવાઈ ગયો છે.મળતી માહિતી મુજબ, રેલનગર વિસ્તારના સંતોષીનગરમાં રહેતા ભૂપતભાઈ ચનાભાઈ ટોયટા (ઉં.વ. ૪૦) ગઈકાલે રાત્રે આશરે ૮ વાગ્યાના આસપાસ પોતાનું મોટરસાઈકલ લઈને કામેથી ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રેલનગર મેઈન રોડ પર પૂરપાટ ઝડપે આવતા એક અજાણ્યા મોટરસાઈકલ ચાલકે તેમને અડફેટે લીધા હતા.

અકસ્માતને પગલે લોહીલુહાણ હાલતમાં ભૂપતભાઈને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર ઈજાઓને કારણે આજે તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક ભૂપતભાઈ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના અવસાનથી ૨ દીકરા અને ૧ દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી છે.તેઓ ત્રણ ભાઈ અને બે બહેનોમાં વચેટ હતા. બનાવને પગલે પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.

(પહેલા પાનનું ચાલું)

## બજેટ સત્રનો આરંભ...

મચાવ્યો હતો. ‘‘ખેડૂતોના દેવા માફ કરો’’, ‘‘ડ્રગ્સનો કારોબાર સાફ કરો’’ના લગાવ્યા નારા લગાવ્યા હતા.

વિધાનસભાના બજેટ સત્રમાં ખેતી, સુરક્ષા અને રોજગાર પર ભારે મૂકવામાં આવશે. આગામી બુધવારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ ૨૦૨૫-૨૭નું અંદાજ પત્ર રજૂ કરશે.ગુજરાત વિધાનસભામાં આજે બપોરે ૧૨ કલાકે રાજ્યપાલના સંબોધન સાથે બજેટ સત્ર શરૂ થયું છે. જઈ રહ્યું છે. આગામી ૨૫ માર્ચે સત્ર સમાપ્ત થશે .૩૮ દિવસ સુધી ચાલનારા બજેટ સત્રમાં રાજ્ય સરકાર વિકાસનો રોડમેપ રજૂ કરશે.

બીજી તરફ વિપક્ષ વિવિધ મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે.આજે કોંગ્રેસ દ્વારા ગાંધીનગર ખાતે વિશાળ સભાનુ આયોજન કરવામાં આવ્યું છે. ત્યાર બાદ વિધાનસભા તરફ કૂચ કરશે.

આ સત્ર દરમિયાન યુજીસી,ગુજસીટોકમાં સુધારા સહિત અન્ય મહત્ત્વના વિધેયક પસાર કરાશે. ૩૮ દિવસમાં સત્રમાં ૨૩ દિવસ સુધી ગૃહમાં કામકાજ ચાલશે. આ સત્રમાં ૨૬ બેઠક મળશે.ગુજરાત વિધાનસભાનું સત્ર હંગામેદાર રહેવાની સંભાવના છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ખેડૂતોના પ્રશ્નો, કાયદો વ્યવસ્થા, મોંઘવારી સહિતના પ્રશ્નો ગૃહમાં ઉઠાવી શકે છે. બીજી તરફ મંગળવારે ભાજપના ધારાસભ્યોની બેઠક મળશે જેમાં વિપક્ષ સામે સરકારનો મજબૂતી સાથે પક્ષ રજૂ કરવા માર્ગદર્શન અપાશે. આક્રમકતા સાથે વિપક્ષનો સામનો કરવા રણનીતિ ઘડાશે.ગુજરાત દુકાન અને સંસ્થા(રોજગાર નિયમન અને સેવાની શરતો) સુધારા વટહુમક સંદર્ભે નિવેદન ગૃહ સમક્ષ આપશે. નાણાંકીય નિગમ, મહિલા આયોગ, ગુજરાત ખનીજ વિકાસ નિગમ સહિત વિવિધ વિભાગોનું અહેવાલ ગૃહમાં રજૂ થશે. અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભા મેજ પર મુકવામા આવ્યા છે.

## મોદીની સૂર્ય શક્તિ...

બીજી તરફ, રાજ્ય સરકાર સંચાલિત વીજ વિતરણ કંપનીઓ પણ આ યોજનાને પૂરતો સહયોગ આપી રહી નથી. આ કંપનીઓને ડર છે કે જો વધુને વધુ ગ્રાહકો પોતાની વીજળી જાતે ઉત્પન્ન કરતા થઈ જશે, તો વીજ કંપનીઓની આવકમાં મોટો ઘટાડો થશે. ખાસ કરીને એવા ગ્રાહકો જે વધુ વીજળી વાપરે છે અને ઊંચા બિલ ભરે છે, તેઓ સોલાર તરફ વળે તો ડિસ્કોમને મોટું નુકસાન જઈ શકે છે. આ કારણે ઘણી જગ્યાએ નેટ મીટરિંગની મંજૂરી આપવામાં અને ગ્રીડ સાથે જોડાણમાં બિનજરૂરી વિલંબ કરવામાં આવી રહ્યો છે.

સરકારી આંકડા મુજબ, આ યોજના માટે અત્યાર સુધીમાં ૧.૪૮ કરોડથી વધુ રજીસ્ટ્રેશન થયા છે, પરંતુ વાસ્તવિક ઈન્સ્ટોલેશનની સંખ્યા ખૂબ ઓછી છે. ગ્રાહકો તૈયાર છે, વેન્ડરો પાસે સોલાર મોડ્યુલનો સ્ટોક પડ્યો છે, પરંતુ લોન અને ટેકનિકલ મંજૂરીઓના અભાવે કામ અટકી પડ્યા છે. સોલાર ઈક્વિપમેન્ટ સપ્લાયર્સ પાસે હાલમાં મોટા પ્રમાણમાં ઈન્વેન્ટરી જમા થઈ ગઈ છે, જેના કારણે ઈન્ડસ્ટ્રી પર દબાણ વધ્યું છે.

કેન્દ્ર સરકાર માટે આ યોજના માત્ર ઊર્જા બચત જ નહીં, પરંતુ રોજગારી સર્જન અને પર્યાવરણ સુરક્ષા માટે પણ મહત્વની છે. જોકે, હાલની સ્થિતિ જોતા લાગે છે કે જ્યાં સુધી બેંકોને લોન આપવા માટે પ્રોત્સાહિત કરવામાં નહીં આવે અને વીજ કંપનીઓના વલણમાં ફેરફાર નહીં થાય, ત્યાં સુધી ૧ કરોડ ઘરોનો લક્ષ્યાંક પૂરો કરવામાં સમય લાગી શકે છે.

## ભારતે ઈતિહાસ રચ્યો...

આ માંગને સંતોષવા અને ગ્રીડની સ્થિરતા જાળવવા માટે સરકારે પરંપરાગત (થર્મલ) અને રિન્યુએબલ એનર્જી બંને પર ભાર મૂક્યો છે. આ નવી જંગી ક્ષમતા ઉમેરાવાથી આગામી ઉનાળામાં પીક ડિમાન્ડ સમયે વીજ પુરવઠો જાળવી રાખવામાં મોટી રાહત મળશે અને પાવર કટની સમસ્યા ઘટાડવામાં મદદ મળશે.

## એઆઈ...

મૂલ્યાંકન બાદ ૭૦ શ્રેષ્ઠ ટીમોની પસંદગી કરવામાં આવી છે, જેઓ હાલ દિલ્હીમાં યોજાયેલી સમિટમાં પોતાના ઈનોવેશન્સ રજૂ કરી રહ્યા છે.

આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવેલા એઆઈ મોડલ્સ સામાન્ય માનવીના જીવનની પાયાની સમસ્યાઓ પર કેન્દ્રિત છે. ખાસ કરીને ‘યુવા-એઆઈ’ કેટેગરીમાં ૧૩ થી ૨૧ વર્ષના યુવાનોએ અદભૂત કૌશલ્ય દાખવ્યું છે. જેમાં દ્રષ્ટિહીન લોકો માટે એવી ’આસિસ્ટિવ ટેકનોલોજી’ વિકસાવવામાં આવી છે, જે એઆઈની મદદથી તેમને રસ્તો બતાવવા અને આસપાસની વસ્તુઓ ઓળખવામાં મદદરૂપ થશે. તેવી જ રીતે, મેલેરિયા જેવી બીમારીનું વહેલું નિદાન કરવા અને ગ્રામીણ વિસ્તારોમાં ટેલિમેડિસિન સેવા પહોંચાડવા માટેના સચોટ મોડલ્સ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. આજકાલ સોશિયલ મીડિયામાં માથાના દુખાવા સમાન બનેલા ડીપફેક અને ફેક વીડિયોને ત્વરિત પકડી પાડવા માટેના ટૂલ્સ પણ અહીં રજૂ કરાયા છે.

મહિલા નેતૃત્વને પ્રોત્સાહન આપતી ‘એઆઈ બાય હર’ ચેલેન્જમાં પણ ૫૦ દેશોની મહિલાઓએ કેન્સર સ્ક્રીનિંગ, ન્યુટ્રિશન અને નાણાકીય સમાવેશ જેવા ક્ષેત્રોમાં એઆઈનો ઉપયોગ કરીને ચોંકાવનારા પરિણામો આપ્યા છે. જ્યારે ‘એઆઈ ફોર ઓલ’ શ્રેણીમાં ખેતી અને પર્યાવરણને લગતી સમસ્યાઓ જેવી કે સોઈલ હેલ્થ એનાલિસિસ અને ક્લાયમેટ રિસ્ક એસેસમેન્ટ પર ભાર મૂકવામાં આવ્યો છે. આગામી પાંચ દિવસ સુધી ચાલનારા આ મંથન દરમિયાન શોર્ટલિસ્ટ થયેલી ટીમો પોલિસી મેકર્સ અને મોટા રોકાણકારો સમક્ષ પોતાના પ્રોજેક્ટ્સ રજૂ કરશે. વિજેતાઓને તેમના વિચારોને રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અમલી બનાવવા માટે સરકાર દ્વારા જરૂરી સહાય અને પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે, જેનાથી ભારતની એઆઈ શક્તિનો ડંકો સમગ્ર વિશ્વમાં વાગશે.

## નરેન્દ્ર મોદી...

ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે, તે જ રીતે હવે એઆઈ અને ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પણ ક્રાંતિ લાવવા તૈયાર છે. પીએમ મોદીએ કહ્યું કે, ‘‘અમે ઇચ્છીએ છીએ કે વિશ્વભરનો ડેટા ભારતમાં સુરક્ષિત રહે, કારણ કે ડેટા સેન્ટર્સ આપણા યુવાનો માટે રોજગારીના લાખો નવા અવસરો પેદા કરશે.‘‘

## સ્ટીલ...

ભારત પાસે અત્યારે પૂરતો ભંગાર ઉપલબ્ધ નથી અને વિદેશોએ ભંગારની નિકાસ પર પ્રતિબંધ મૂકવાનું શરૂ કર્યું છે.જૂના ભંગારમાંથી સ્ટીલ બનાવવાથી પ્રદૂષણ ૭૦-૭૫% ઓછું થાય છે અને ઉર્જાની મોટી બચત થાય છે. અમેરિકા અને યુરોપ જેવા દેશો હવે પોતાનો ભંગાર બીજા દેશોને આપવા તૈયાર નથી, કારણ કે તેઓ પણ ગ્રીન સ્ટીલ તરફ વળી રહ્યા છે. ભંગારમાંથી સ્ટીલ બનાવવું ૨૦-૨૫% સસ્તું પડે છે. ભારત સરકાર ટૂંક સમયમાં નવી ’સ્ટીલ સ્ક્રેપ રિસાયકલિંગ પોલિસી’ લાવવા જઈ રહી છે, જે ઉદ્યોગો માટે ખૂબ મહત્વની છે.

ટાટા સ્ટીલ અને JSW સ્ટીલ જેવી મોટી કંપનીઓ હવે પોતાના જ રિસાયકલિંગ પ્લાન્ટ (જેમ કે રોહતક અને લુધિયાણામાં) નાખી રહી છે જેથી તેઓને ભંગાર માટે બીજા પર નિર્ભર ન રહેવું પડે. ભારત જો સ્ટીલ ક્ષેત્રે સુપરપાવર બનવા માંગતું હોય, તો તેણે કચરા (ભંગાર) માંથી કંચન બનાવવાની કળા અને વ્યવસ્થાને ઝડપથી મજબૂત કરવી પડશે.ભારત ૨૦૩૦ સુધીમાં ૩૦૦ મિલિયન ટન અને ૨૦૪૭ સુધીમાં ૫૦૦ મિલિયન ટન સ્ટીલ બનાવવાનું લક્ષ્ય રાખે છે. અત્યારે ભારતમાં માથાદીઠ સ્ટીલ વપરાશ દુનિયાના સરેરાશ કરતા ઓછો છે, જે આવનારા સમયમાં ઝડપથી વધવાનો છે.

પર્યાવરણને અસર ન થાય તે રીતે ઝીરો કાર્બનની પ્રક્રિયામાં ચીમનીમાંથી ઝેરી ધુમાડાને બદલે માત્ર પાણીની વરાળ નીકળે છે. ભંગારમાંથી સ્ટીલ બનાવવામાં નવી ખાણકામ પ્રક્રિયા કરતા ૫૬% ઓછી ઉર્જા વપરાય છે. જો ભારત ગ્રીન સ્ટીલ નહીં બનાવે, તો યુરોપ અને અમેરિકા જેવા દેશો ભારતનું સ્ટીલ ખરીદવા પર ભારે ટેક્સ નાખશે અથવા ખરીદવાનું બંધ કરી દેશે.

(ત્રીજા પાનાનું ચાલુ)

## ઈશા યોગ કેન્દ્ર

(ત્રીજા પાનાનું ચાલુ)

ઈશા યોગ કેન્દ્ર

આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક ઉજવણી બનાવી છે અને આધ્યાત્મને જીવનને વધુ અસરકારક તેમજ સંતુલિત બનાવતા વિજ્ઞાન તરીકે રજૂ કર્યું છે.

સદ્ગુરુએ મહાનુભાવોનું સ્વાગત કર્યું અને તેમને ધ્યાનલિંગમાં પંચ ભૂત ક્રિયા (પાંચ તત્વોની શુદ્ધિ)માં ભાગ લેવડાવ્યો. ત્યારબાદ આદિયોગી પાસે યોગેશ્વર લિંગને કૈલાશ તીર્થ અર્પણ કરીને મહાયોગ યજ્ઞનો દીપ પ્રગટાવી ઉજવણીનો પ્રારંભ કર્યો. કાર્યક્રમ ભવ્ય લિંગ ભૈરવી ઉત્સવ મૂર્તિ શોભાયાત્રા અને મહાઆરતી સાથે શરૂ થયો.

આ વર્ષની થીમ ‘‘ગંગા‘‘ હતી, જે પવિત્ર નદીના આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય પરિમાણોને પ્રકાશિત કરે છે. કાર્યક્રમમાં શક્તિશાળી ધ્યાન, ઊર્જાવાન સંગીત, નૃત્ય પ્રદર્શન અને અગ્રણી ભારતીય કલાકારોની જીવંત પ્રસ્તુતિઓ રહી.

સદ્ગુરુએ કહ્યું, ‘‘આદિયોગી ભૂતકાળના નથી, ભવિષ્યના છે તેમણે સુખાકારી માટેની ટેક્નોલોજી આપી છે. અંદર તરફ વળવું એ જ એકમાત્ર રસ્તો છે.‘‘

આ અવસરે ’ભવ્ય ભારત ભૂષણ’ એવોર્ડની શરૂઆત થઈ, જેમાં વિજ્ઞાન-ટેક્નોલોજી, શાસ્ત્રીય નૃત્ય, સંગીત, ઈતિહાસ-સંસ્કૃતિ, રમતગમત અને સેના ક્ષેત્રે યોગદાન આપનારાઓને સન્માનિત કરવામાં આવ્યા, જેમાં નંબી નારાયણ, અલરમેલ વલ્લી, એન. રાજમ, વિક્રમ સંપથ, સાયના નેહવાલ તથા ઓપરેશન સિંદૂરના વીર જવાનોનો સમાવેશ થાય છે.

૭૦થી વધુ દેશોમાંથી હજારો ભક્તો ઉપસ્થિત રહ્યા, ૪,૦૦૦થી વધુ સ્વયંસેવકોએ સેવા આપી. આ મહોત્સવ અબતક ચેનલો અને ડિજિટલ પ્લેટફોર્મ પર લાઈવ પ્રસારિત થયો.

(૧૧માં પાનાનું ચાલું)

## બેડી યાર્ડમાં ઓમકાર્ટ...

સરળતા રહે તે માટે આ સુવિધા ઊભી કરવામાં આવી છે.

માલિક પક્ષ દ્વારા જણાવ્યા મુજબ, કુવાડવા સ્થિત ઉત્પાદન એકમમાંથી તૈયાર થતો માલ અને હરિ ઓમ કૃષિ ઉદ્યોગમાં શીતભંડારની સુવિધા હોવાને કારણે ગુણવત્તા જાળવવામાં વિશેષ ધ્યાન આપવામાં આવે છે.આસપાસના દસ કિલોમીટર વિસ્તાર સુધી નિઃશુલ્ક પહોંચ સેવા આપવામાં આવશે. ગ્રાહકો દર્શાવેલ દુરભાષ ક્રમાંક પર સંદેશા દ્વારા ઓર્ડર નોંધાવી શકશે.

રાજકોટ બેડી યાર્ડમાં આજે ‘ઓમકાર્ટ’ સુપર મોલનું ઉદ્ઘાટન થયું છે. ત્યારે અબતક સાથેની વાતચીતમાં રાજુભાઈ કક્કડ જણાવ્યું હતું કેએપીએમસી વિસ્તારમાં સુપર માર્કેટનો આ પહેલો પ્રયોગ છે. ખેડૂતો અને વેપારીઓને એક જ સ્થળે ગુણવત્તાયુક્ત અને વ્યાજબી ભાવે તમામ વસ્તુઓ મળી રહે તે હેતુથી આ વિચાર અમલમાં મૂક્યો છે. મારા ભાગીદારોના સહકારથી આ સપનું સાકાર થયું છે. આસપાસના દસ કિલોમીટર સુધી નિઃશુલ્ક પહોંચ સેવા આપીએ છીએ.

ખેડૂતો, વેપારીઓ અને ઘરગથ્થુ જરૂરિયાત માટે સૌરાષ્ટ્રમાં પહેલુ સુપર માર્કેટઃ નિલેશ રામાણી (વેપારી) અબતક સાથેની વાતચીતમાં નિલેશભાઈ રામાણી એ જણાવ્યું હતું કે અહીં આવતા વેપારીઓ અને ખેડૂતો માટે હવે ખરીદી સરળ બની છે. ‘ઓમકાર્ટ’ મોલમાં ગુણવત્તાયુક્ત અને યોગ્ય ભાવે સારી વસ્તુઓ ઉપલબ્ધ છે. અહીંની વ્યવસ્થા સુગમ અને વ્યવસ્થિત હોવાથી ગ્રાહકોને ખાસ સુવિધા મળે છે.રાજકોટના વેપાર અને કૃષિ ક્ષેત્ર માટે ‘ઓમકાર્ટ’ સુપર મોલ એક નવી પહેલ સાબિત થઈ રહ્યો છે.

## જીતના જશ્ન...

કાર્યક્રમમાં અંબિકા ટાઉનશીપના રહેવાસીઓએ રાત્રીના બાર વાગ્યાની ભવ્ય આરતી સુધી માણેલ હતો. ક્રિકેટમાં ભારતની જીતની ખુશી સમયે ભારત માતા અને દેશ ભકિતના ગીતો ગુંજી ઉઠયા હતા.

સમગ્ર આયોજન જીજ્ઞેશભાઈ કાલાવડીયા, સંજયભાઈ ખીરસરીયા, કેવલ ગરધરીયા અને શિરીષભાઈ મેધપરાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ કમીટીએ જહેમત ઉઠાવીને આયોજનને સફળ બનાવેલ હતું.

સમગ્ર આયોજન સંસ્થાની ગરબીની બાળાઓના લાભાર્થે યોજવામાં આવેલ હતો. સમગ્ર આયોજનમાં મંદિરના ભકતજનોએ ઉત્સાહ ઉમંગ ભેર ભાગ લઈને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## ક્રિષ્ના વોટર પાર્ક...

ખાસ કરીને સંતાનો અને વૃદ્ધોને પર્વનો આનંદ અનુભવવાનો અનોખો અવસર મળે છે. આ કાર્યક્રમમાં બાળકો અને વૃદ્ધોને એકબીજાની સાથે આનંદ માણવાનો અવસર મળતા, તેમને પર્વની પ્રામાણિકતા અને સાંસ્કૃતિક મૂલ્યોનો અનુભવ થતો હોય છે.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજના તમામ વર્ગોને મહાશિવરાત્રીના પવિત્ર તહેવારની ખુશીઓથી જોડાવું અને ખાસ કરીને કમજોરીવાળા બાળકો, વૃદ્ધો અને અનાથોને ખુશીનો અનુભવ કરાવવાનો હતો. લોકોએ વોટર પાર્કની મોજ માણતા પર્વને યાદગાર બનાવ્યું અને સુરેશભાઈના સેવા અને સંકલ્પ માટે પ્રશંસા વ્યક્ત કરી

## વ્હાલાને ટાઈમ દે...

અનુભવનો અનુભવ મળ્યો.

નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમના ફાઉન્ડર પ્રેસિડેન્ટ સાંઈરામ દવે પણ કાર્યક્રમમાં હાજર રહ્યા. તેમણે વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી કે આ પ્રકારના સમય સાથે પસાર કરવાથી પરિવારજનો વચ્ચેના સંબંધો મજબૂત થાય છે અને બાળકો માટે પણ તે કેવી રીતે શિક્ષણમૂલ્યવાળી અનુભૂતિ બની શકે છે.

કેમ્પસ ડિરેકટર અમિત દવેએ જણાવ્યું કે આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓને પોતાના પરિવારજનો અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડીને રાખવામાં મહત્વનો ભાગ ભજવે છે. આવો કાર્યક્રમ માતા-પિતા અને બાળકોને એકબીજાને સમજવા, પ્રોત્સાહિત કરવા અને ભાવનાત્મક રીતે નજીક લાવવા માટે ખાસ ઉપયોગી સાબિત થાય છે.

## બ્રહ્મસમાજ...

સાથે મજબૂત એકતા દર્શાવવાનો સંકલ્પ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.આ માત્ર મીટિંગ નથી બ્રહ્મશકિતનું પ્રદર્શન!, ન્યાય, નેતૃત્વ અને સન્માન માટેનો સંઘર્ષ!,અભય અવાજને બુલંદ કરવાની ઘડી!મતદાન દ્વારા અમૃતા ભારદ્વાજને ભવ્ય વિજય અપાવીએ!

બ્રહ્મસમાજની એકતા ગુજરાત સુધી ગુંજાય એવી ઓળખ બનાવીએ! તેવી અપીલ કશ્યપ શુકલ (બોર્ડિંગ ટ્રસ્ટી),દર્શિત જાની ( પ્રમુખ),નલિન જોશી ( ઉપપ્રમુખ),જયેશ જાની (એડવોકેટ),પ્રશાંત જોશી (એડવોકેટ) અને દીપક પંડ્યા (મહામંત્રી) સહિતના અગ્રણીઓ દ્વારા કરવામાં આવી છે.

(૧૨માં પાનાનું ચાલુ)

## પાકિસ્તાનની ‘‘ભઠ્ઠી’’ બગાડી નાખી

કુલ સ્કોરે સઈમ ઐયૂબે ભારતને ઉપરા ઉપરી બે આંચકા આપ્યા હતા. તેણે ડાબેરી બેટર તિલક વર્માને લેગબિફોર કર્યા પછીના જ બોલે હાર્દિક પંડ્યાને પેવેલિયનમાં મોકલી દીધો હતો. આ સમયે ઐયૂબ હેટ્રિક પર હતો અને તેણે ત્રીજા બોલે શિવમ દૂબે માટે અપીલ પણ કરી હતી પરંતુ રિપ્લેમાં દૂબે નોટઆઉટ જાહેર થયો હતો.

## સાઈના નેહવાલ

ઓળખાય છે. તેમણે મહિલા ખેલાડીઓ માટે અગાઉ અશક્ય લાગતી સીમાઓ તોડી અને ભારતને વિશ્વ બેડમિન્ટના મંચ પર મજબૂત સ્થાન અપાવ્યું. તેમની કઠોર મહેનત, નિયમિતતા, ઈજાઓ અને પડકારોનો સામનો કરીને પરત ફરવાની ક્ષમતા અને અટલ વિશ્વાસે લાખો યુવાનોને પ્રેરણા આપી છે. તેઓ પદ્મ ભૂષણથી પણ સન્માનિત થયેલા છે.

સૈના નેહવાલે આ પુરસ્કાર મેળવ્યા બાદ પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, આ પવિત્ર દિવસે મને ભવ્ય ભારત ભૂષણ પુરસ્કાર મળવાથી ખૂબ નમ્રતા અનુભવાય છે અને હું આભારી છું.

(છેલ્લા પાનાનું ચાલુ)

## ગુજરાત ‘‘ખાલિસ્તાન’’માં...

બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેમાં સંત કબીર સ્કૂલની ૩ બ્રાન્ચ, બોપલમાં આવેલી ડીપીએસ નવરંગપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા, ઘાટલોડિયાની કેલોરેક્ષ સ્કૂલ, વસ્ત્રાપુરની સ્વયંમ સ્કૂલ અને એપલ ગ્લોબલ સ્કૂલને નિશાન બનાવીને આ ધમકીભર્યો ઈમેઈલ મોકલવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ તાત્કાલિક પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો કાર્યરત થઈ ગઈ છે. આ ધમકીભર્યા મેલમાં લખ્યું હતું કે, ’મોદી-શાહ ખાલિસ્તાનના દુશ્મન, તમારા બાળકોને બચાવી લો’ તેઓ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

રાજ્યભરમાં છેલ્લા ઘણા સમયથી શાળાઓ,સરકારી કચેરીઓ અને કોર્ટ બિલ્ડીંગને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીઓ છાશવારે મળી રહી છે. જેના જડ સુધી હાજી પોલીસ કે સુરક્ષા એજન્સીઓ પહોંચી શકે નથી.

## કીર્તી પટેલ...

નથી મારી પાછળ પાછળ નહી ફરવાનું’ દરમિયાન તેણી સુરક્ષા કર્મચારીઓને ચકમો આપી મૃગી કુંડમાં પહોંચી ગયા હતા. જયાં તેઓએ સાધુ સંતો સાથે સ્નાન કર્યુ હતું. સ્નાનનો વિડીયો વાયરલ થતા મહા શિવરાત્રીના મેળામાં મહા વિવાદ ફાટી નીકળ્યો છે. સાધુ - સંતોમાં ભારે નારાજગી વ્યાપી જવા પામી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ કીતી પટેલ સામે કાર્યવાહી કરવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. સાધુ-સંતો સાથે ચર્ચા કર્યા બાદ કીર્તી પટેલ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

અન્ય એક બીજી ઘટનામાં પોલીસ અધિકારી પીઆઇ વરિયાએ પણ મૃગી કુંડમાં ડુબકી લગાવી હોવાની ઘટના સામે આવી છે.

કીર્તી પટેલ અને પીઆઇ વરિયાએ પરંપરા તોડતા સનાતનીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તાત્કાલક અસરથી આ બન્ને સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. જયાં સ્નાન માટે માત્ર સાધુ સંતોને મંજુરી આપવામાં આવે છે. તેવી પવિત્ર જગ્યા સુધી આ બન્ને કેવી રીતે પહોચ્યા અને તેઓને મૃગી કુંડમાં સ્નાન કરતા કોઈએ રોકયા પણ નહી આ તમામ પ્રશ્નો ભાવિકોના મનમાં ઉઠી રહ્યાં છે.

જૂનાગઢના મહાશિવરાત્રી મેળાના ગઈકાલે અંતિમ દિવસે રાત્રિના સમયે નીકળેલી સાધુ, સંતોની રવાડીમાં કીર્તિ પટેલ જોડાઈ હતી. અને બાદમાં મૃગી કુંડ ખાતે શાહી સ્નાનમાં પણ કીર્તિ પટેલે સંતો સાથે ડૂબકી મારતા આ બાબતે વિવાદ સર્જાયો છે.

અનેક વિવાદોમાં ઘેરાયેલ અને ૨૦૨૫ માં એક મહિનો સુધી જેલમાં રહી ચૂકેલ કીર્તિ પટેલ ગઈકાલે ભવનાથના શિવરાત્રી મેળામાં રવાડી દરમિયાન પહોંચી હતી. અને સાધુ, સંતો સાથે રવાડીમાં જોડાઈ હતી. બાદમાં આ રવાડી ભાવનાથ મંદિર ખાતે પહોંચતા કીર્તિ પટેલ સાધુ, સંતો સાથે મૃગીકુંડ સુધી પહોંચી ગઈ હતી અને હર હર મહાદેવનો નાદ કરી સંતોની સાથે મૃગી કુંડમાં ડૂબકી પણ લગાવી હતી.

આ બાબતે સાધુ સંતોમાં નારાજગી પ્રસરી હતી અને કીર્તિ પટેલ સામે પગલા ભરાય તેવી માંગ ઉઠી હતી. જે અંગે મેળા અધિકારી અને જૂનાગઢના પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આ બાબતે સાધુ સંતો સાથે ચર્ચા કરાશે અને જો અયોગ્ય હશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## મંથન બેઠક...

નેશનલ કોઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ અને ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડમાં રાજ્યોની ભૂમિકા, ભાગીદારી અને અપેક્ષાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

વધુમાં, રાજ્યના સહકારી કાયદાઓમાં સમયબદ્ધ સુધારા, ૯૭મા બંધારણીય સુધારાને અનુરૂપ મોડેલ કાયદા અપનાવવા, સહકારી ખાંડ મિલોની આર્થિક વ્યવહાર ક્ષમતા વધારવા, ડેરી ક્ષેત્રમાં ટકાઉપણું અને વૃદ્ધિને પ્રોત્સાહન આપવું તેમજ અમૂલ અને એનડીડીસી ના સહયોગથી નવી ડેરી સહકારી મંડળીઓની રચના અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

કઠોળ અને મકાઈના ઉત્પાદનને પ્રોત્સાહન, સહકારી બેંકોના વિવિધ પડકારોનું નિરાકરણ, શેર સર્વિસ એન્ટિટીઝ અને અમ્બ્રેલા સ્ટ્રક્ચર્સને મજબૂત કરવા, સભ્યપદ અને જાગૃતિ અભિયાનનો વિસ્તાર કરવો અને અસરકારક મીડિયા પ્લાનિંગ વિકસાવવા જેવા વિષયો પણ બેઠકમાં વિચાર-વિમર્શનો ભાગ બનશે.

આ ઉપરાંત, પીએસીએસ અને આરસીએસ કચેરીઓના કોમ્પ્યુટરાઈઝેશન, નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝનો ઉપયોગ, માનવ સંસાધન વિકાસ અને તાલીમ તથા નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનની યોજનાઓના અમલીકરણ અંગે રાજ્યોની અપેક્ષાઓ પર પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે.

આ ’મંથન બેઠક’ સહકારી સંઘવાદની ભાવનાને વધુ મજબૂત બનાવશે અને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે ગાઢ સંકલન વધારશે, જેનાથી સહકારી સંસ્થાઓ પાયાના સ્તરે સમૃદ્ધિ, રોજગાર નિર્માણ અને આત્મનિર્ભરતાનું શક્તિશાળી સાધન બનશે.

## અમિત શાહ...

રહેશે. આ વિશે વધુમાં વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, આ વ્યવસ્થા આગામી ત્રણ-ચાર વર્ષમાં સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. જેથી દેશભરમાં ગરીબોને તેમના હકનું ગુણવત્તાયુક્ત રાશન તેમના સમયે સંપૂર્ણ પારદર્શિતા સાથે પ્રાપ્ત થશે.

અંતમાં કેન્દ્રીય ગૃહ મંત્રીએ સીબીડીસી અને પારદર્શક વિતરણ વ્યવસ્થાના પાયલોટ પ્રોજેક્ટ માટે ગુજરાતની પસંદગી કરવા બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી પ્રલ્હાદ જોશી અને ગુજરાત સરકારને અભિનંદન પાઠવી આ લીક-પ્રૂફ સિસ્ટમને વિકસિત ભારતનો બ્લુ પ્રિન્ટ ગણાવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના દિશાદર્શનમાં ‘‘જે કહેવું તે કરવું‘‘ના મંત્ર સાથે દેશમાં જનકલ્યાણનો નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં હવે અનાજ મેળવવા માટે ’ગ્રેઈન એટીએમ’ કાર્યરત થશે. આ એટીએમ દ્વારા માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજનું વિતરણ શક્ય બનશે અને તે ૨૪ કલાક કાર્યરત રહેશે. આ સુવિધાથી ખાસ કરીને શ્રમિકો અને મજૂર વર્ગ તેમના કામકાજના કલાકો પછી પણ ગમે ત્યારે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ મળવાપાત્ર ઘઉં, ચોખા અને દાળ મેળવી શકશે, જે છેવાડાના માનવીના સશક્તિકરણની દિશામાં મોટું પગલું પૂરવાર થશે.

આ ટેકનોલોજીના માધ્યમથી લાભાર્થીઓને ડિજિટલ ટોકન દ્વારા સબસિડી, વસ્તુનું વજન અને તેની કિંમતની સચોટ જાણકારી મળશે. આ ડિજિટલ ટ્રેકિંગ અને મોનિટરિંગને કારણે યોજનાના લાભોમાં ૧૦૦ ટકા પારદર્શિતા આવશે અને ’સેચ્યુરેશન એપ્રોચ’ એટલે કે દરેક પાત્ર લાભાર્થી સુધી પહોંચવાનો સરકારનો સંકલ્પ ખરા અર્થમાં સાકાર થશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દેશની ડિજિટલ કરન્સી ગરીબની થાળી સુધી અનાજ પહોંચાડશે. આજે ગુજરાતની ધરતી પર ફરી એકવાર ઈતિહાસ સર્જાવા જઈ રહ્યો છે. આપણે સૌ એક એવી ક્રાંતિના સાક્ષી બનવા જઈ રહ્યા છીએ, જે માત્ર ગુજરાતની જ નહીં પરંતુ સમગ્ર ભારતની જાહેર વિતરણ વ્યવસ્થાની દિશા અને દશા બદલી નાખશે.ભારત જેવા વિશાળ દેશમાં ’અન્ન સુરક્ષા’ હંમેશા એક મોટો પડકાર રહ્યો છે. ભૂતકાળમાં સરકારી અનાજ લાભાર્થી સુધી પહોંચતા પહેલા વચેટિયાઓની અને રેશનિંગની દુકાનો પર લાંબી કતારો જેવી સમસ્યાઓ જોવા મળતી હતી. જેનો અંત આવશે.

તેમણે ઉમેર્યું કે, સામાન્ય રીતે નવી ટેકનોલોજીનો પ્રથમ લાભ મોટા ઉદ્યોગપતિઓને મળતો હોય છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વમાં ભારતે એક નવી રાહ ચીંધી છે. ’ડિજિટલ કરન્સી’ જેવી આધુનિક ટેકનોલોજીનો સૌથી પહેલો ઉપયોગ ગરીબની થાળી સુધી ભોજન પહોંચાડવા માટે કરવામાં આવી રહ્યો છે. હવે, લાભાર્થીઓએ દુકાનદારની રાહ જોવાની જરૂર રહેશે નહીં. ૨૪ કલાકમાં ગમે ત્યારે ગ્રેઈન અઝખ પર જઈને માત્ર ૦૫ મિનિટમાં જ અનાજ મેળવી શકશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રોગચાળામાં અકલ્પનીય ઘટાડો: સપ્તાહમાં માત્ર ૧૨૭૦ જ કેસ

## ડેન્ગ્યૂના નવા બે કેસ મળી આવ્યા: શરદી-ઉધરસના ૫૮૨, સામાન્ય તાવના ૫૭૧, ઝાડા-ઉલ્ટીના ૧૧૪ અને કમળાનો એક કેસ નોંધાયો

**અબતક, રાજકોટ**

શિયાળો વિદાય લેવા ભણી આગળ વધી રહ્યો છે. ઉનાળાનું ધીમી ગતિએ આગમન થઈ રહ્યું છે ત્યારે ગત સપ્તાહે શહેરમાં રોગચાળાના આંકડામાં અકલ્પનીય ઘટાડો નોંધાયો છે. એક ખાનગી કે સરકારી હોસ્પિટલમાં એક દિવસમાં જેટલા આંકડાઓ નોંધાઈ તેના કરતા પણ ઓછા રોગચાળાના આંકડા છેલ્લા એક સપ્તાહમાં કોર્પોરેશનના ચોંપડે નોંધાયા છે. જે શંકાસ્પદ લાગી રહ્યા છે. મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો જાણે એક જ સપ્તાહમાં કાબૂમાં આવી ગયો હોય તેવું લાગી રહ્યું છે. જો કે, આમપણ ચોમાસાની સિઝનમાં કોર્પોરેશન દ્વારા જાહેર કરવામાં આવતા રોગચાળાના આંકડાઓ હમેંશા શંકાસ્પદ જ રહેતા હોય છે. સાચા આંકડાઓ ક્યારેય જાહેર કરવામાં આવતા નથી. તે પણ મોટી વાસ્તવિકતા છે.

આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં શહેરની ખાનગી અને સરકારી હોસ્પિટલમાં ડેન્ગ્યૂના નવા બે કેસ મળી આવ્યા છે. છેલ્લા દોઢ માસમાં ડેન્ગ્યૂના ૬ કેસ કોર્પોરેશનના ચોંપડે નોંધાયા છે. આ ઉપરાંત શરદી-ઉધરસના ૫૮૨ કેસ, સામાન્ય તાવના ૫૭૧ કેસ, ઝાડા-ઉલ્ટીના ૧૧૪ અને કમળા તાવનો એક કેસ નોંધાયો છે. મેલેરિયા અને ચીકનગુનિયાનો નવો એકપણ કેસ નોંધાયો નથી.





પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે અલગ-અલગ વિસ્તારમાંથી પાણીના ૯૬૮ નમૂના લેવામાં આવ્યા હતા. ક્લોરિન ટેસ્ટમાં તમામ પાસ થયા છે. રોગચાળાને અટકાવવા માટે કોર્પોરેશનની ટીમો દ્વારા ૧૨૯૫૧ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. ફિલ્ડવર્કરો દ્વારા ૯૩૮ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. જ્યાં માનવ સમૂદાય વધુ માત્રામાં એકત્રિત થતો હોય તેવા સ્થળોએ માઉન્ટેન ફોગીંગ મશીન દ્વારા ફોગીંગ કરવામાં આવ્યું હતું.

બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, સરકારી કચેરી, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્સ, ભંગારના ડેલા, સેલર, વાડી, હોલ, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ અને પેટ્રોલ પંપ સહિત બિન રહેણાંક હેતુની ૩૦૭ મિલકતોમાં મચ્છરની ઉત્પતિ સબબ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત માત્ર ૨૩ સ્થળોએથી મચ્છરના ઉપદ્રવ જણાતા તમામને નોટીસ આપવામાં આવી હતી. આ ઉપરાંત રહેણાંક હેતુની મિલકતોમાં ચેકીંગ દરમિયાન ૧૨૩ સ્થળોએથી મચ્છરના પોરા મળી આવતા તમામને નોટીસ આપવામાં આવી છે.

# શહેર કોંગ્રેસના નેતા-કાર્યકરો બહોળી સંખ્યામાં 'જન આક્રોશ સભા'માં જોડાયા

## અન્યાય સામે જંગનો સ્પષ્ટ એલાન: રાજદીપસિંહ જાડેજા

**અબતક રાજકોટ**

અન્યાય, અત્યાચાર, ભ્રષ્ટાચાર અને જનતાના જીવંત પ્રશ્નો પ્રત્યે સરકારની સતત ઉદાસીનતા સામે હવે આરપારની લડત આપવાના સંકલ્પ આજે  ગાંધીનગર ખાતે સત્યાગ્રહ છાવણીમાં આયોજિત 'જન આક્રોશ સભા'માં ભાગ લેવા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજા સહિત શહેર કોંગ્રેસના હોદેદારો, આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો દ્રઢ નિશ્ચય સાથે ગાંધીનગર માટે રવાના થયા હતા.

રાજકોટથી કાર્યકરો જોરદાર સૂત્રોચ્ચાર અને જનહિતના સંકલ્પ સાથે પ્રસ્થાન કર્યા હતા. ગુજરાતમાં ખુલ્લેઆમ ફેલાયેલ ડ્રગ્સ અને દારૂનો ધંધો, યુવાનોને બેરોજગાર બનાવતી નિષ્ફળ નીતિઓ, ખેડૂતો પર સતત થતા અન્યાય, મહિલાઓની અસુરક્ષા, આદિવાસી સમાજના હકો પર થતા હુમલા, બેફામ મોંઘવારી અને વ્યાપક ભ્રષ્ટાચાર સામે હવે જનતા મૌન રહેવાની નથી-આ સ્પષ્ટ સંદેશ સાથે આ જન આક્રોશ સભામાં ઉપસ્થિતિ નોંધાવવામાં આવી રહી છે.



રવાના થવા પૂર્વે ડો. રાજદીપસિંહ જાડેજાએ તીવ્ર પ્રહાર કરતા જણાવ્યું હતુ કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગંભીર રીતે ખોરવાઈ ગઈ છે. ડ્રગ્સ અને દારૂના કાળા ધંધાએ યુવાનોનું ભવિષ્ય બરબાદ કરી નાખ્યું છે, છતાં સરકાર આંખ આડે કાન કરી બેઠી છે. રોજગારના નામે માત્ર જાહેરાતો થાય છે, જ્યારે હકીકતમાં યુવાનો નિરાશ બની રહ્યા છે. આવી નિષ્ફળ અને જનવિરોધી નીતિઓ સામે કોંગ્રેસ પક્ષ મજબૂતીથી રસ્તા પર ઉતર્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'જન આક્રોશ સભા' એ માત્ર વિરોધનો કાર્યક્રમ નથી, પરંતુ જનતાના વર્ષોથી દબાયેલા રોષ અને પીડાનો પ્રબળ વિસ્ફોટ છે. રાજ્ય અને દેશની જનતા હવે જવાબ માંગે છે અને પોતાના અધિકારો, સંવિધાનિક મૂલ્યો તથા લોકશાહીની રક્ષા માટે સંઘર્ષ કરવા સંપૂર્ણ રીતે તૈયાર છે.

રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે જનતાના હકો માટેની આ લડત અટકશે નહીં. ગાંધીનગર ખાતે યોજાનારી આ 'જન આક્રોશ સભા' અન્યાયી નીતિઓ સામે સશક્ત જનઆંદોલનનું સ્વરૂપ ધારણ કરશે અને સરકારને જનતાના પ્રશ્નોનો જવાબ આપવા મજબૂર કરશે. રાજકોટ થી ડો. રાજદીપસિંહ જાડેજા સહિત જસવંતસિંહ ભટ્ટી, ડી પી મકવાણા,વશરામભાઈ સાગઠીયા ,નીતિનભાઈ ભંડેરી , હાજીભાઈ આેડિયા,મુકુંદભાઈ ટાંક,માવજીભાઈ રાખસીયા ,કોમલબેન ભારાઈ,નયના જાડેજા,ગોવિંદભાઈ સભાયા ઠાકરશીભાઈ ગજેરા,સિકંદરભાઈ ડાકોરા,રાજુભાઈ આમરણીયા જીજ્ઞેશભાઈ જાડેજા કમલેશભાઈ વેકરીયા સુરેશભાઈ ગૈરયા નંદાભાઈ ડાંગર સહિત આગેવાનો અને કાર્યકરો રવાના થયા હતા.

# રાજસ્થાનના અલવરમાં કેમિકલ ફેક્ટરીમાં પ્રચંડ ધડાકા બાદ ભીષણ આગ: ૭ શ્રમિકોના મોત

## આગ લાગવાનું કારણ અકબંધ, શોર્ટ સર્કિટ અથવા અંદર પડેલા જ્વલનશીલ પદાર્થોને કારણે આ હોનારત સર્જાઈ હોવાનું અનુમાન

**અબતક, રાજકોટ**

રાજસ્થાનના અલવર જિલ્લામાંથી એક અત્યંત હ્રદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. ખુશખેડા ઔદ્યોગિક ક્ષેત્રમાં આવેલી એક ફેક્ટરીમાં ભીષણ આગ ફાટી નીકળતા સાત લોકોના જીવતા ભુંજાઈ જવાથી કરૂણ મોત નિપજ્યા છે. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને અંદર કામ કરી રહેલા લોકોને બહાર નીકળવાની તક પણ મળી નહોતી.

રાજસ્થાનના અલવર જિલ્લાના ખુશખેડા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં સોમવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ આ કરૂણ ઘટના બની હતી. પ્લોટ નંબર ૠ-૧, ૧૧૮માં આવેલી આ ફેક્ટરી છેલ્લા ઘણા મહિનાઓથી બંધ પડી હતી. અચાનક ફેક્ટરીમાંથી ધુમાડો નીકળવાનું શરૂ થયું અને જોતજોતામાં આખી ફેક્ટરી આગની લપેટમાં આવી ગઈ. આ દુર્ઘટનામાં ૭ લોકો જીવતા સળગી ગયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આગ લાગ્યા બાદ ફેક્ટરીની અંદર ૩ થી ૪ વાર જોરદાર ધડાકા થયા હતા. આ ધડાકા એટલા પ્રચંડ હતા કે તેનો અવાજ દૂર-દૂર સુધી સાંભળવા મળ્યો હતો. આશંકા વ્યકત કરવામાં આવી રહી છે કે ફેક્ટરીની અંદર રાખવામાં આવેલા ગેસ સિલિન્ડરો ફાટવાને કારણે આ ધડાકા થયા હોઈ શકે છે.

આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની અડધો ડઝનથી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફેક્ટરીમાં મોટી માત્રામાં પૂંઠાનો સ્ટોક હોવાથી આગને કાબૂમાં લેતા ફાયર ફાઈટરોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સાવચેતીના ભાગરૂપે આસપાસની ફેક્ટરીઓ ખાલી કરાવવામાં આવી હતી અને વીજ પુરવઠો કાપી નાખવામાં આવ્યો હતો. ભિવાડી પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે.

# ત્રિશુલ ચોક નજીકથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા યુવાનનું મોત

## મૂળ યુપીના શ્રમિકે સારવારમાં દમ તોડ્યો : માથાના ભાગે ઈજા હોવાથી પોલિસે તપાસ આદરી

**અબતક, રાજકોટ**

શહેરના હસનવાડી મુખ્ય રોડ પરથી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા ૩૧ વર્ષીય શ્રમિક યુવાનનું સિવિલ હોસ્પિટલમાં મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. જયારે બીજી બાજુ યુવકને માથાના ભાગે ઈજા પહોંચી પોલિસે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ શહેરમાં આહિર ચોક, બોલબાલા માર્ગ પર ખોડિયાર સ્ટીલની ઉપર રહેતા અતુલ જગરામ કશ્યપ (ઉં.વ. ૩૧) ગઈકાલે ત્રીશુલ ચોક પાસે આવેલી હસનવાડી મેઈન રોડના છેડે, નિરંજન શાહ સ્કૂલ પાસેથી અત્યંત ગંભીર અને ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવ્યા હતા. સ્થાનિકો દ્વારા જાણ કરાતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર કારગત નીવડે તે પૂર્વે જ યુવાને દમ તોડ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે,મૃતક અતુલભાઈ મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેમને દારૂ પીવાની આદત હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.મૃતક ત્રણ ભાઈઓમાં સૌથી મોટા હતા. યુવાનના અકાળે અવસાનથી કશ્યપ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલમાં પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. યુવકને માથાના ભાગે ઈજા હોવાથી મોત અકસ્માતે પડી જતાં થયું છે કે કોઈ વાહને ઠોકરે ચડાવ્યા છે તે દિશામાં ભક્તિનગર પોલિસ મથકના એએસઆઈ એચ કે ડાંગરે તપાસ હાથ ધરી છે.

# ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસો.ના તરવૈયાઓ સોમનાથથી દેલવાડાની ૧૫૦ કિ.મી.ની ઓપન વોટર સી સ્વિમિંગમાં બતાવશે "કૌવત"

## અબતકની મુલાકાતમાં સ્વિમિંગ એસોના પદાધિકારીઓને તરવૈયાઓ એ આપી ઓપન વોટર સી સ્વિમિંગની વિગતો

**અબતક, રાજકોટ**

સોમનાથ સ્વાભિમાન પર્વ ૨૦૨૬ અંતર્ગત સોમનાથ થી દેલવાડા ની ૧૫૦ કિલોમીટર ની ઓપન હોટલ સી સ્વિમિંગ અને કાય કિંગ એડવેન્ચર માં રાજકોટ એસોસિએશન ના સાત તરવૈયાઓ બતાવશે અબ તકની મુલાકાતે આવેલા બંકિમ જોશી દિનેશ હપાણી પ્રકાશ કલોલા નીરજ દોશી નિલેશ રાજ્યગુરુ મયુર સિંહ જાડેજા વિનોદભાઈ જોશી જયશ્રીબેન વાંકણી મૈત્રીબેન જોશી પ્રતાપ પરમાર અશોકભાઈ અઢિયા દીક્ષિત ધાંજા મયુર પાંજરી એવિગતો આપતા જણાવ્યું હતું કે સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે ૨૧ મી ફેબ્રુઆરી થી બે માર્ગ સુધી સોમનાથ મહાદેવ મંદિર બીચથી શરૂ થનારી સોમનાથ થી દેલવાડા ૧૫૦ કિલોમીટર ની ઓપન વોટર સી સ્પર્ધામા રાજકોટના સાત તરવૈયા દસ દિવસ તરણ કરશે. આ એડવેન્ચરમાં સર્વયા તરીકે વેનેસા શુકલ૧૯, પાર્થિવ મેઘાણી ૧૫, દિવ્યમ ચોટલીયા ૧૪, જીનલ પિત્રોડા ૧૮, કાયા કિંગ ટીમના આયરન જોશી ૨૦, વેદાંતજોશી૧૮, સિધ્ધરાજ સોલંકી ૧૮ જોરાશે આ તમામ તરવૈયાઓ ઓપન વોટર સેવિંગ અને કાય કિંગના ખૂબ જ અનુભવી છે અને તેઓ એ ભૂતકાળમાં પણ અનેક વખત ઓપન વોટર સ્વિમિંગ માં બહુ જ બતાવ્યું છે. દસ દિવસ સુધી ચાલનારી આ ઈવેન્ટ માં કરવૈયાઓ માટે લાઈબ જેકેટ લાઈટ બોટ અને રેસ્ક્યુટીમ ની વ્યવસ્થા રાખવામાં આવી છે આ સાથે ગેર ફાઉન્ડેશનના પ્રમુખ અશ્વિનભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા કેન્સર અંગે લોકોમાં જાગૃતિ માટેના પ્રવચનો કરવામાં આવશે આ અભિયાનમાં અંકિતા પાનસુરીયા દ્વારા કુબા ડ્રાઈવિંગ મારફતે દરિયાની અંદર સફાઈ કરવી દરિયાના જીવ સૃષ્ટિ સંવર્ધન જાળવણી અને જાગૃતિ ફેલાવવા માટે અને લુપ્ત થતી રમત સરવાળી હોળી કેવી રીતે ચલાવવી શકાય તે અંગે જાણકારી ભરતભાઈ કામલિયા દ્વારા અભિયાન દ્વારા આપવામાં આવશે લાઈવ સ્પોર્ટ ફેડરેશન દ્વારા દરિયામાં રેસ્ક્યુ સેફટી માટે ગાઈડલાઈન અને લાઈફ સેવિંગ ટેકનીકલ સહયોગ આપવામાં આવ્યું છે. આવ્યા ને સફળ બનાવવા બાન લેબ પ્રા,લી, કિચ આર્કિટેક્ચર, મસ્કત પોલીમર પ્રાઈવેટ લિમિટેડ, વિશાલ સર્જીકલ પ્રાલી, ફાર્મા કિંગ ફૂડ પ્રોડ, લી, અરવિંદ બેરિંગ ઈન્ડિયા, સિલ્વર સ્ટાર એક્સપોર્ટ, ટીલારા પોલી પ્લાસ્ટ, હેલ્થ કેર પ્રાલી જ દાવત બેવરેજીસ, જ્યોતિ સી એન્ડ સી, વિક્રમ વાલવ, યોલો કાયક, રોલેક્સ રોલ્ડ રીંગસ, મેકશો લાઈન, સૌરાષ્ટ્ર કચ્છ ટ્રાયથલોન, ઉમિયા સ્ટીલ, ફાલ્કન પંપ, નેશનલ વાયર પ્રોડક્ટ, જેવી પ્રતિષ્ઠિત પેઢીઓ આ અભિયાન ને સફળ બનાવવા સહકાર આપી રહ્યા હતા આવ્યા માં રાજકોટના સાત તરવૈયાઓ કોવત બતાવશ.



તસ્વીર: શૈલેષ વાડોલીયા

# કુટણખાનાના ગુનામાં ગ્રાહક વીજ કર્મચારી વિશાલ ખંઢેરીયા સહિત તમામ આરોપીનો છુટકારો

## ૧૪ વર્ષ પહેલા ગાંધીગ્રામ પોલીસે કૃષ્ણનગર સોસાયટી મેઈન રોડ પર મકાનમાં દરોડો પાડી દેહવ્યાપારનું રેકેટ ઝડપી પાડ્યું હતું

**અબતક,રાજકોટ**

શહેરના જામનગર રોડ વિસ્તારમાં કુટણખાનામાં રેઈડ અંગે ૮ આરોપીઓ સામેના કેસમાં ગ્રાહક તરીકે પકડાયેલ પી.જી.વી. સી.એલ.ના કર્મચારી વિશાલ હરિભાઈ ખંઢેરીયાસામેનો ૧૪ વર્ષ પહેલાનો કેસ ચાલી જતા અદાલતે તમામ આરોપીઓનો છુટકારો ફરમાવેલ છે.

આ કેસની હકિકત એવી છે કે ગાંધીગ્રામ પોલીસે મળેલ બાતમીના આધારે તા.૨૧/ ૦૩/ ૧૨ના રોજ જામનગર રોડ પાસે કૃષ્ણનગર સોસાયટી મેઈન રોડ, રેઈડ કરતા આરોપીઓ શરીરસુખ માણતા કઢંગી હાલતમાં અન્ય સ્ત્રી આરોપણ સાથે મળી આવતા આમ ઈમોરલ ટ્રાફિકિંગનો ગુન્હો ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં દાખલ થતા આરોપીરિયા રોડ જીવંતીકાનગર શેરી નં.૨, વિશાલ હરિભાઈ ખંઢેરિયા તથા સહ આરોપી રમેશ રાઠોડ, આસીફ સૈયદ તથા સંદિપ ઉધરેજા તથા અભય કાનાણી (રહે.બધા રાજકોટ) સહિતના આઠ આરોપીઓ સામે પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી અને તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ હતું.કોર્ટમાં આ કેસ ચાલવા ઉપર આવતા છ આરોપીઓ મળી આવતા ન હતા, તેમજ એક આરોપીનો હક્ક બંધ કરાયો હતો, તેમાં પીજીવીસીએલ કર્મચારી વિશાલ ખંઢેરીયાના બચાવમાં રોકાયેલ એડવોકેટ રોહીતભાઈ ઘીયા દ્વારા ફરીયાદી તેમજ સાહેદો પંચોની તથા ત.ક. એમ કુલ ૪ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં અનેક વિરોધાભાષી હકિકતો કોર્ટના ધ્યાને આવેલ તેમજ કહેવાતા મકાનનો આધાર દર્શાવતો મહત્વનો દસ્તાવેજ રેઈડ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ નથી, મોડી ફરીયાદનું કારણ દર્શાવવામાં આવેલ નથી સહિતની રજૂઆતો અને દલીલો કરવામાં આવતા કોર્ટ દ્વારા તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં આરોપી વતી એડવોકેટ રોહીત બી. ઘીયા તથા હર્ષ ઘીયા, આસિસ્ટન્ટ રીધ્ધીબેન ખંધેડીયા, મીતલબેન ધોકીયા રોકાયા હતા.

# સાટાખતના આધારે થયેલા વેચાણ દસ્તાવેજની રેવન્યુ રેકર્ડની નોંધ રદ

## ખેતીની જમીનમાં નોટરી સાટાખતના આધારે રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લીધાની જાણ અન્ય સાટાખત ધારકને થતા ડેપ્યુટી કલેક્ટરમા દાદ માંગી'તી

**અબતક,રાજકોટ**

પડધરી તાલુકાની કિંમતી ખેતીની જમીનમાં નોટરી સાટાખતના આધારે રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવેલ જેની જાણ અન્ય સાટાખત ધારકને થતા નોંધાવેલી તકરારમાં ડેપ્યુટી કલેકટર દ્વારા રેવન્યુ રેકર્ડમાં પાડવામાં આવેલ વેચાણ નોંધ રદ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ અંગેની હકીકત મુજબ, પડધરી તાલુકાના દહીસરડા (આજી) ગામના રેવન્યુ સર્વેની ખેડવાણ અમુક જમીન મુળ ખેડુત દિનેશભાઈની માલીકીની આવેલ હતી. જે જમીન અંગેનું સાટાખત તા.૧૫/ ૦૪/ ૨૦૨૫નાં રોજ મુળ ખેડુત દ્વારા આશિષભાઈ રમેશભાઈ ડોડીયાને કરી આપવામાં આવેલ હતું. અને તે જ જમીનનું સાટાખત આ અગાઉ તા.૧૯- ૦૬- ૨૦૨૪ના રોજ અન્ય ત્રાહીત વ્યકિત જોગ મુળ ખેડુતે કરી આપેલ હતું. દરમિયાન આશિષભાઈનું સાટાખત ચાલુ હોવા છતાં તે ત્રાહિત વ્યક્તિ દ્વારા સદરહું જમીનનો રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મુળ ખેડુત પાસે કરાવી લેવામાં આવેલ. જેની જાણ આશિષભાઈને થતા તેમણે એડવોકેટ વિશાલ કે. સિંધવ મારફત વાંધો ઉઠાવી ડે. કલેકટર સમક્ષ વેચાણ નોંધનો તકરારી કેસ નોંધાવેલ હતો.

જે કેસ ચાલતા ત્રાહીત વ્યકિત પક્ષે તેના વકીલે મારફત એવી દલીલ કરવામાં આવેલ કે અમારું સાટાખત પહેલાનું હોય, તેનાં આધારે મુળ ખેડુત દ્વારા અમોને રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવેલ છે. ત્યારબાદ આશિષભાઈ ડોડીયાનાં વકીલ દ્વારા ધારદાર દલીલ કરવામાં આવેલ, જે મુજબ આ કામનાં વેચનાર મુળ ખેડુત દ્વારા અમોને એવી ખાતરી આપેલ કે ટાઈટલ કલીયરની પ્રક્રિયા ચાલુ છે જે પૂર્ણ થયે તમારા સાટાખત મુજબ દસ્તાવેજ કરી આપશું, ત્યારબાદ કોઈ પ્રકારની અગાઉ નોટીસ કે ન્યુઝપેપરમાં કોઈ જાહેરનોટીસ પણ આપવામાં આવેલ નથી, જેથી ખરીદનારને બોનાફાઈડ પરચેઝર કહી શકાય નહીં, ખોટી હકીકતોનું સબ રજિસ્ટ્રર સમક્ષ નીરુપણ કરી દસ્તાવેજ કરવામાં આવેલ છે.

જેથી આ વ્યવહાર અટકાવવામાં નહીં આવે તો મલ્ટીપ્લિસિટી ઓફ પ્રોસિડિંગ એટલે કે અન્યને આ જમીન વેચાણ થવાની પુરી શકયતા રહેલી છે જે સંબંધે ખરીદનાર તેમજ વેચનારનો વેચાણ દસ્તાવેજ રદ કરી આશિષભાઈ જોગ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપી આશિષભાઈને કબજો સોંપી આપવામાં નહી આવે તો સિવિલ કોર્ટમાં તેમજ ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે જે અંગેની કાનુની નોટીસ પણ આપવામાં આવેલ છે જે નોટીસનો જવાબ આપવામાં પણ આ કામનાં ખરીદનાર અને વેચનાર નિષ્ફળ નીવડ્યા છે. તેમજ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટનાં ચુકાદા ટાંકી તેનાં ઉપર આધાર આપવામાં આવ્યા હતા. જે હકીકતો ધ્યાનમાં લઈ ડે.કલેકટર દ્વારા વાંધેદાર આશિષભાઈ ડોડીયાની વાંધા અરજી ગ્રાહય રાખી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રેવન્યુ રેકર્ડમાં વેચાણ નોંધ નામંજુર કરવાનો હુકમ કરવામાં આવેલ છે.આ કામમા વાંધેદાર વતી એડવોકેટ વિશાલ કે. સિંધવ રોકાયા હતાં.

# મોચીનગરમાં ગ્રાહકોના મામલે બે જૂથ વચ્ચે મારા મારી

## ધંધાકીય અદાવતને લઈને બે લોકો પાઈપ-ધોકાથી બે શખ્સો પર હુમલો

**રાજકોટ, અબતક**

શહેરના મોચીનગર (ગાંધીગ્રામ) વિસ્તારમાં ધંધાકીય અદાવતને લઈને જૂથ અથડામણની ઘટના સામે આવી છે. કેટરિંગના વ્યવસાયમાં ગ્રાહકો ખેંચી જવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા, બે વ્યક્તિઓ પર પાઈપ અને ધોકા વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મોચીનગર વિસ્તારમાં રહેતા અને કેટરિંગનો વ્યવસાય કરતા અતરસિંહ સંગ્રામસિંહ યાદવ (ઉં.વ. ૪૨) પાસે અગાઉ કલુભાઈ નામની વ્યક્તિ કામ કરતી હતી. તાજેતરમાં કલુભાઈએ પોતાનો અલગ ધંધો શરૂ કર્યો હતો. આ દરમિયાન અતરસિંહના જૂના ગ્રાહકોને કલુભાઈ પોતાના ધંધામાં લઈ જઈ રહ્યા હોવાનું માલૂમ પડતા અતરસિંહે તેમને ટોક્યા હતા. કે તું મારા ગ્રાહક કેમ લઈ જાશ. જેને લઈ ગઈકાલે રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યાની આસપાસ, ગ્રાહકો બાબતે થયેલી આ બોલાચાલીએ હિંસક વળાંક લીધો હતો. કલુભાઈ અને તેની સાથેના અન્ય અજાણ્યા શખ્સોએ ઉશ્કેરાઈ જઈ અતરસિંહ યાદવ અને ત્યાં હાજર ભોલાભાઈ રામલેશ યાદવ (ઉં.વ. ૨૫) પર ધોકા અને પાઈપ વડે તૂટી પડ્યા હતા. આ હુમલામાં ભોલાભાઈને ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલ (સિવિલ) ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે અતરસિંહ અને ભોલાભાઈની ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. હુમલો કરીને ફરાર થઈ ગયેલા કલુભાઈ અને તેના સાગરીતોને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# “વિકસિત ગુજરાતથી વિકસિત ભારત”ના સંકલ્પ સાથે સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ રાજ્યપાલ


## પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનો પ્રારંભ કરાવતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

**અબતક, રાજકોટ**

પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રનો આજે ગૌરવસભર પ્રારંભ થયો હતો. આ અવસરે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિધાનસભાને સંબોધતા રાજ્યની વિકાસયાત્રા, સુશાસન અને સર્વસમાવેશી નીતિઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

રાજ્યપાલે જણાવ્યું કે, મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ધરતી ગુજરાત હંમેશાં રાષ્ટ્ર નિર્માણમાં અગ્રેસર રહી છે. “સર્વજન હિતાય, સર્વજન સુખાય”ના મંત્ર સાથે રાજ્ય સરકાર યુવાશક્તિ, નારીશક્તિ, ખેડૂત અને ગરીબોના કલ્યાણ માટે દૃઢ સંકલ્પ સાથે કાર્યરત છે. સોમનાથ મંદિર પર થયેલા આક્રમણને એક હજાર વર્ષ પૂર્ણ થતાં “સોમનાથ સ્વાભિમાન પર્વ”નું આયોજન કરાયું, જે સંસ્કૃતિના ગૌરવ અને રાષ્ટ્રીય અસ્મિતાનું પ્રતિક છે.

સરદાર વલ્લભભાઈ પટેલ તથા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી “યુનિટી માર્ચ - સરદાર ૧૫૦”નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, આ પદયાત્રા એકતા અને રાષ્ટ્રગૌરવનું પ્રતિક બની હતી. વર્ષ ૨૦૨૫ને જનજાતીય ગૌરવ વર્ષ તરીકે ઉજવી જનજાતિ સમાજના યોગદાનને સન્માન આપવામાં આવ્યું છે. આ અંતર્ગત નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી અને જનજાતીય ગૌરવ રથયાત્રા યોજાઈ હતી.



તેઓએ ઉમેર્યું કે, રાજ્યમાં પારદર્શક અને જવાબદાર શાસન વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ટેક્નોલોજી આધારિત પહેલો અમલમાં મૂકવામાં આવી છે. સી.એમ. ડેશબોર્ડ દ્વારા ગવર્નન્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ અમલમાં મૂકાયો છે. આઈ-ઓરા પોર્ટલ તથા ગરવી-૨.૦ દ્વારા જમીન સંબંધિત સેવાઓ એન્ડ-ટુ-એન્ડ ઓનલાઈન ઉપલબ્ધ થઈ છે. જેથી નાગરિકોને સરળ, ઝડપી અને પારદર્શક સેવા મળી શકે.

વહીવટી વિકેન્દ્રીકરણને પ્રાથમિકતા આપી નવા જિલ્લા અને તાલુકાઓની રચના કરવામાં આવી છે, જેથી ગ્રામ્ય અને દુરસ્ત વિસ્તારોમાં પણ સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થાય.

રાજ્યપાલે જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી જમીન અને માનવ આરોગ્ય માટે આશીર્વાદરૂપ છે. રાજ્યમાં ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા વિશ્વની પ્રથમ પ્રાકૃતિક કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યના ૧૯ લાખથી વધુ ખેડૂતોને તાલીમ અપાઈ છે. ૮ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. રાજ્યમાં ૭૧૦૦ મોડેલ ફાર્મની સ્થાપના કરવામાં આવી છે. ડાંગ જિલ્લાને સંપૂર્ણ રસાયણમુક્ત જાહેર કરવામાં આવ્યો છે. તાલીમ, માર્ગદર્શન અને પ્રોત્સાહન દ્વારા ખેડૂતોને રાસાયણમુક્ત ખેતી તરફ પ્રેરણા આપવામાં આવી રહી છે.બાગાયત ક્ષેત્રે પણ રાજ્યએ આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ગીરની કેસર, વલસાડી હાફુસ, કચ્છી ખારેક અને અમલસાડી ચીકુ જેવા ઉત્પાદનોને વૈશ્વિક ઓળખ મળી છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના સહિત વિવિધ સહાય યોજનાઓ દ્વારા ખેડૂતોને સીધી આર્થિક સહાય આપવામાં આવી રહી છે. જે અન્વયે પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ રૂ. ૨૨ હજાર કરોડથી વધુ સહાય ૬૯ લાખથી વધુ ખેડૂત પરિવારોને સીધી જમા કરવામાં આવી છે. કમોસમી વરસાદ સામે ખેડૂતોને સહાય માટે ચાલુ વર્ષે માતબર રકમના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી, જે અંતર્ગત ૩૩ લાખથી વધુ ખેડૂતોને રૂ. ૯,૬૧૦ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

રાજ્યપાલે જણાવ્યું કે, રાજ્ય સરકાર યુવાનોને રોજગારની તકો ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. છેલ્લા વર્ષમાં ૩૦,૦૦૦થી વધુ યુવાનોને નિમણૂકપત્ર આપવામાં આવ્યા છે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર દ્વારા ૨ લાખથી વધુ જગ્યાઓ ભરવાની યોજના છે.

### દિવંગત પૂર્વ ધારાસભ્યોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

#### દિવંગત સભ્યોના આત્માની શાશ્વત શાંતિ માટે સભાગૃહે બે મિનિટનું મૌન પાળ્યું

૧૫મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રના પ્રથમ દિવસે તા. ૧૬ ફેબ્રુઆરી, સોમવારે વિધાન ગૃહના નેતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શોક દર્શક ઉલ્લેખોમાં વિધાનસભાના દિવંગત પૂર્વ સદસ્યઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

વિધાનસભાના પૂર્વ દિવંગત સદસ્યો પૂર્વ મંત્રી સ્વ. મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ. મોહંમદભાઈ ગુલામમોહયુદીન સુરતી તથા પૂર્વ સભ્યો સ્વ. ધીરજલાલ ફુલાભાઈ રીબડીયા, સ્વ. અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ.વજુભાઈ પરમાભાઈ ડોડિયા અને સ્વ.બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો ગૃહમાં રજુ થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સૌ દિવંગત પૂર્વ જનપ્રતિનિધિઓની કર્તવ્યપરાયણતા અને પ્રજાકીય પ્રશ્નો- રજૂઆતોને વાચા આપી તેના નિવારણ માટેની સક્રિયતાની સરાહના કરી હતી.

ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ સરકારી કર્મચારીઓને રૂ.૧૦ લાખ સુધીની કેશલેસ સારવારની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ગુજરાત રમતગમત ક્ષેત્રે પણ સતત પ્રગતિ કરી રહ્યું છે. કોમનવેલ્થ ગેમ્સના નેતૃત્વનો અવસર ગુજરાતને મળ્યો છે. અમદાવાદ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬ માં દેશના વડાપ્રધાનશ્રી તેમજ જર્મનીના માનનીય ચાન્સેલરની પ્રેરક ઉપસ્થિતિએ રાજ્યના ઉત્સવને વૈશ્વિક ફલક પર મૂકી એક નવી ઓળખ આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ અનંત અનાદિ વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ પરિસર ખાતે ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૨૧૨૧ યોગ સાધકોના એક સાથે ભુજંગાસન દ્વારા નવો કિર્તીમાન પ્રસ્થાપિત કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવ્યું છે.

રાજ્યપાલએ ઉમેર્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત વિકાસના નવા માપદંડ સ્થાપિત કરી રહ્યું છે. “વિકસિત ગુજરાતથી વિકસિત ભારત”ના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર દૃઢ નિશ્ચય સાથે આગળ વધી રહી છે. પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, મંત્રીઓ તથા ધારાસભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આદર અને સ્નેહની સર્જાય અદભૂત ઘડી

# ઉદ્યોગપતિ અદાણીની સાદગી: કામદારો સાથે કેન્ટીનમાં પીધી ચા

## શિરાચા દાણેશ્વર મહાદેવ મંદિરે ગૌતમ અદાણીએ આસ્થાભેર શિશ નમાવ્યું

**અબતક, રાજકોટ**

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની મુંદ્રાની બે દિવસીય મુલાકાત અત્યંત ફળદાયી અને પ્રેરણાદાયી રહી છે. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક સમાજ સાથે ઊંડો સંબંધ જોડ્યો, સુખ દુઃખમાં સાથ નિભાવી અને ગ્રુપના વિવિધ એકમોની પ્રગતિનું નિરીક્ષણ કર્યું.





શનિવાર, ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ અમદાવાદથી હેલિકોપ્ટર દ્વારા મુંદ્રા પહોંચીને શ્રી ગૌતમભાઈ અદાણીએ ઝરપરા ગામે સામાજિક અગ્રણીના અવસાન પર ઊંડો શોક વ્યક્ત કર્યો. ત્યારબાદ તેમણે મુંદ્રાના સ્થાનિક અગ્રણીઓ સાથે વ્યૂહાત્મક બેઠક યોજી. સ્થાનિક લોકોએ ઉષ્માભર્યું સ્વાગત કરતાં શાલ, શ્રીફળ તથા પાઘડી ઓઢાડીને તેમનું ભવ્ય સન્માન કર્યું. બેઠકમાં મુંદ્રાના ભવિષ્યના વિકાસ, આગામી યોજનાઓ અને સ્થાનિક અને સામાજિક ઉત્થાન અંગે વિસ્તૃત ચર્ચા થઈ.

આ ચર્ચામાં ગૌતમ અદાણીએ કહ્યું: અદાણી ગ્રુપ વિકાસના કાર્યોને ઝડપથી આગળ વધારશે, પરંતુ આ સુવિધાઓની યોગ્ય જાળવણી અને સંભાળમાં સ્થાનિક સમુદાય સમાન જવાબદારી છે. આમ જ કરીને આ વિકાસ લાંબા સમય સુધી લોકો માટે ઉપયોગી રહેશે. તેઓ એ વધુ માં જણાવ્યું હતું કે આગામી સમયમાં કંપની સામાજિક કલ્યાણ મને વિવિધ પ્રોજેકટો લાવશે જે અંતર્ગત શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણલક્ષી અને સામાજિક ઉત્થાનનાં વિવિધ પાસઓ ને આવરી પ્રોજેક્ટ રજૂ કરશે કંપની. જેના પ્રતિભાવમાં સ્થાનિક અગ્રણીઓએ પણ ઉત્સાહથી અદાણી ગ્રુપ સાથે ખભે ખભો મિલાવીને મુંદ્રાના વિકાસમાં સક્રિય સહભાગી બનવાની તૈયારી દર્શાવી.

રવિવાર, ૧૫ એ મહાશિવરાત્રિના પવિત્ર પર્વે ગૌતમ અદાણીએ ભાગવત કથા સ્થળ શ્રી દાણેશ્વર મહાદેવ મંદિરમાં ભગવાન શિવની વિધિવત પૂજા-અર્ચના કરી લોકોની સુખાકારી માટે પ્રાથના કરી.

ત્યારબાદ તેમણે અદાણી ગ્રુપના મુખ્ય એકમોની વિગતવાર મુલાકાત લીધી અને કામગીરી, ટેકનોલોજી તથા ભવિષ્યની યોજનાઓ વિશે ઝીણવટભરી માહિતી મેળવી જેમાં અદાણી પેટ્રોકેમ પ્લાન્ટ, બિલ્ડકાસ્ટ ફેક્ટરી, અદાણી સોલર પેનલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ અને વોટર ડીસેલિનેશન પ્લાન્ટની મુલાકાત મુખ્ય રહી હતી.

ગૌતમભાઈ અદાણીએ દિવસે લેબર કેન્ટીનમાં સહજતાથી મુલાકાત કરી, સામાન્ય કપમાં જ ગરમાગરમ ચા લીધી, એક પણ ક્ષણ માટે પણ એમના ચહેરા પર કોઈ અંતર નહોતું દેખાતું. બસ, એક પિતા જેવી મમતાથી, એક મિત્ર જેવી નિર્દોષતાથી કામદાર ભાઈઓ સાથે વાતો શરૂ થઈ. કેમ છો? કામમાં કંઈ તકલીફ તો નથી ને? આ સાદા શબ્દોમાં એટલો ઊંડો સ્નેહ, એટલી સાચી કાળજી હતી, અને પછી તો હળવા હાસ્યની સાથે, એમણે બધાને અમારા ગ્રુપના સૌથી મહત્વના સાથીઓ કહીને સંબોધ્યા! આ શબ્દો સાંભળીને એ કામદારોના ચહેરા પર જે ગર્વ અને ખુશી ચમકી ગઈ, એ જોવા જેવું હતું. એક ક્ષણ માટે લાગ્યું કે મોટા-મોટા ઓફિસો, બોર્ડરૂમ કે હેલિકોપ્ટર કરતાં આ નાનકડી કેન્ટીન, આ ગરમ ચાના કપ અને આ સાદા લોકોના દિલ સાથેનો સંબંધ જ ગૌતમભાઈ અદાણીની સૌથી મોટી સંપત્તિ છે.

સફળતાના શિખરે ઊભા રહીને પણ એમનું દિલ આજે પણ એટલું જ સાદું, એટલું જ નરમ અને એટલું જ નિખાલસ છે. કામદારો નું કેહવું હતું કે આવા માણસને જોઈને ખરેખર લાગે છે કે મહાનતા કોઈ મહેલમાં નહીં, બલ્કે આવા નાના-નાના પ્રેમના સ્પર્શમાં, ગૌતમભાઈની સાદગીમાં જ રહે છે.

# ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓને હવે ઘરબેઠાં સહાય મળશે

## સહાયની રકમ સીધી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ખાતામાં જમા કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા હેતુ અમલી ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ હવે સહાયની રકમ સીધી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ખાતામાં જમા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી લાભાર્થીઓને આધાર આધારિત ડી.બી.ટી દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે. પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં જ આ રોકડ ઉપાડવાની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક વ્યવહારોમાં વધુ સરળતા અને સુરક્ષા પ્રાપ્ત થશે.

પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વધુ વિગતો આપતા કહ્યું કે, ઉત્તર ગુજરાતમાં આશરે ૧.૪૭ લાખથી વધુ લાભાર્થીઓ હાલ પોસ્ટ ઓફિસના ખાતાઓ દ્વારા આર્થિક સહાય મેળવી રહ્યા છે. આ તમામ લાભાર્થીઓને આધુનિક બેંકિંગ સુવિધા સાથે જોડવા માટે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓમાં તા. ૧૪ થી ૨૦ ફેબ્રુઆરી,૨૦૨૬ સુધી વિશેષ અભિયાન ચલાવીને નવા આઈપીપીબીખાતાઓ ખોલવામાં આવશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આ આઈ પી પી બી ખાતું શૂન્ય બેલેન્સથી ખોલી શકાશે. પોસ્ટમેન કે ગ્રામીણ ડાક સેવક વિનંતી પર ઘરે આવીને ખાતું પણ ખોલી આપશે અને નાણાં પણ ચૂકવશે.

લાભાર્થીઓએ પૈસા ઉપાડવા માટે બેંક કે પોસ્ટ ઓફિસ જવાની જરૂર રહેશે નહી. જે લાભાર્થીઓ પાસે પહેલેથી આ ખાતું છે, તેમણે માત્ર આધાર સીડિંગ કરાવવાનું રહેશે. આ ખાતું પહેલેથી જ ઉપલબ્ધ પોસ્ટ ઓફીસ બચત ખાતા સાથે લીંક કરી શકાશે, જેથી પોસ્ટ ઓફીસ બચત ખાતા અને આ બન્નેના લાભ એક સાથે મેળવી શકાય

. આ ખાતું ખોલાવવા માટે આધાર કાર્ડ, આધાર સાથે લિંક થયેલ મોબાઈલ નંબર અને જૂના બચત ખાતાની પાસબુક અનિવાર્ય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરમાં અંદાજે ૧૮,૧૫૫ લાભાર્થીઓ પોસ્ટ ઓફીસ ખાતા મારફતે આ સેવાનો લાભ લઈ રહ્યા છે. જો કોઈ લાભાર્થીને ખાતું ખોલવામાં મુશ્કેલી જણાય, તો તેઓ નજીકની પોસ્ટ ઓફીસનો અથવા હેલ્પલાઈન નંબર ૯૨૧૮૩૦૨૧૪૩, ૯૯૭૮૬૭૫૭૫૩, ૯૨૧૮૩૦૨૧૩૨ પર સંપર્ક કરી શકે છે.

# દર્શકો ઘટવાથી જાહેરાતની આવક તૂટતા ટીવી કંપનીઓ ઉચાળા ભરશે ?

## ટીવી ઉદ્યોગનું ભવિષ્ય ધૂંધળું: વ્યૂઅરશિપમાં સતત ઘટાડો, સ્માર્ટફોન અને ઓટીટીના યુગમાં પરંપરાગત ટીવી ચેનલો સામે અસ્તિત્વ ટકાવવાનો પડકાર; વિજ્ઞાપનદાતાઓનો ઝુકાવ હવે ડિજિટલ મીડિયા તરફ વધ્યો

**અબતક, નવી દિલ્હી**

ભારતીય મીડિયા અને મનોરંજન ઉદ્યોગમાં એક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. વર્ષો સુધી જે ટીવી ચેનલો (જનરલ એન્ટરટેઈનમેન્ટ ચેનલો) ભારતીય ઘરોમાં રાજ કરતી હતી, તે હવે સંકટનો સામનો કરી રહી છે. તાજેતરના અહેવાલો મુજબ, ટીવી જોનારા દર્શકોની સંખ્યામાં મોટો ઘટાડો અને જાહેરાતોની આવકમાં આવેલી સુસ્તીને કારણે ટીવી કંપનીઓના ગ્રોથ પર મોટી બ્રેક લાગી છે.

આર્થિક નિષ્ણાતો અને ઈન્ડસ્ટ્રીના ડેટા મુજબ, પરંપરાગત ટીવી બિઝનેસ માટે ગ્રોથનું ચિત્ર હવે અસ્પષ્ટ બની રહ્યું છે. સૌથી મોટું કારણ ગ્રાહકોની બદલાયેલી પસંદ છે. હવે લોકો કેબલ કે ડિટીએચ પર નિર્ભર રહેવાને બદલે મોબાઈલ અને સ્માર્ટ ટીવી પર ઓટીટી પ્લેટફોર્મ જોવાનું વધુ પસંદ કરે છે. ખાસ કરીને યુવા વર્ગ ટીવીથી દૂર થઈ રહ્યો છે, જેના કારણે ટીવી ચેનલોની વ્યૂઅરશિપમાં ગાબડું પડ્યું છે.

જાહેરાતદાતાઓ હંમેશા ત્યાં જ પૈસા રોકે છે જ્યાં દર્શકો હોય. વ્યૂઅરશિપ ઘટવાને કારણે એફએમસીજી અને અન્ય મોટી કંપનીઓએ ટીવી પરનું બજેટ ઘટાડીને ડિજિટલ મીડિયા તરફ વાળ્યું છે. ડિજિટલ પ્લેટફોર્મ પર ટાર્ગેટ ઓડિયન્સ સુધી પહોંચવું સરળ હોવાથી ટીવીની જાહેરાતની આવક સ્થિર થઈ ગઈ છે અથવા ઘટી રહી છે.

ક્રિકેટ મેચો અને અન્ય પ્રીમિયમ કન્ટેન્ટ હવે મોબાઈલ પર મફત અથવા નજીવી કિંમતે ઉપલબ્ધ છે. આના કારણે પે-ટીવી સબ્સ્ક્રાઈબર્સની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે, જેની સીધી અસર બ્રોડકાસ્ટર્સની સબ્સ્ક્રિપ્શન રેવન્યુ પર પડી છે. મીડિયા કંપનીઓના ત્રિમાસિક પરિણામો પણ આ મંદીનો સંકેત આપી રહ્યા છે. તહેવારોની સીઝન હોવા છતાં, ટીવી એડવર્ટાઈઝિંગમાં અપેક્ષિત ઉછાળો જોવા મળ્યો નથી. વિશ્લેષકોનું માનવું છે કે જ્યાં સુધી ટીવી કંપનીઓ પોતાની સ્ટ્રેટેજીમાં બદલાવ નહીં લાવે, ત્યાં સુધી રિકવરી મુશ્કેલ છે.

નિષ્ણાતો માને છે કે ટીવી કંપનીઓએ હવે ’ડિજિટલ ફર્સ્ટ’ અભિગમ અપનાવવો પડશે. માત્ર લીનિયર ટીવી (પરંપરાગત પ્રસારણ) પર નિર્ભર રહેવું જોખમી બની શકે છે. આ ઉપરાંત, મીડિયા ઉદ્યોગમાં હવે કોન્સોલિડેશન (વિલીનીકરણ) નો દોર વધશે, જેથી કંપનીઓ ખર્ચ ઘટાડીને ટકી શકે.

# દેશી-વિદેશી રોકાણકારોને આકર્ષવા સરકારે માસ્ટર પ્લાન ઘડયો

## નાના રોકાણો માટે લઘુતમ મર્યાદાનો નિયમ લાગુ કરવા વિચારણા, જેથી મંજૂરી પ્રક્રિયા ઝડપી અને સરળ બને

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકાર પાડોશી દેશો, ખાસ કરીને ચીન સાથેના રોકાણના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરવા જઈ રહી છે. ૨૦૨૦માં લાગુ કરાયેલી કડક ’પ્રેસ નોટ ૩’ની સમીક્ષા કરવામાં આવી રહી છે. રિપોર્ટ મુજબ, સરકાર નાના રોકાણો માટે લઘુત્તમ મર્યાદાનો નિયમ લાવવા વિચારી રહી છે, જેનાથી વિદેશી રોકાણની પ્રક્રિયા સરળ બની શકે.

સરકાર એક થ્રેશોલ્ડ (મર્યાદા) નક્કી કરવા વિચારી રહી છે. જો કોઈ વિદેશી કંપનીમાં પાડોશી દેશનો હિસ્સો અમુક ચોક્કસ ટકાવારી (જેમ કે ૧૦% કે તેથી ઓછો) થી ઓછો હોય, તો તેને સરકારની મંજૂરી લેવાની લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળી શકે છે. હાલમાં, પાડોશી દેશોમાંથી આવતા એક રૂપિયાના રોકાણ માટે પણ સરકારની પૂર્વ મંજૂરી ફરજિયાત છે. લઘુતમ મર્યાદાના નિયમનો મુખ્ય ઉદ્દેશ્ય બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાં રોકાણને ઝડપી બનાવવાનો છે. હાલમાં નાની રકમના રોકાણો પણ મંજૂરી માટે મહિનાઓ સુધી અટકી રહે છે. જો આ નિયમ લાગુ થશે, તો નાના અને મધ્યમ કદના રોકાણો ઓટોમેટિક રૂટ દ્વારા આવી શકશે, જેનાથી ભારતીય કંપનીઓને ભંડોળ મેળવવામાં સરળતા રહેશે.

વર્ષ ૨૦૨૦માં કોવિડ મહામારી દરમિયાન ચીન જેવા દેશો ભારતીય કંપનીઓનું સસ્તામાં અધિગ્રહણ ન કરી લે તે માટે ભારતે પ્રેસ નોટ ૩ જાહેર કરી હતી. આ અંતર્ગત ભારત સાથે જમીની સરહદ ધરાવતા દેશો (ચીન, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, મ્યાનમાર, ભૂતાન અને અફઘાનિસ્તાન) ના રોકાણો પર કડક નિયંત્રણો મુકવામાં આવ્યા હતા.

છેલ્લા કેટલાક સમયથી ઉદ્યોગજગતમાં એવી રજૂઆતો થઈ રહી હતી કે કડક નિયમોના કારણે સપ્લાય ચેઈન અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં મુશ્કેલીઓ વધી રહી છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલ જેવા ક્ષેત્રોમાં, જ્યાં ચીની પાર્ટ્સ અને ટેકનોલોજીની જરૂર પડે છે, ત્યાં રોકાણ અટકી જવાથી ઉત્પાદન પર અસર થઈ રહી છે.

જોકે, અહેવાલો સૂચવે છે કે સરકાર સંવેદનશીલ અને વ્યૂહાત્મક ક્ષેત્રો (જેમ કે સંરક્ષણ, ટેલિકોમ, સ્પેસ) માટે હજુ પણ કડક નિયમો યથાવત રાખશે. માત્ર એવા ક્ષેત્રોમાં જ છૂટછાટ મળશે જ્યાં રાષ્ટ્રીય સુરક્ષાને કોઈ ખતરો ન હોય.

આ પ્રસ્તાવ પર હાલમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ અને અન્ય સંબંધિત મંત્રાલયો વચ્ચે ચર્ચા ચાલી રહી છે. ટૂંક સમયમાં આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ શકે છે.

# ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં એસસી-એસટી પર અત્યાચારની ૧૭૧૮૨ ઘટનાઓ !!

## ભાજપના શાસકો બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નિષ્ફળ: કોંગ્રેસ

**અબતક, રાજકોટ**

ગુજરાતની ભાજપ સરકારના ‘વિકાસ’ના પોકળ દાવાઓ વચ્ચે રાજ્યનો દલિત અને આદિવાસી સમાજ આજે ભયના ઓથાર હેઠળ જીવી રહ્યો છે. લોકસભાના પટલ પર રજૂ થયેલા આંકડાઓએ સાબિત કરી દીધું છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ છે જ નહીં. અનુસુચિત જાતી અને અનુસુચિત જનજાતિ પરના અત્યાચારમાં થઈ રહેલા વધારા, પગલા ભરવામાં નાકામ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હિરેન બેન્કેર જણાવ્યું હતું ભાજપ સરકારની માનસિકતા દલિત-આદિવાસી વિરોધી છે. ગુજરાતમાં એસસી-એસટી પર વધી રહેલી અત્યાચારની ઘટનાઓ રાજ્ય માટે કલંક સમાન છે. ભાજપ સરકાર માત્ર મતોની રાજનીતિ જાણે છે, પરંતુ બંધારણીય હક્કો અને સુરક્ષા આપવામાં સદંતર નાકામ રહી છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં અનુસૂચિત જાતિ પર અત્યાચારની કુલ ૧૩,૬૨૯ ઘટનાઓ બની છે. જે દર્શાવે છે કે રાજ્યમાં દરરોજ સરેરાશ ૩થી વધુ દલિતો અત્યાચારનો ભોગ બની રહ્યા છે. આ આંકડાઓ માત્ર નોંધાયેલા ગુનાઓના છે, જ્યારે ડર અને દબાણને કારણે હજારો કિસ્સાઓ તો પોલીસ ચોપડે ચડતા જ નથી. આદિવાસી સમાજ પરના હુમલા અંગે પણ ભાજપ સરકારની ઉદાસીન વલણ દાખવી રહી છે.

ભાજપ શાસનમાં ગુજરાતના આદિવાસી સમાજ (જળ) પર પણ અત્યાચારોનો આંકડો સતત વધી રહ્યો છે. છેલ્લા ૫ વર્ષમાં આદિવાસી સમાજ પર પણ અત્યાચારનાં કુલ ૧૫૯૦ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં અનુસુચિત જનજાતિ સમાજ પર અત્યાચારનાં કુલ ૩૫૫૩ કેસનાં ટ્રાયલ બાકી છે. ભાજપ સરકારમાં દર ૪૮ કલાકે એક આદિવાસી ભાઈ-બહેન પર અત્યાચાર કે હુમલાની ઘટના બને છે. સૌથી ચોંકાવનારી અને શરમજનક બાબત એ છે કે ગુનેગારોને સજા અપાવવામાં સરકાર સદંતર નિષ્ફળ રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં એસટી અત્યાચારના કેસોમાં સજાનો દર ૧ ટકા કરતા પણ ઓછો છે. ગુજરાતમાં અનુસુચિત જાતી પર અત્યાચારનાં નવા નોધાયેલામાં વર્ષ ૨૦૧૯માં ૧૪૧૬, વર્ષ ૨૦૨૦માં ૧૩૨૬, વર્ષ ૨૦૨૧માં ૧૨૦૧, વર્ષ ૨૦૨૨માં ૧૨૭૯, વર્ષ ૨૦૨૩માં ૧૩૭૩ થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૬૫૯૬ કેસે નવા નોધાયા છે.

ગુજરાતમાં અનુસુચિત જનજાતી પર અત્યાચારનાં નવા નોધાયેલામાં વર્ષ ૨૦૧૯માં ૩૨૧, વર્ષ ૨૦૨૦માં ૨૯૧, વર્ષ ૨૦૨૧માં ૩૪૧, વર્ષ ૨૦૨૨માં ૩૩૦, વર્ષ ૨૦૨૩માં ૩૦૭ થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૫૯૦ કેસે નવા નોધાયા છે. ગુજરાતમાં અમદાવાદ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, જુનાગઢ જેવા જીલ્લાઓમાં પણ અનુસુચિત જાતી પર થયેલ અત્યાચાર વધી રહ્યા છે. સમગ્ર દેશમાં એસસી-એસટી અધિકારો માટે ૧૫,૦૦૦થી વધુ જનજાગૃતિ કાર્યક્રમો થયા, ત્યારે ગુજરાતની ‘સંવેદનશીલ’ ગણાતી સરકારના પેટનું પાણી પણ હલ્યું નથી. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં માત્ર ૬-૬ કાર્યક્રમો કર્યા અને ૨૦૨૦માં તો એક પણ કાર્યક્રમ કરવાની તસ્દી લીધી નથી. આ સ્પષ્ટપણે ભાજપની દલિત અને આદિવાસી વિરોધી માનસિકતા છતી કરે છે. રાજ્યમાં પેન્ડીંગ કેસોમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને કેસો ફાસ્ટટ્રેક કરવામાં આવે, દલિત અને આદિવાસી સમાજની સુરક્ષાને સુનિશ્ચિત કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

### એરપોર્ટ પર સ્વદેશી કલાનો મહિમા

# ‘સખી સ્વદેશી માર્ટ’ના ઉદ્ઘાટન સાથે જ પ્રથમ દિવસે ૫૩ હજારની કમાણી

## કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ‘અવસર’ પ્રોજેક્ટ હેઠળ સ્ટોલનું કર્યું લોકાર્પણ; મંડાલા આર્ટ અને પટોળા બન્યા મુસાફરોના આકર્ષણનું કેન્દ્ર



તસવીરઃ શૈલેષ વાડોલિયા





**અબતક, રાજકોટ**

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે સ્થાનિક મહિલાઓની કળાને આંતરરાષ્ટ્રીય મંચ પૂરો પાડવા માટે ‘અવસર’ (AVSAR) પ્રોજેક્ટ અંતર્ગત શરૂ કરાયેલા ‘સખી સ્વદેશી માર્ટ’નું કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના વરદહસ્તે ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલી કલાત્મક વસ્તુઓ નિહાળી હતી અને તેમના કૌશલ્યના ભરપૂર વખાણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ સ્ટોલ ‘હર ઘર સ્વદેશી’ના મંત્ર અને ‘આત્મનિર્ભર ભારત’ના સ્વપનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે બહેનોને તેમની પ્રગતિ માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ માર્ટમાં રાજકોટ તાલુકાના બેડી ગામના જૂથ દ્વારા તૈયાર કરાયેલી મંડાલા આર્ટ, જસદણના પારેવાડા ગામનું પટારી વર્ક અને કોટડાસાંગાણીના જૂથના પટોળા પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પ્રવાસીઓના અભૂતપૂર્વ પ્રતિસાદને કારણે, માર્ટ શરૂ થતાં જ પ્રથમ દિવસે જ બહેનોએ રૂ. ૫૩ હજારની કમાણી કરી છે, જે તેમની આર્થિક સશક્તિકરણની સફરમાં એક મોટી સિદ્ધિ છે.

આ કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ. કે. વસ્તાણી, ડિસ્ટ્રિક્ટ લાઈવલીહુડ મેનેજર વી. બી. બસીયા સહિતના અધિકારીઓ અને મોટી સંખ્યામાં સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

### વેપારીઓ અને ખેડૂતો માટે એક જ છત નીચે ખરીદીની સુવિધા

# બેડી યાર્ડમાં ‘ઓમકાર્ટ’ સુપર મોલનું ઉદ્ઘાટન

## સૌરાષ્ટ્રના એપીએમસી વિસ્તારમાં સુપર માર્કેટનો અનોખો પ્રયોગ, ગુણવત્તાયુક્ત માલ સાથે ઘરઆંગણે નિઃશુલ્ક પહોંચશે







તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજકોટ બેડી યાર્ડ વિસ્તારમાં ‘‘ઓમ કાર્ટ‘‘ એલએલપી સુપર મોલનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રના એપીએમસી વિસ્તારમાં સુપર માર્કેટનો આ પહેલો પ્રયોગ માનવામાં આવી રહ્યો છે, જે વેપારીઓ, ખેડૂતો અને સ્થાનિક લોકો માટે એક જ સ્થળે ગુણવત્તાયુક્ત અને વ્યાજબી ભાવે તમામ આવશ્યક વસ્તુઓ ઉપલબ્ધ કરાવશે. મોલમાં કરિયાણું, દૈનિક વપરાશની ચીજો, તૈયાર ખાદ્યવસ્તુઓ તેમજ અન્ય અનેક ઘરગથ્થુ સામાન સુવિધાસભર ઉપલબ્ધ છે. ખાસ કરીને માર્કેટિંગ યાર્ડમાં આવનારા ખેડૂતો અને વેપારીઓને (અનુ. આઠમા પાને)

# જીતના જશ્ન સાથે ડાયરાની મોજ

## અંબિકા ટાઉનશીપમાં અંબા મંદિરે વિશાળ જનમેદનીએ શિવરાત્રીની ભવ્ય ઉજવણી



**અબતક, રાજકોટ**

અંબિકા યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા અંબિકા ટાઉન શીપમાં આવેલ અંબાધામ મંદિરે ભારત-પાક ક્રિકેટ મેચ સાથે ભવ્ય લોકડાયરા સાથે શિવ આરાધના કાર્યક્રમ યોજવામાં આવેલ હતો, જેમાં હજારોની મેદનીએ જીતના જશ્ન સાથે શિવ વંદના કાર્યક્રમમાં ‘હર હર મહાદેવ’ ના નારા લગાવ્યા હતા.

શિવ વંદના કાર્યક્રમમાં કલાકારો જીજ્ઞેશ પ્રજાપતિએ સુંદર મહાદેવના ગીતો સાથે જમાવટ કરી હતી. લોક સાહિત્યકાર દાદુભાઈ ગઢવીએ પણ લોકોને ભકિતભાવમાં તરબોળ કર્યા હતા. સંગીતના સાજીંદાઓમાં તબલામાં સુભાષ ગૌરી, બેન્જો ઉપર ધનરાજ વાઘેલા, ઓકટો પેડમાં સગાર વાઘેલા, મંજીરા માણીગર શંકરભાઈ પરમારે જમાવટ કરી હતી. સમગ્ર ડાયરાનું સંચાલન અરૂણ દવેએ કરેલ હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત જન સમુદાયને ફરાળી નાસ્તોનો સહયોગ હિમાંશુ ચાંગેલા, નીતીન કાલરીયા તથા કેવલ ગરથરીયા તરફથી કરાવાયો હતા. સમગ્ર આયોજનમાં સંસ્થાની યુવા ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

સાંજે સાત વાગ્યાથી શરુ થયેલ (અનુ. આઠમા પાને)

# ક્રિષ્ના વોટર પાર્ક ખાતે મહાશિવરાત્રીની ઉજવણી

## અનાથ, અંધ, વૃદ્ધો અને બાળકોને ફ્રી પ્રવેશઃ ભોજન અને આઈસક્રીમ સાથે મોજનો અનુભવ


તસવીરઃ અભિષેક આસીયાણી



**અબતક, રાજકોટ**

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ક્રિષ્ના વોટર પાર્ક ખાતે અનોખી ઉજવણી યોજાઈ, જેમાં અનાથ, અંધ, વૃદ્ધો અને બાળકોને પર્વની ખુશીઓ માણવાની તક મળી. વોટર પાર્કના માલિક સુરેશભાઈ દ્વારા તમામ મુલાકાતીઓને ફુલહારો અને ઉલ્લાસપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું.

આ પ્રસંગે અંદાજે ૧૦૦૦ થી વધુ બાળકો અને વૃદ્ધોએ વોટર પાર્કની મોજ માણી. સાથે જ તમામ માટે ભોજન અને આઈસક્રીમનું આયોજન કરવામાં આવ્યું, જેથી પર્વના તહેવારનો આનંદ સર્વે વ્યકિતસહીત અનુભવાઈ. વોટર પાર્કમાં ઢોલ-નગારા અને ફૂલહારો સાથે મહાશિવરાત્રીનું દિવ્ય વાતાવરણ સર્જાયું.

અબતક સાથેની વાતચીતમાં સુરેશભાઈએ જણાવ્યું કે, આજરોજ મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે અમારી આમંત્રણ અને માનનો લાભ લઈને રાજકોટની લગભગ ૧૫ થી ૨૦ સંસ્થાઓના બાળકો અને વૃદ્ધોએ અમારું વોટર પાર્ક ભરીને આનંદ માણ્યો. મનસિક રીતે વિકારગ્રસ્ત અને અપંગ બાળકો પણ આ પર્વની ખુશીઓ માણી રહ્યા છે. તેમના આનંદ માટે ભોજન અને આઈસક્રીમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. બધા લોકો ઢોલ-નગારા અને ફૂલહારો સાથે સન્માનિત અનુભૂતિ કરી રહ્યા હતા.

દર વર્ષે મહાશિવરાત્રીના દિવસે ક્રિષ્ના વોટર પાર્કના માલિક સુરેશભાઈ દ્વારા આ સેવા આપવામાં આવે છે, જેમાં સમાજના વિવિધ વર્ગના લોકો, (અનુ. આઠમા પાને)

# વેલેન્ટાઈન ડે નહીં, વ્હાલાને ટાઈમ દે’ થીમ પર અનોખી ઉજવણી

## નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમ દ્વારા માતા-પિતા અને બાળકો માટે આનંદભર્યો અને લાગણીસભર કાર્યક્રમ યોજાયા





**અબતક, રાજકોટ**

૧૪ ફેબ્રુઆરી, જે વેલેન્ટાઈન ડે તરીકે ઉજવાય છે, તે દિવસે નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમ દ્વારા અનોખો કાર્યક્રમ આયોજિત કર્યો. વેલેન્ટાઈન ડે નહીં, વ્હાલાને ટાઈમ દે થીમ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વાલીઓએ પોતાના બાળકો સાથે ગુણવત્તાયુક્ત અને આનંદદાયક સમય પસાર કર્યો.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓની હસ્તી આંખો, માતા-પિતાનો ઉષ્માભર્યો સહકાર અને લાગણીઓથી ભરેલું વાતાવરણ દરેકને આકર્ષક લાગ્યું. ભૂતકાળની મીઠી યાદોને ફરી જીવંત કરતી રેટ્રોથીમ સત્રોમાં વાલીઓએ પોતાની યાદોને શેર કરી અને વિદ્યાર્થીઓને દિલને સ્પર્શી (અનુ. આઠમા પાને)

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ઉમેદવાર અમૃતા ભારદ્વાજના સમર્થનમાં બ્રહ્મસમાજ દ્વારા બેઠક

## સર્વ સમાજના પ્રમુખો, વકીલો અને આગેવાનોની હાજરીમાં એકતા દર્શાવવાનો સંકલ્પ કાર્યક્રમ



**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આગામી તારીખ ૬ માર્ચના રોજ યોજનારી ચૂંટણીમાં રાજકોટના પીઢ ધારાશાસ્ત્રી સ્વ. અભયભાઈ ભારદ્વાજના પુત્રી અમૃતાબેન ભારદ્વાજએ મહિલા અનામત બેઠક પરથી ઉમેદવારી નોંધાવતા જેના સમર્થનમાં બ્રહ્મ સમાજ દ્વારા રજપૂતપરા શેરી ૬ ,સમસ્ત બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે તારીખ ૧૬ને સોમવારે સાંજે ૬/૩૦ કલાકે બ્રહ્મસમાજના અગ્રણીઓ, સર્વ સમાજના પ્રમુખો, વકીલમિત્રો અને આગેવાનોની હાજરીમાં મજબૂત એકતા દર્શાવવાનો સંકલ્પ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. વધુ વિગત મુજબ વકીલોની માતૃસંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની યોજાનાર ચૂંટણીમાં પાંચ મહિલા અનામત મળી ૨૩ બેઠકો માટે ૯૯ ઉમેદવારો ચૂંટણીના જંગમાં છે.જેનું આગામી તારીખ ૬ માર્ચના રોજ મતદાન યોજાશે જેમાં સૌરાષ્ટ્રના જાણીતા અને સિનિયર એડવોકેટ સ્વ. અને રાજ્યસભાના તત્કાલીન સભ્ય સ્વ. અભયભાઈ ભારદ્વાજના પુત્રી અમૃતા ભારદ્વાજ મહિલા અનામત બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. ત્યારે અમૃતાબેન ભારદ્વાજને જંગી બહુમતી સાથે વિજય બનાવવા માટે તારીખ ૧૬ને સોમવારે સાંજે ૬/૩૦. રજપૂતપરા શેરી ૬ ,સમસ્ત બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે બ્રહ્મસમાજના અગ્રણીઓ, સર્વ સમાજના પ્રમુખો, વકીલમિત્રો અને આગેવાનોની હાજરીમાં આશીર્વાદ , શુભેચ્છા અને સમર્થન (અનુ. આઠમા પાને)

# ઈનોવેશનનું નવું કેન્દ્રઃ ઈન્ડિયા એક્સેલરેટર સ્ટાર્ટઅપ સેન્ટરનો શુભારંભ



સૌરાષ્ટ્રના ઉદ્યોગસાહસિક માહોલને મજબૂત બનાવવા માટે ઈન્ડિયા એક્સેલરેટર (ઈંઅ) એ રાજકોટમાં નવું સ્ટાર્ટઅપ કેન્દ્ર શરૂ કર્યું છે. આ કેન્દ્રનું ભવ્ય ઉદઘાટન ત્યાગવલ્લભ સ્વામીજીની પાવન ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

આર.કે આઈકોનિક રિંગ રોડ પર સ્થિત આ ૫,૨૫૦ ચોરસ ફૂટના કેન્દ્રમાં ૧૫૪ બેઠકોની કાર્યસ્થળ સુવિધા ઉપલબ્ધ છે. અહીં સ્ટાર્ટઅપ્સ, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો તેમજ અન્ય વ્યવસાય માટે લવચીક કાર્યસ્થળ, ઝડપી ઈન્ટરનેટ, આરામદાયક કાર્યસ્થળ, અવાજ રોકનારા ખંડ, વિરામ ઝોન અને આધુનિક મીટિંગ રૂમ્સ ઉપલબ્ધ છે.

કેન્દ્રમાં લાઈટિંગ અને હવા નિયંત્રણ માટે આધુનિક સુવિધાઓ, સ્પર્શ વગર પ્રવેશ અને મીટિંગ રૂમ વ્યવસ્થાપન જેવી સ્માર્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે. ફાઉન્ડર્સને વિચારવિમર્શ, ઉત્પાદન પ્રદર્શન અને સર્જનાત્મક પ્રવૃત્તિ માટે અનુકૂળ માહોલ પૂરો પાડવામાં આવ્યો છે.

ફાઉન્ડર્સને કાયદાકીય, ખાતાકીય, માર્કેટિંગ, મીડિયા અને ફંડિંગ અંગે માર્ગદર્શન સાથે સહાય પણ મળશે. ઈંઅ દ્વારા દર વર્ષે ૫૦ થી ૬૦ સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન અને સહાય ઉપલબ્ધ કરાવવા લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

મોહુલ રાજાણી, મોના સિંગ, અપૂર્વ વોરા અને મુનીસ ભાટિયા જેવા કો-ફાઉન્ડર્સે જણાવ્યું કે આ કેન્દ્ર સ્ટાર્ટઅપ્સને જરૂરી કાર્યસ્થળ, માર્ગદર્શન અને સહાય પૂરી પાડશે, જેથી ઉદ્યોગસાહસિકો પોતાના વિચારોને સફળ વ્યવસાયમાં રૂપાંતરિત કરી શકે.


તસવીરઃ ધ્રુવ જેઠવા

## મહાશિવરાત્રીએ ઉદ્યોગ સાહસિકો માટે ૫,૨૫૦ સ્ક્વેર ફૂટમાં આધુનિક કો-વર્કિંગ સુવિધા, ફંડ અને માર્ગદર્શન સાથે સ્ટાર્ટઅપ્સને ગતિ આપવા પહેલ

## સ્પોર્ટ્સ અબતક

### ભયમુક્ત ભારત વિશ્વ વિજેતા બનવા સજ્જ

# અભિષેક નહિ એક્સ ફેક્ટર ઈશાને પાકિસ્તાનની ''ભઠ્ઠી'' બગાડી નાખી

## ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે શાનદાર રમતથી પાકિસ્તાનને ૬૧ રને હરાવ્યું: ઈશાન કિશનના ૭૭, બુમરાહ અને અક્ષર બોલિંગમાં ઝળક્યા, વર્લ્ડ કપમાં પાક. સામે ઈજારાશાહી જારી

**અબતક, રાજકોટ**

ઈશાન કિશનની આક્રમક બેટિંગ બાદ જસપ્રિત બુમરાહ સહિત બોલર્સે કમાલ કરતાં ભારતે આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં કટ્ટર અને પરંપરાગત હરીફ પાકિસ્તાનને ૬૧ રનથી કચડી નાખ્યું હતું. આ સાથે પાકિસ્તાને ટુર્નામેન્ટ અગાઉ ભારત સામે રમવા અને નહીં રમવા અંગે સર્જેલા વિવાદનો સૂર્યકુમાર યાદવની ટીમે મેદાન પર જવાબ આપી દીધો હતો. આ ઉપરાંત પાકિસ્તાન સામે વર્લ્ડ કપ કે કોઈ મલ્ટિ ટીમ ઈવેન્ટમાં ભારતે પોતાની ઈજારાશાહી પણ જાળવી રાખી હતી. આ સાથે ભારતીય ટીમ આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૬ના સુપર-૮ રાઉન્ડ માટે ક્વોલિફાઈ થઈ ગયું હતું.પાકિસ્તાન સામેની આ પ્રકારની ઈવેન્ટમાં ભારતનું હંમેશાં વર્ચસ્વ રહ્યું છે અને તેને કાયમ રાખતાં ભારતે ટી૨૦ વર્લ્ડ કપમાં તેના આ કટ્ટર હરીફ પડોશી સામે આઠમાંથી સાતમી મેચ જીતી લીધી હતી.કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમની સ્લો અને સ્પિનર્સને મદદરૂપ પિચ પર ભારતે તેની ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૭૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો પરંતુ એક સમયે તો પાકિસ્તાન માટે આ સ્કોર પણ પહાડ સમાન બની રહ્યો હતો. અંતે તે ૧૮મી ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ માત્ર ૧૧૪ રન કરી શક્યું હતું.૧૭૬ રનના ટારગેટ સામે રમતાં પાકિસ્તાની ઈનિંગ્સનો પ્રારંભ અત્યંત કંગાળ રહ્યો હતો. હાર્દિક પંડ્યાએ પહેલી જ ઓવરમાં ખતરનાક ઓપનર સાહિબજાદા ફરહાનને આઉટ કર્યો હતો તો બુમરાહની પહેલી ઓવરના પહેલા જ બોલે સિક્સર ફટકાર્યા બાદના બોલે સઈમ ઐયૂબ લેગબિફોર થયો હતો.પાકિસ્તાન આ આઘાતમાંથી બહાર આવે તે પહેલાં તો બુમરાહે એ જ ઓવરમાં પાકિસ્તાની ટીમના સુકાની સલમાન આગાને પણ આઉટ કરી દીધો હતો. આમ પાકિસ્તાને ૧૩ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. પાંચમી ઓવરમાં અક્ષર પટેલને અજમાવવામાં આવ્યો હતો અને તેણે પણ ટીમને વધુ એક અને અત્યંત મહત્વની સફળતા અપાવતા અનુભવી બેટર બાબર આઝમને બોલ્ડ કરી દીધો હતો. આમ પાકિસ્તાને ૩૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી અને હજી ટીમની પાંચ જ ઓવર થઈ હતી. આ જ રીતે પાકિસ્તાનની વિકેટોનો સિલસિલો છેક સુધી જારી રહ્યો હતો.અગાઉ ભારતની ઈનિંગ્સમાં ઈશાન કિશનની આક્રમક બેટિંગ આકર્ષણનું કેન્દ્ર રહી હતી. જેની પાસેથી સૌથી વધુ અપેક્ષા રખાતી હતી અને તાજેતરની બીમારીમાંથી બહાર આવનારો ઓપનર અભિષેક શર્મા પહેલી જ ઓવરમાં માત્ર ચાર બોલ રમીને ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયો હતો. જોકે તિલક વર્મા સાથે મળીને ઈશાન કિશને શાનદાર બેટિંગ કરી હતી. કિશને વર્તમાન સિઝનનું તેનું ફોર્મ આગળ ધપાવતાં આક્રમક બેટિંગ કરીને ૨૭ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે ૪૦ બોલમાં દસ ચોગ્ગા અને ત્રણ સિક્સર સાથે ૭૭ રન ફટકાર્યા હતા જે ટીમનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો. ઈશાન કિશન સિવાયના બેટર્સને રન કરવામાં મુશ્કેલી પડતી હતી. ઈશાન કિશન રમતો હતો ત્યારે ભારતનો સ્કોર ૨૦૦ના આંકને પાર થઈ જશે તેવી અટકળ થતી હતી પરંતુ આર. પ્રેમદાસા સ્ટેડિયમની પિચ ધીમી રહી હતી અને તેને કારણે ભારતના બાકીના બેટરને તકલીફ પડી હતી. તેમાંય સૂર્યકુમાર યાદવ જેવો ખેલાડી પણ રન કરી શકતો ન હતો. ૧૨૬ રનના (અનું.આઠમાં પાને)





### યુવરાજ સિંહનો ૧૪ વર્ષ જૂનો રેકોર્ડ ''ઈશાનદાર'' કિશને તોડ્યો

ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોના ઈતિહાસમાં અત્યાર સુધી યુવરાજ સિંહના નામે ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ હતો. ૨૦૧૨ માં અમદાવાદ રમાયેલી મેચમાં સૌથી વર્ષ ખાતે યુવરાજ સિંહે ૨૯ બોલમાં અડધી સદી ફટકારી હતી. જોકે, ઈશાન કિશને આજે કોલંબોમાં માત્ર ૨૭ બોલમાં આ સિદ્ધિ મેળવીને નવો માઈલસ્ટોન સ્થાપિત કર્યો છે. ઈશાને કુલ ૪૦ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૩ ગગનચુંબી છગ્ગાની મદદથી ૭૭ રનની શાનદાર ઈનિંગ રમી હતી, જેણે ભારતીય ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધી હતી.



### ૩ ગુજરાતીઓએ પાકિસ્તાનના સૂપડા કર્યા સાફ

ભારતીય બોલરોએ શાનદાર લાઈન અને લેન્થ સાથે દબાણ જાળવી રાખ્યું. ખાસ કરીને ગુજરાતના ત્રણ ખેલાડીઓએ પાકિસ્તાનની ટીમ પર ભારે પ્રહાર કર્યો. અક્ષર પટેલે ૨૯ રનમાં ૨ વિકેટ લઈને મધ્યક્રમને ઝટકો આપ્યો. હાર્દિક પંડ્યાએ પણ ૧૬ રનમાં ૨ વિકેટ લઈને મહત્વપૂર્ણ સફળતા મેળવી. જ્યારે જસપ્રિત બુમરાહે ૧૭ રનમાં ૨ વિકેટ લઈને પાકિસ્તાનની આશાઓ પર પાણી ફેરવી દીધું.





### મેચ હારવા છતાં પાકિસ્તાને ઈતિહાસ રચ્યો!!!

કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ગ્રુપ એની મેચમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેનો મહામુકાબલો રમાયો હતો. આ મેચમાં પાકિસ્તાને એક અનોખો અને ઐતિહાસિક નિર્ણય લીધો હતો - તેણે ભારત સામે પોતાના ૨૦ ઓવરમાંથી ૧૮ ઓવર સ્પિનરો પાસેથી જ ફેંકાવ્યા! આ ટી૨૦ વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ સ્પિન ઓવરનો રેકોર્ડ બરાબર કર્યો છે.પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આઘાએ ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો હતો. પિચ સ્પિનરોને મદદ કરતી હોવાનું જોતાં પાકિસ્તાને પોતાના આક્રમણમાં ૬ સ્પિનરોનો ઉપયોગ કર્યો - જે ટી૨૦ વર્લ્ડ કપમાં કોઈ ટીમે એક ઈનિંગમાં સૌથી વધુ સ્પિનરો વાપર્યા છે. આમાં ઉસ્માન તારિક, અબ્રાર અહેમદ, મોહમ્મદ નવાઝ, શદાબ ખાન, સૈમ આયુબ અને કેપ્ટન સલમાન આઘા જેવા ખેલાડીઓ સામેલ હતા. માત્ર શાહીન શાહ આફ્રિદીએ ૨ ઓવર જ ફેંકી હતી, બાકીના તમામ ઓવર સ્પિનરોએ ફેંકી.

### હાર ભાળી ગયેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ ઉભી પૂંછડીએ ભાગ્યા!

ભારત-પાકિસ્તાન મેચ પહેલા મોહસીન નકવી દ્વારા બનાવેલ વાતાવરણ, જે રીતે તે ભારત સામેની મેચનો બહિષ્કાર કરવા લાગ્યો, અને પછી પોતાની જીદ છોડીને રમવા માટે સંમત થયો. આ બધા નાટક પછી, પાકિસ્તાનની હાર હવે તેના માટે શરમજનક છે. આ જ કારણ છે કે પાકિસ્તાનની હારની પુષ્ટિ થાય તે પહેલાં તે સ્ટેડિયમ છોડીને ચાલ્યો ગયો હોવાના અહેવાલો સામે આવ્યા.

સ્પષ્ટ છે કે મોહસીન નકવી પોતાની ટીમની સ્થિતિથી શરમ અનુભવતા મેચ સમાપ્ત થાય તે પહેલાં જ સ્ટેડિયમ છોડીને ચાલ્યા ગયા હતા.

### ટીમ આગામી મેચ પર ધ્યાન કેન્દ્રિત કરશે: સૂર્યકુમાર યાદવ

જીત બાદ સૂર્યકુમારે કહ્યું કે, ''મને લાગે છે કે આ જીત ભારત માટે ખાસ છે. અમે અમારા બ્રાન્ડનું ક્રિકેટ રમ્યા. આ વિકેટ પર પહેલા બેટિંગ કરવી શ્રેષ્ઠ વિકલ્પ હતો.'' તેણે સ્વીકાર્યું હતું કે શૂન્ય રન પર એક વિકેટ ગુમાવ્યા પછી કોઈ એક બેટ્સમેનને જવાબદારી લેવાની હતી અને ઈશાન કિશને તે જવાબદારી શાનદાર રીતે નિભાવી. નોંધનીય છે કે પાકિસ્તાને ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનું પસંદ કર્યું, જે સૂર્યકુમારની નજરમાં ખોટો નિર્ણય હતો.કેપ્ટને કહ્યું હતું કે, પ્રથમ ઈનિંગમાં બેટિંગ કરવી સરળ નહોતી કારણ કે એ અંદાજ લગાવવો મુશ્કેલ હતો કે ઝાકળ આવશે કે નહીં અને લાઈટમાં પીચ કેવી રીતે વ્યવહાર કરશે તેનો અંદાજ લગાવવો પણ મુશ્કેલ છે. સૂર્યકુમાર યાદવે બોલરોની પણ પ્રશંસા કરી અને કહ્યું કે બધાએ સાથે મળીને યોગદાન આપ્યું. તેમણે એમ પણ કહ્યું કે ટીમ હવે અમદાવાદ જશે અને આગામી મેચો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### ભારત-પાકિસ્તાન મેચ હવે રાઈવલરી રહી જ નથી

છેલ્લા ઘણા વર્ષોમાં આઈસીસી ઈવેન્ટ્સ અને એશિયા કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચે ૨૩ મેચ રમાઈ, જેમાંથી ભારતે ૧૯ જીતી છે.ટી૨૦ તો ભારતનું વર્ચસ્વ વધુ સ્પષ્ટ છે. છેલ્લી સાતથી આઠ મેચમાં સતત જીત. પાકિસ્તાનની ટીમ હવે ભારત સામેની મેચમાં પહેલાં જેવો આત્મવિશ્વાસ દેખાડી શકતી નથી.

મેચ પછી પાકિસ્તાની ચાહકો અને ઈન્ફ્લુએન્સર્સ પણ માની રહ્યા છે કે આ રાઈવલરી નથી રહી, આ તો એકતરફી થઈ ગઈ છે. કેટલાકે તો કહ્યું કે, હવે રાઈવલરી કહેવું પણ શરમજનક લાગે છે.જીત ભારતની વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામેની સતત ૮મી જીત હતી.ભારતીય ઉપ-કેપ્ટન અક્ષર પટેલે મેચ પછી કહ્યું, અમે તેમને માત્ર એક ટીમ તરીકે જોઈએ છીએ, કોઈ ખાસ રાઈવલ તરીકે નહીં.ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પણ અગાઉ કહ્યું હતું કે જો હેડ-ટુ-હેડ ૧૩-૦ કે ૧૦-૧ જેવું હોય તો તે રાઈવલર ના કહેવાય.

### ભારત-પાકિસ્તાન મેચ, રવિવારની રજા, સ્વિગી-ઝોમેટોએ ઘરબેઠા લોકોને મોજ કરાવી દીધી

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચે માત્ર ક્રિકેટના મેદાન પર જ નહીં, પરંતુ અર્થતંત્રમાં પણ ધમાલ મચાવી દીધી છે. આ મેચે ખોરાક ડિલિવરી પ્લેટફોર્મ્સ, ક્વિક કોમર્સ, જાહેરાત ઉદ્યોગ અને રેસ્ટોરન્ટ્સમાં વધારો જોવા મળ્યો છે.સ્વિગી અને ઝોમેટો જેવા પ્લેટફોર્મ્સ પર ઓર્ડર્સમાં ૫૦%થી વધુનો વધારો થયો છે,સ્વિગી અને ઝોમેટોએ 'ચિયર ફોર ઈન્ડિયા' જેવા ખાસ ડીલ્સ અને ફ્લેટ ઑફર્સ ચલાવ્યા, જેનાથી ફેન્સે ઘરે બેસીને મેચ જોતાં-જોતાં ખાવાનું ઓર્ડર કર્યું. ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ પર ચિપ્સ, કોલ્ડ ડ્રિંક્સ અને બીયર જેવી વસ્તુઓની માંગમાં પણ નોંધપાત્ર વધારો થયો.

# ઓસ્ટ્રેલિયા સામેની ટી-૨૦માં ભારતીય વિમેન્સ ટીમનો વિજય

## ઓસ્ટ્રેલિયાના ૧૩૩, વરસાદ બાદ ભારતે પાંચ ઓવરમાં ૫૦ રન કરી મેચ જીતી

**અબતક, રાજકોટ**


પ્રવાસી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમે રવિવારે અહીં રમાયેલી પ્રથમ ટી૨૦ ક્રિકેટ મેચમાં ભારતનો ૨૧ રનથી વિજય થયો હતો. હકીકતમાં ડકવર્થ એન્ડ લૂઈસ સિસ્ટમને આધારે પરિણામ આવ્યું હતું. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરીને ૧૮ ઓવરમાં ૧૩૩ રન કર્યા હતા જેના જવાબમાં ભારત રમવા આવ્યું અને તેની ૫.૧ ઓવર બાદ સ્કોર એક વિકેટે ૫૦ રન હતો ત્યારે વરસાદનું આગમન થયું હતું. આ સમયે ડકવર્થ એન્ડ લૂઈસ સિસ્ટમ મુજબ ભારતને ૩૦ રન કરવાના હતા. જેના કરતાં ભારતીય વિમેન્સ ટીમ ઘણી આગળ હતી. આમ તેનો ૨૧ રનથી વિજય થયો હતો.આ સાથે ભારત વિમેન્સ ટીમે ત્રણ મેચની ટી૨૦ સિરીઝમાં ૧-૦ની સરસાઈ હાંસલ કરી લીધી હતી. બીજી મેચ ૧૯મીએ રમાશે. આ સિરીઝ બાદ ભારત અને ઓસ્ટ્રેલિયા વિમેન્સ ટીમ ત્રણ મેચની વન-ડે સિરીઝ રમશે અને અંતે છઠ્ઠી માર્ચથી બંને ટીમ વચ્ચે સિરીઝની એક માત્ર વિમેન્સ ટેસ્ટ રમાનારી છે.પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયેલી અરૂંધતી રેડ્ડીએ બોલિંગમાં કમાલ કરતાં ઓસ્ટ્રેલિયાની ચેમ્પિયન ટીમની બેટિંગનો ધબડકો થયો હતો. જ્યોર્જિયા વોરહામના ૩૦ અને ફોબે લિચફિલ્ડના ૧૯ બોલમાં ૨૬ રનને બાદ કરતાં ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમની બાકીની બેટર ખાસ યોગદાન આપી શકી ન હતી.ઓપનર અને વિકેટકીપર બેથ મૂની માત્ર પાંચ રન કરી શકી હતી તો એલિસી પેરીએ ૧૧ બોલમાં ચાર ચોગ્ગા સાથે ૨૦ રન ફટકાર્યા હતા. જ્યોર્જિયા વોરહામે પણ આક્રમક બેટિંગ કરીને ૧૯ બોલમાં ચાર ચોગ્ગા સાથે ૩૦ રન ફટકાર્યા હતા. ભારતીય વિમેન્સ ટીમ માટે ઝડપી બોલર રેણુકાસિંઘ ઠાકુરે પ્રારંભમાં સફળતા અપાવી હતી. તેણે ચાર ઓવરમાં ૧૪ રન આપીને બે વિકેટ લીધી હતી તો સ્પિનર અરૂંધતી રેડ્ડીએ ચાર ઓવરમાં ૨૨ રનમાં



# લ્યો કરો વાત...વૈભવ સૂર્યવંશી બોર્ડની પરીક્ષા નહિ આપે

**અબતક, રાજકોટ**

બિહારના સમસ્તીપુર નિવાસી અને તાજેતરમાં પૂરી થયેલી અન્ડર-૧૯ વિશ્વ કપમાં શાનદાર પ્રદર્શનથી ચર્ચામાં આવેલા યુવા ભારતીય બેટર વૈભવ સૂર્યવંશી ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. આ વખતે ક્રિકેટ નહીં પરંતુ શિક્ષણને લઈને વૈભવે નિર્ણય કર્યો છે કે, આ વર્ષે સીબીએસઈ દ્વારા આયોજિત ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા નહીં આપે.સીબીએસઈ દ્વારા ૧૭ ફેબ્રુઆરીથી બોર્ડની પરીક્ષા શરૂ થશે અને ૧૧ માર્ચ સુધી ચાલશે. આ દરમિયાન ટ્રેનિંગ, કેમ્પ અને વિભિન્ન ટૂર્નામેન્ટમાં વ્યસ્ત રહેવાના કારણે છેલ્લી ઘડીએ વૈભવે પરીક્ષા ન આપવાનો નિર્ણય કર્યો છે.




ક્રિકેટ પ્રવૃત્તિના કારણે વૈભવ સૂર્યવંશી ઘર અને સ્કૂલથી દૂર રહ્યો હતો. જેને લઈને તે બોર્ડની પરીક્ષાની તૈયારી કરી શક્યો ન હતો. મોડેસ્ટી સ્કૂલ તાજપુરના ડાયરેક્ટર આદર્શ કુમાર પિંટુએ જણાવ્યું હતું કે, વૈભવનું પરીક્ષા ફોર્મ ભરવામાં આવ્યું હતું અને એડમિટ કાર્ડ પણ જાહેર થયું છે.

જેમાં બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્ર પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં નિર્ધારિત કરાયું છે.

વૈભવના પિતા સંજીવ સૂર્યવંશી સાથે વાતચીત પછી એ નિર્ણય સામે આવ્યો હતો કે વ્યસ્ત કાર્યક્રમના કારણે આ વખતે તે પરીક્ષામાં સામેલ નહીં થઈ શકે. જોકે, હાલ વૈભવ સંપૂર્ણપણે ક્રિકેટ પર ફોકસ કરી રહ્યો છે અને આગામી ટૂર્નામેન્ટની તૈયારીમાં છે.


તાજેતરમાં અંડર-૧૯ વર્લ્ડ કપમાં શાનદાર બેટિંગ પ્રદર્શન કરીને ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેની નીડર બેટિંગે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરના ઘણા ખેલાડીઓને પ્રભાવિત કર્યા છે. હવે, ફેન્સ આઈપીએલમાં વૈભવની શાનદાર બેટિંગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# સાઈના નેહવાલને ભવ્ય ભારત ભૂષણ એવોર્ડથી સન્માનિત કરાયા

## ભવ્ય ભારત ભૂષણ એવોર્ડ ઈશા ફાઉન્ડેશન અને સદ્ગુરુ જગ્ગી દ્વારા શરૂ કરાયેલ રાષ્ટ્રીય એવોર્ડ, સાઈનાને બેડમિન્ટનમાં ભારતે ઐતહાસિક સિદ્ધિ આપવા બદલ મહાશિવરાત્રીના પાવન અવસરે એવોર્ડ અપાયો

**અબતક, રાજકોટ**

ભારતીય બેડમિન્ટનની પૂર્વ વર્લ્ડ નંબર-૧ ખેલાડી અને ઓલિમ્પિયન સૈના નેહવાલને ભવ્ય ભારત ભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે. આ પુરસ્કારનું ઉદ્ઘાટન આધ્યાત્મિક નેતા સદ્ગુરુ (ઈશા ફાઉન્ડેશનના સ્થાપક) દ્વારા કરવામાં આવ્યું છે અને તે ભારતના વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન આપનાર વ્યક્તિઓને આપવામાં આવે છે.



આ પુરસ્કાર મહાશિવરાત્રિના પવિત્ર અવસરે તમિલનાડુના કોયમ્બતૂરમાં આવેલા ઈશા યોગા સેન્ટરમાં ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહ દ્વારા સૈના નેહવાલને એનાયત કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં ભવ્ય ભારત ભૂષણ પુરસ્કારના પ્રથમ વર્ષના અન્ય વિજેતાઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં વિવિધ ક્ષેત્રો જેવા કે રાષ્ટ્રીય સુરક્ષા, વ્યવસાય, કલા, મનોરંજન, રમતગમત, સમાજ કલ્યાણ, વિજ્ઞાન-ટેકનોલોજી અને સાહિત્ય-શિક્ષણના પ્રતિનિધિઓ સામેલ હતા.

સાઈના ભારતીય રમતગમતના ઈતિહાસમાં એક ક્રાંતિ લાવનારી ખેલાડી તરીકે (અનું.આઠમાં પાને)

### રાજકોટ પોલિસને ઉંઘતી રાખી એસએમસી ત્રાટકી

# બટેટાની બોરીઓની આડમાં છુપાવેલો રૂ.૩૩.૩૭ લાખનો દારૂ ભરેલો ટ્રક ઝડપાયો

## જૂના માર્કેટીંગ યાર્ડમાં વિજીલન્સનો દરોડો : આગ્રાના મોનુ તૈલીએ ૪૦૦ બોરી બેટટાની નીચે ચોરખાનું બનાવી દારૂની ૮૨૫૭ બોટલ મોકલી'તી : રાજકોટના બુટલેગરને સપ્લાય થાય તે પહેલાં જ દરોડો

**અબતક, રાજકોટ**

રાજકોટ પોલીસને ઉંઘતી રાખી જુના માર્કેટિંગ યાર્ડમાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકી હતી અને બટાકાની બોરીઓની આડમાં આવતો ૩૩.૩૭ લાખનો દારૂ ભરેલ ટ્રક પકડી ચાલક અને કલીનરની ધરપકડ સાથે કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આગ્રાના મોનુ તૈલીએ ૪૦૦ બોરી બટાકાની નીચે ગુપ્ત ખાનું બનાવી મોટા પ્રમાણમાં દારૂ મોકલ્યો હતો, જે રાજકોટના બુટલેગરને સપ્લાય થાય તે પહેલાં જ દરોડો પાડતાં રાજકોટ શહેર પોલીસમાં સોંપો પડી ગયો હતો.



દરોડાની વિગત મુજબ, સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિરલિપ્ત રાય અને એસપી મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે. ડી.રવીયા ટીમ સાથે રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં ત્યારે એએસઆઈ નરેશભાઈ, હેડ કોન્સ્ટેબલ રાજેશકુમાર, વસીમભાઈ બુખારી સહિતના સ્ટાફને રાજકોટ આરટીઓની બાજુમા પોપટભાઈ સોરઠીયા જુના માર્કેટીંગ યાર્ડનામાં આવેલ લવલી આલુ ભંડાર નામની દુકાન આગળ ટ્રક .નં.આરજે-૧૭-જીએ-૪૫૧૩ માં બટાકાની બોરીઓ ક્વરીંગ તરીકે રાખી તેની આડમાં ગુપ્ત ખાના બનાવી તેમાં વિદેશી દારૂનો જથ્થો ભરી લાવનાર છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમ જુના માર્કેટિંગ યાર્ડમાં અલગ અલગ જગ્યાએ વોચમાં હતા. ત્યારે બપોરના સમયે અશોક લેલેન ટ્રક નં.આરજે-૧૭-જીએ-૪૫૧૩ ની આવતા જે લવલી આલુ ભંડાર નામની દુકાનની બાજુમા દિવાલ પાસે આવી ઉભી રહેલ હતો.જેથી એસએમસીની ટીમ ટ્રક આગળ આવી ટ્રકમા સવાર ડ્રાઈવર સાથે કિલનરને અટકમાં લઈ તેઓના નામ પુછતા ડ્રાઈવર સીટ પર બેઠેલ શખ્સે પોતાનુ નામ અલીમુદ્દીન શ્રીલાલ તૈલી (સુન્ની) (રહે. તૈલી પાડા, ધનોલી, આગ્રા, ઉત્તરપ્રદેશ) તેની બાજુમા બેઠેલ શખ્સે પોતાનુ નામ સૈતાનસિંહ શ્રીકૈલાશજી નાઈ, (રહે. ગામ બકાલપુર, આગ્રા ઉત્તરપ્રદેશ) હોવાનુ જણાવેલ હતું.

બાદમાં પોલીસે ટ્રકની કેબિનમાં તપાસ કરતા ડ્રાઈવર સીટની પાછળ ચાર બોલ્ટ મારી પાટીપુ મારેલ હોય જે ડ્રાઈવર પાસે ખોલાવી જોતા તેમાં ૪૦૦ થી વધું બટાકાની બોરીઓમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જે બાદ ટ્રક બી. ડિવિઝન પોલીસ મથકે લઈ જઈ ટ્રકમાં રહેલ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો ૮૨૫૭ રૂ.૩૩.૩૭ લાખ અને ટ્રક સહિત કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદામાલ કબ્જે કરી પકડાયેલ બંને શખ્સોની પૂછતાછ કરી હતી.

પકડાયેલ અલીમૂદીને જણાવ્યું હતું કે, તે છેલ્લા ૨૦ વર્ષથી ટ્રક ડ્રાઈવીંગ કરે છે, મોનુ મલુઆ તૈલી સબંધમાં કુટુંબી સાળો થાય છે. જેનુ ગામ ભોજપુર, આગ્રા, ઉ.પ્રદેશ છે. તે પણ ટ્રાન્સપોર્ટનું કામ કરે છે. તેની પાસે ચાર ટ્રકો છે. ક્યારેક સાળાની ટ્રક ઉપર પણ ડ્રાઈવીંગ કરે છે. ગઈ તા.૧૨ ના સાળાએ આગ્રા, બીચપુરી ફાટક પાસે ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ ઉપર બોલાવેલ અને તેના ટ્રાન્સપોર્ટની ટ્રક નં. આરજે-૧૭-જીએ-૪૫૧૩ ની આપેલ અને સાથે બીજો ડ્રાઈવર-કમ કિલનર તરીકે સૈતાનસિહ નાઈનો આવશે તેમ જણાવી બન્નેને રસ્તામા ખર્ચા માટે ૪૦૦૦ રૂપિયા આપેલા અને જણાવેલ કે તેમાં ગુપ્ત ખાના બનાવી દારૂનો જથ્થો છુપાવેલ છે. તેમજ ટ્રકની કેબિનમા ડ્રાઈવર સીટની પાછળ પણ ગુપ્ત ખાનુ બનાવેલ છે. જેમા દારૂનો જથ્થો છુપાવેલ અને ઉપર બટાકાની બોરીઓ ભરેલ છે. રાજકોટ માર્કેટ યાર્ડમા બટાકાનો જથ્થો ખાલી કર્યા બાદ મોનુને ફોન કરવાનો અને મોનુ રાજકોટ શહેરમા જયાં કહે ત્યા જઈ ગુપ્ત ખાનામા છુપાવેલ દારૂનો જથ્થો આપવા જવાનુ હતુ, આ દારૂનો જથ્થો કોને આપવા નો હતો તે મોનુએ પહેલેથી જણાવેલ નથી. તેમજ ગુજરાતમા એક ફેરો મારવાના ૮૦૦૦ રૂપિયા આપવાનુ નક્કી કરેલ હતુ. હાલ એસએમસીની ટીમે બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. જે આગળની તપાસ થોરાળા પીઆઈ એન.જી.વાઘેલા અને ટીમે આદરી છે.

### ડ્રાયવર-ક્લિનરની ધરપકડ, શરાબ સહિત કુલ રૂ.૫૩.૯૫ લાખનો મુદામાલ જપ્ત : રાજકોટના બુટલેગરને પકડવા સ્થાનિક પોલીસે તજવીજ આદરી

# અંજાર: હોટેલના પાર્કિંગમાં ટ્રકમાંથી ૨ કરોડનો દારૂ જપ્ત

## એસએમસીએ દરોડો પાડી ચોખાની આડમાં છુપાવેલો શરાબનો જથ્થો કબજે કર્યો

અંજાર તાલુકાના વરસાણા ગામ નજીક હોટેલના પાર્કિંગમાં ટ્રકમાંથી એસ.એમ.સી.ની ટીમે દરોડો પાડી રૂા. ૨,૦૬,૭૨,૦૦૦નો અંગ્રેજી શરાબનો જથ્થો જપ્ત કર્યો હતો. એકેય આરોપી હાથમાં આવ્યા નહોતા. એસ.એમ.સી.ની આ કાર્યવાહી બાદ સ્થાનિક પોલીસમાં ભારે દોડધામ થઈ પડી હતી.વધુ વિગત મુજબ ભચાઉ-ગાંધીધામવાળા ધોરીમાર્ગ ઉપર વરસાણા ગામ નજીક આશાપુરા હોટેલના પાર્કિંગમાં ટ્રકમાં દારૂ હોવાની મળેલી બાતમીના આધારે એસએમસીની ટીમે દરોડો પાડી હોટેલમાં આર.જે. ૧૭ જી.બી. ૧૪૭૭ નંબરનો ટ્રક અંગે હોટેલના સંચાલક મોહન ઉર્ફે મુન્ના ગોમારામ જાટ (ચૌધરી)ને પૂછતાં તા. ૧૪/૨ના સવારથી આ ટ્રક પાર્કિંગમાં પડી છે, કોઈ લેવા આવ્યું નથી તેવું જણાવ્યું હતું. બાદ ટ્રકની તાળપત્રી હટાવી તપાસ કરતાં શરૂઆતમાં ચોખાની બોરીઓ નજરે પડી હતી. આ બોરીઓ હટાવતાં તેની નીચે દારૂની પેટીઓ નજરે પડી હતી. ટ્રકમાંથી નાની-મોટી ૩૦,૦૪૫ બોટલ કિં. રૂા. ૨,૦૬,૭૨,૦૦૦નો શરાબનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. સાથે આ વાહનમાંથી રેગ્યુલર ઈન્ડિયન વ્હાઈટ રાઈઝના ૪૪૦ કટ્ટા, બારગઢથી ગાંધીધામની બિલ્ટી, આર.સી. બૂક, ફિટનેસ સર્ટિ., પી.યુ.સી. વગેરે કાગળો જપ્ત કરવામાં આવ્યા હતા. હોટેલના પાર્કિંગમાં કે હોટેલમાં સી.સી. ટી.વી. કેમેરા છે કે નહીં

સવારે અહીં ટ્રક કોણ મૂકી ગયું હતું, આર.સી. બૂકમાં કોનું નામ છે ? તે સહિતની તેમજ દારૂ કોણે મંગાવ્યું હતું અને કોણે ક્યાંથી મોકલાવ્યું હતું તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ મોકલનારા મૂળ બુટલેગરો સુધી પહોંચી ન શકે તે માટે તમામ બોટલો પરથી બેચ નંબર વગેરે લખાણ ચેકી નાખવામાં આવ્યા હતા. એસ.એમ.સી.ની આ કાર્યવાહી બાદ સ્થાનિક પોલીસમાં કોની વિકેટ પડશે તેવો ગણગણાટ પોલીસ બેડામાં સંભળાવા લાગ્યો હતો.

### એસએમસી ટીમના સૌરાષ્ટ્રમાં ધામા : બોટાદ બાદ મોરબી, કચ્છ અને રાજકોટમાં દરોડાનો દોર, સ્થાનિક પોલિસની કામગીરી પર ઉઠતા સવાલ

### શિવરાત્રીના મેળામાંથી પરત ફરી રહેલા મિત્રોની

# જેતલસર નજીક કાર બિજની દિવાલ સાથે ધડાકાભેર અથડાતા યુવતી સહિત ત્રણના મોત

## ઓવર સ્પીડમાં સ્કોડા કાર હોવાનું પ્રાથમિક તારણ: એક ગંભીર

**અબતક, રાજકોટ**

જેતલસર નજીક રેલ્વે બ્રીજ પર બે કાબુ બનેલી કાર ડિવાઈડર સાથે ધડાકા ભેર અથડાતા કારમાં સવાર યુવતી સહીત ત્રણના મૃત્યુ નીપજ્યા હતા, એક યુવાનને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.ચારેય યુવાનો જુનાગઢથી શિવરાત્રીનો મેળો કરી પરત ફરતા હતા અને ઓવર સ્પીડમાં ગાડી ચલાવવાના હિસાબે બનાવ બન્યાનું પોલીસે જણાવ્યું. પ્રાપ્ત વિગતો મુજબ જેતલસર ચોકડી નજીક આવેલા રેલ્વે બ્રીજ પર વહેલી સવારે બે કાબુ બનેલી કાર ડિવાઈડર સાથે ધડાકા ભેર અથડાઈ હતી ત્યારે કારમાં સવાર મુસ્કાન હરેશભાઈ બગડા (ઉવ.૨૧), અરૂણ પ્રફુલભાઈ વાળા(ઉવ.૨૦), અને જયદીપ કિશોરભાઈ ચૌહાણ (ઉવ.૨૦) અને અમીશ ચનાભાઈ પરમાર(ઉવ.૧૯)ને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર અર્થે જેતપુર સિવિલ હોસ્પિટલ ખાતે



ખસેડવામાં આવ્યા હતા જ્યાં અરૂણ અને મુસ્કાનને મૃત જાહેર કર્યા હતા જયારે જયદીપ અને અમીશને જેતપુર થી વધુ સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યા જયદીપ ચૌહાણને મૃત જાહેર કર્યો હતો અને અમીશને વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો ત્રણ ત્રણ યુવાનોના મૃત્યુ થી અરેરાટી વ્યાપી હતી, વધુ વિગત મુજબ યુવાનો જુનાગઢ થી શિવરાત્રીનો મેળો કરી પરત ફરતા હતા ત્યારે કરૂણાંતિકા સર્જાઈ હતી,બનાવની જાણ થતા જેતપુર તાલુકા પોલીસ મથકના પી.આઈ હેરમા સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખાતે મોકલી તેના પરિવાર સુધી પહોચવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

# એમ.જી. હોસ્ટેલમાં ગીત વગાડવા બાબતે છાત્રો વચ્ચે મારા મારી!!

## લોબીમાં મોબાઈલની ફ્લેશ લાઈટ અને ગીત વગાડવા મુદે ધોકા વડે હુમલો, છાત્ર સહિત ત્રણ ઘવાયા: બંને પક્ષે સામ સામે નોંધાતો ગુનો

**અબતક,રાજકોટ**

ૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. આ ઘટનામાં ગીર સોમનાથ જિલ્લાના બે વિદ્યાર્થીઓ પર લાકડાના ધોકા વડે હુમલો કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વીગતો મુજબ મૂળ કોડીનારના કાચ ગામના વતની અને હાલ રાજકોટની હરિવંદના કોલેજમાં કક્ઈનો અભ્યાસ કરતા દિવ્યેશ રમેશભાઈ સોસા (ઉ.વ. ૨૩) એ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત રાત્રિના સાડા બારેક વાગ્યાની આસપાસ તેનો મિત્ર કૈલાશ બીપીનભાઈ પરમાર (રહે. ઉના) હોસ્ટેલની લોબીમાં મોબાઈલ પર ગીતો સાંભળતો હતો. આ સમયે મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલુ હોવાથી સામેના રૂમમાં રહેતા ભરત જગુભાઈ જાદવ અને મયુર જગુભાઈ જાદવે 'અમને ડિસ્ટર્બ થાય છે' તેમ કહી ગાળાગાળી કરી હતી. દિવ્યેશ અને તેના મિત્રો જ્યારે આ બાબતે સમજાવટ માટે સામેના રૂમમાં ગયા, ત્યારે મામલો વધુ વણસ્યો હતો. મયુર અને ભરતે ઉશ્કેરાઈને ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. આ દરમિયાન લાકડાના ધોકા વડે હુમલો કરવામાં આવતા કૈલાશને હોઠના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બીજી તરફ સામા પક્ષે મયુર જાદવને પણ ઈજાઓ પહોંચતા તેને પણ સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે. મયુરભાઈ જગુભાઈ જાદવ નામના યુવાને પોલીસ ફરિયાદ નોંધાવી આક્ષેપો કર્યા છે. ફરિયાદ મુજબ, મયુરભાઈ જ્યારે બે પક્ષો વચ્ચે ચાલી રહેલા ઝઘડામાં સમાધાન કરાવવા વચ્ચે પડ્યા હતા, ત્યારે ઉશ્કેરાયેલા શખ્સોએ તેમના પર જીવલેણ હુમલો કર્યો હતો. મયુરભાઈએ પોતાની ફરિયાદમાં જણાવ્યું છે કે, હુમલાખોરોએ તેમના પર પાઈપ, ધોકા અને ફાયર સેફ્ટીના બાટલા વડે હુમલો કર્યો હતો. પોલીસે દિવ્યેશની ફરિયાદના આધારે બંને આરોપી ભાઈઓ સામે ગુનો દાખલ કર્યો છે. સામા પક્ષે મયુર જાદવનું નિવેદન લઈને પોલીસે આગળની કાયદેસરની તજવીજ તેજ કરી છે.

# પોલિસની કોમ્બિંગ નાઈટ: પાંચ નશામાં અને ત્રણ છરી સાથે ઝડપાયા

## રવિવારે રાત્રે અલગ અલગ વિસ્તારોમાં પોલિસે ચેકીંગ હાથ ધર્યું

**અબતક, રાજકોટ**

શહેર પોલીસ દ્વારા રવિવારે કોમ્બિંગ નાઈટ દરમિયાન શહેરના અલગ અલગ વિસ્તારમાંથી છરી સાથે ત્રણ શખસોને ઝડપી લીધા હતા. જ્યારે પીધેલી હાલતમાં પાંચ શખસોને ઝડપી લઈ તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

શહેરમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બનાવવા અને ગુનેગારો પર લગામ કસવા માટે શહેર પોલીસ દ્વારા સમયાંતરે કોમ્બિંગ નાઈટ કરવામાં આવે છે. દરમિયાન ગઈકાલ રાત્રિના પોલીસ દ્વારા કોમ્બિંગ નાઈટ કરવામાં આવી હતી. જેમાં છરી સાથે અને પીધેલી હાલતમાં આઠ શખસો પોલીસની ઝપટે ચડી ગયા હતા. પોલીસે છરી સાથે ત્રણ શખસો અને દારૂ પી નીકળેલા પાંચ શખસોને ઝડપી લીધા હતા.

શહેરમાં સામાન્ય બાબતમાં છરી સહિતના હથિયારો વડે હુમલા કરવાની ઘટનાઓ સતત વધી રહી હોય ત્યારે પોલીસે છરી સહિતના હથિયારો સાથે રાખી ફરતા શખસો સામે પણ તવાઈ ઉતારી હતી. જેમાં રાજકોટ તાલુકા પોલીસે ૧૫૦ ફૂટ રીંગ રોડ, કોકોનટ પાર્ટી પ્લોટની સામે ઝૂંપડપટ્ટીમાંથી વિપુલ મનજીભાઈ વાઘેલાને અને મટુકી રેસ્ટોરન્ટ સામે વ્રજલીલા એપાર્ટમેન્ટ પાસેથી ઈકબાલ વલીમામદભાઈ સોઠાને, કુવાડવા રોડ પોલીસે અમદાવાદ રાજકોટ હાઈવે રોડ સંદેશ પ્રેસ પાસેથી ભરત ધીરાભાઈ જાદવને છરી સાથે પકડી પાડી હથિયારબંધી જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. પોલીસે નાઈટ પેટ્રોલીંગ કરી પીધેલી હાલતમાં પાંચ શખસોને પકડી પાડ્યા હતા. જેમાં કુવાડવા રોડ પોલીસે નવાગામ આણંદપર દિવેલીયાપરા રોડ પરથી અજય મગનભાઈ પરમારને,પ્ર.નગર પોલીસે જંકશન પ્લોટ શેરી નંબર ૫, ગુરુકૃપા ટેલિકોમ પાસેથી દિપક નિર્મળભાઈ ડવ અને સમીરભાઈ બસીરભાઈ બ્લોચને, રાજકોટ તાલુકા પોલીસે સ્પીડવેલ ચોક થી આગળ લક્ષ્મણ ટાઉનશીપ બિલ્ડીંગના પાર્કિંગમાંથી મહેશ ભીખાભાઈ બગડાને, ગાંધીગ્રામ પોલીસે જામનગર રોડ માધાપર ગામ માધવ પાર્ટી પ્લોટ પાસેથી લાલજી હીરાભાઈ ગમારાને પીધેલી હાલતમાં પકડી પાડી પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# ન્યારી ડેમ નજીક છરીની અણીએ યુવક પાસેથી રોકડ લૂંટી જનાર સગીર સહિત ત્રણ ઝડપાયા

## મધરાત્રિએ યુવકને છરી બતાવી ખિસ્સામાંથી પાકીટ કાઢી રૂ.૨૨૦૦ની રોકડ લૂંટી માર મરાયો'તો

**અબતક, રાજકોટ**

ન્યારીડેમ નજીક યુવાનને આંતરી છરીની અણીએ રોકડની લૂંટ ચલાવનાર સગીર સહિત ત્રણ શખ્સોને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી બે બાઈક કબ્જે કર્યા હતાં. જ્યારે રોકડ રકમ વાપરી નાંખતા વધું તપાસ યથાવત રખાઈ છે.

બનાવ અંગે ન્યારી ડેમ રોડ પર સફલ બિલ્ડીંગમાં રહેતાં મૂળ તાલાલાના જશાપુર ગામના વતની કુલદીપભાઈ જીતેન્દ્રભાઈ વિંઝુડા (ઉ.વ.૨૧) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તે છેલ્લા ત્રણેક માસથી મારી સાથે કામ કરવા વાળા છોકરાઓ સાથે રહી કેટરસમાં કામ છે.

ગઈકાલે વહેલી સવારના તેમને વતન જવાનુ હોય રૂમ ઉપરથી આશરે અઢી વાગ્યે ચાલતો ચાલતો ઘરેથી બસ સ્ટેશન જવા નીકળેલો અને કાલાવડ રોડથી કોઈ રિક્ષા કે વાહનમાં બેસી બસ સ્ટેશન જવાનુ હતુ. ચાલતા ચાલતા કાલાવડ રોડ નજીક માધવ મહેલની આગળ પહોચતા આશરે ત્રણેક વાગ્યે પાછળથી એક ટી.વી.એસ. રાઈડર બાઈક નં. GJ-03-૮૩૦૪ અથવા ૮૩૦૩ મા બે માણસો આવેલા અને બાઈક ઉભુ રાખી એક જણાએ કાઠલો પકડી અને બીજાએ છરી બતાવેલ હાલ એય જે



પૈસા હોય એ કાઢ તેમ કહી થેલો આચકી લીધેલ અને થેલામા જોવા લાગેલ અને બીજાએ મારા ખીસ્સામાથી પાકીટ કાઢી તેમા હતા તે રોકડા રૂ.૨૨૦૦ કાઢી લઈ પાકીટ પાછુ આપી મોબાઈલ લઈ લીધેલ હતો.

તેમજ બન્ને જણા ઢીકાપાટુનો મારમારવા લાગેલ હતાં. એક જણાએ કોઈને ફોન કરી બીજા બે જણાને બોલાવેલ અને પાંચજ મીનીટમા બાઈકમાં બીજા બે જણા આવી ગયેલ અને આ બન્ને જણા આવીને મારવા લાગેલા હતાં. ત્યારબાદ પેટમા વાગતા તે નીચે બેસી જતા આ ચારેય જણા ફોન આપીને નાશી ગયેલ છૂટ્યા હતાં. જે બાદ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

જે બનાવની ગંભીરતા જોઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તુરંત ગુનો ડિટેકટ કરી આરોપીને પકડી પાડવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ ડી.પી.ઝાલા, એ.એન.પરમાર, આર.કે.ગોહીલ, વી.ડી.ડોડીયા અને એસ.વી.ચુડાસમા અલગ અલગ ટીમો સાથે તપાસમ હતા ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે લુંટના ગુન્હાને અંજામ આપનાર બે સગીર સહિત ચાર શખ્સને પકડી પાડ્યા હતાં.

જેમાં પકડાયેલ શખ્સોમાં ધવલ ભોજા પરમાર (ઉ.વ. ૨૩, રહે. મેટોડા ગેટ નં. ૦૧ બુધવારીની સામે હરસિધ્ધિ હોટલની બાજુમાં), ભરત લાખા રાઠોડ (ઉ.વ. ૨૬, રહે. મેટોડા ગેટ નં. ૧ જીગ્નેશ પાર્ક મકાન નં.૧૫ ભાડેથી બુધવારીની સામે) અને બે સગીરનો સમાવેશ થાય છે. આરોપી પાસેથી બે બાઈક પણ કબ્જે કર્યા હતાં. આરોપીઓએ મોજશોખના ખર્ચા કાઢવા માટે લૂંટ કરી હોવાની પ્રાથમિક કબૂલાત આપતાં વધું તપાસ તાલુકા પોલીસે આદરી છે.

### બે મોટરસાયકલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી લેતી ક્રાઈમ બ્રાન્ચ: રોકડ ખર્ચી નાખ્યાની કબૂલાત

# તારે મારી પંચાયત કરવી નહિ કહી પશુપાલક યુવાનને કડા વડે માર મરાયો

## અઢી વર્ષ પૂર્વે થયેલી અદાવતનો ખાર રાખી હુમલો કરી ઈજાગ્રસ્ત યુવાનના ભાઈને ફોનમાં ખૂનની ધમકી: યુનિવર્સિટી પોલિસ મથકમાં ચાવડિયા બંધુઓ વિરુદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

તારે મારી પંચાયત કરવી નહિ કહી મનહરપુર ખાતે ૨૨ વર્ષીય પશુપાલકને હાથમાં પહેરવાના કડા વડે માર મારવામાં આવ્યો હતો. અગાઉ અઢી વર્ષ પૂર્વે થયેલી અદાવતનો ખાર રાખી કરવામાં આવેલ હુમલાની ઘટનામાં યુનિવર્સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મનહરપુર-૧ મફતિયાપરામાં રહેતા ૨૨ વર્ષીય પશુપાલક યુવાન હીરાભાઈ કાનાભાઈ ધ્રાંગીયાએ યુનિવર્સીટી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઘર નજીક રહેતા રામ જગાભાઈ ચાવડિયા અને ડાયા જગાભાઈ ચાવડીયાનું નામ આપી જણાવ્યું હતું કે, અઢી વર્ષ પહેલા અમારા ઘર પાસે રહેતા રામભાઈ જગાભાઈ ચાવડીયા તેના ભાભી સાથે ગાડીમા બેસેલ હોય જે હું જોઈ ગયેલ બાદ આ બાબતે મને કોઈને જાણ નહી કરવાનું કહી તેણે ધમકાવેલ હતો. જે બાબતે અમારે અમારા સમાજમાં ઘરમેળે સમાધાન થઈ ગયેલ હતુ.

યુવાને જણાવ્યું હતું કે, ગઈ તા.૧૫/૦૨/૨૦૨૬ ના રાત્રીના સાડા અગિયાર વાગ્યાની આસપાસ હું મારા ઘરે હતો. ત્યારે મારા મોબાઈલમાં નવઘણભાઈનો ફોન આવેલ કે, પ્રજાપતી ચોક ખાતે આવેલ મોજે મસ્તારામ હોટેલની સામે આવ, રામભાઈને તારી સાથે વાત કરવી છે. જેથી હું ત્યા ગયેલ હતો. જયા રામભાઈ અને બેચરભાઈ તથા મારા મિત્ર નવઘણભાઈ હાજર હતા. બાદ રામભાઈએ કહેલ કે, હું મારી ઈકો કાર લઈને બાપા સીતારામ ગૌશાળાની સામે આવેલ દ્વારકાધીશ હોટેલ ખાતે આવેલ ત્યારે તે કેમ એવુ પુછેલ કે, આ ગાડી કોણ લઈને આવેલ છે અને તું મારી પંચાયત કેમ કરે છે તેવી વાત મને કરતા મે કહેલ કે, મે પૂછ્યું નથી, આ નવઘણભાઈએ પુછેલ હતુ. તે વખતે રામભાઈ ચાવડીયા ઉશ્કેરાય ગયેલ અને મારી સાથે બોલાચાલી કરવા લાગેલ હતા અને ગાળો આપવા લાગેલ હતા. મે ગાળો આપવાની ના પાડતા રામભાઈએ મને શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. બાદ તેણે પોતાના હાથમા પેહેરેલ કડુ મને માથાના ભાગે મારી દેતા લોહી નીકળવા લાગેલ હતું. બાદ રામભાઈ જતા જતા મને કહેલ કે, જો હવે મારી પંચાયત કરી છે તો તને જીવતો નહી રહેવા દવ. બાદ હું સારવાર માટે ૧૦૮ મા સરકારી હોસ્પીટલ ગયેલ હતો. થોડીવાર બાદ તેના મોટાભાઈ ડાયાભાઈ ચાવડીયાનો મારા મોટાભાઈ રામભાઈ ધ્રાંગીયાના મોબાઈલમાં ફોન આવેલ કે, તુ કેશ કરતો નહીં, જો કેશ કરીશ તો તને લતામાં રહેવુ તારુ ભારે કરી દઈશ અને જીવતો નહી રહેવા દવ તેવી ધમકી આપી હતી. બનાવ મામલે યુનિવર્સીટી પોલિસે બંને ચાવડિયા બંધુઓ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

# વેલનાથપરામાં જાહેરમાં જુગાર રમતા કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજન સહિત પાંચ ઝડપાયા

## ક્રાઈમ બ્રાન્ચનો દરોડો: રૂ.૨૫,૨૦૦ની રોકડ કબ્જે

**અબતક, રાજકોટ**

વેલનાથપરામાં જાહેરમાં જુગાર રમતાં કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજન સહિત પાંચ શખ્સોને ક્રાઈમ બ્રાન્ચની ટીમે રૂ.૨૫૨૦૦ ની રોકડ કબ્જે કરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ વિ. ડી.ડોડીયા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ જળુ, જયરાજસિંહ કોટીલા અને ધારાભાઈ વાનરીયાને મોરબી રોડ, વેલનાથપરસ શેરી નં.૫ ખાતે જાહેરમાં અમુક શખ્સો જુગાર રમે છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી વેલનાથપરા શેરી નં.૫ ખાતે શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતાં કિશોર અમરશી ધોળકીયા (ઉ.વ.૪૨, રહે- વેલનાથપરા શેરી નં.૫, જન સુવીધા ની બાજુમાં, મોરબી રોડ), આબીદ ગુલામહુશેન ચાવડા (ઉ.વ.૪૦, રહે- લાખાજીરાજ શ્રમજીવી સોસાયટી શેરી નં.૧, દુધની ડેરી પાસે), હર્ષદ માણેકલાલ માંડલીયા (ઉ.વ.૪૭, ધંધો-ચાંદીકામ રહે-કેવડાવાડી શેરી નં.૧૫, કેનાલ રોડ), તંજીમ રહીમ સાંધ (ઉ.વ.૨૭, ધંધો-ઈમીટેશન રહે- ભગવતી સોસાયટી શેરી નં.૪, દુધસા ગર રોડ) અને પંકજ ખીમજી રાઠોડ (ઉ.વ.૪૧, રહે- વેલનાથપરા શેરી નં.૪, મોરબી રોડ) ને પકડી પાડી રૂ.૨૫૨૦૦ ની રોકડ કબ્જે કરી હતી.

# ગુજરાત "ખાલિસ્તાન"માં ફેરવાશેઃ મોદી- શાહ નિશાના પર

## અમદાવાદની ૧૬ અને વડોદરાની ૧૮ સ્કૂલ અને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યો ઈમેઈલ પંજાબી ભાષામાં મળતા ખળભળાટ




**અબતક, રાજકોટ**

ગુજરાતના બે મોટા શહેર અમદાવાદ અને વડોદરાની ૩૪ સ્કૂલોને બોમથી ઉડાડી દેવાની ધમકી ભર્યો ઈ-મેઈલ પંજાબી ભાષામાં મળતા રાજ્યભરમાં ડરનું મોજૂ ફરી વળ્યું છે. ગુજરાત ખાલિસ્તાનમાં ફેરવાશે આજે બપોરે તમામ શાળાઓને બોમ્બથી ઉડાડી દેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ નિશાના પર છે. આ બંને ખાલિસ્તાનઓના દુશ્મન છે. તેવો પંજાબી ભાષામાં લખેલો ઈ-મેઈલ મળ્યો છે.


વડોદરા અને અમદાવાદમાં ફરી બોમ્બની ધમકીભર્યા ઈમેઈલ મળ્યા છે. જેમાં વડોદરાની ૧૮ અને અમદાવાદની ૧૬ સ્કૂલને ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં તંત્રમાં દોડધામ મચી છે. વડોદરા શહેરની ઉર્મિ,ડી.આર. અમીન, નાલંદા, જીવનસાધના, શનેન સ્કૂલ, નવયુગ સહિત ૧૮ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈમેઈલ મળતાં શાળા સંચાલકો દ્વારા બાળકોને તાત્કાલિક છોડી મૂકવામાં આવ્યા છે. તેમજ ઉર્મિ સ્કૂલની હોસ્ટેલ પણ સાવચેતીના ભાગરૂપે હાલ ખાલી કરી દેવામાં આવી છે.બોમ્બની ધમકી મળી હોવાની જાણ થતાં શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો છે. પરિસ્થિતિની ગંભીરતા જોતા બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની મદદથી સ્કૂલની તપાસ કરવામાં આવી રહી છે.અમદાવાદની ૧૬ સ્કૂલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હોવાનું સામે આવ્યું છે. જેમાં વસ્ત્રાપુરની એશિયા સ્કૂલ, સેટેલાઈટની એ વન સ્કૂલ, મકરબાની ડીએવી ઈન્ટરનેશનલ સ્કૂલ, તુલીપ ઈન્ટરનેશનલ સ્કૂલ, અંકુર ઈન્ટરનેશનલ સ્કૂલને ધમકીના ઈમેઈલ મળતાં તંત્રમાં દોડધામ મચી છે. બોમ્બની ધમકીને પગલે સ્કૂલને ખાલી કરી દેવામાં આવી છે અને તંત્ર દ્વારા સઘન તપાસ કરવામાં આવી રહી છે.

અગાઉ ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૬એ અમદાવાદ શહેરની જાણીતી સ્કૂલોને ઈમેઈલ દ્વારા (અનુ. આઠમા પાને)

**પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમો દ્વારા તમામ સ્કૂલોમાં સઘન ચેકિંગ બાળકોને શાળામાંથી રજા આપી દેવાય ઈમેઈલ મોકલનારની તપાસ શરૂ**

### સોશિયલ મીડિયા સ્ટાર - વિવાદીત

# કીર્તી પટેલ અને પી.આઈ. વરિયાએ મૃગી કુંડમાં સાધુ- સંતો સાથે સ્નાન કરતા 'મહા વિવાદ'



## સાધુ -સંતોમાં ભારે નારાજગીઃ વહિવટી તંત્ર દ્વારા બન્ને સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી શકયતા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મિની મહાકુંભ તરીકેનું બિરૂદ જેને આપવામાં આવ્યું છે કે જુનાગઢના ભવનાથમાં યોજાયેલા મહા શિવરાત્રીના મેળામાં મહા વિવાદ સર્જાયો છે. સોશિયલ મીડીયા સ્ટાર અને હમેશા કોઈને કોઇ વિવાદમાં રહેલી કીર્તી પટેલે ગઈકાલે મૃગી કુંડમાં સાધુ- સંતો સાથે સ્નાન કરતા ભારે વિવાદ ફાટી નીકળ્યો છે. આ ઉપરાંત પોલીસ અધિકારી પીઆઈ વરિયાએ પણ મૃગી કુંડમાં સ્નાન કરતા હોવાનો વિડીયો વાયરલ થયો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બન્ને સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે.

જુનાગઢમાં ભવનાથમાં યોજાતા મહા શિવરાત્રીના મેળામાં અંતિમ દિવસે રવાડી બાદ મધરાતે મૃગી કુંડમાં થતા મહા સ્નાનમાં સાધુ સંતો સિવાય કોઈને મંજુરી આપવામાં આવતી નથી. દરમિયાન ગઈકાલે રાત્રે વિવાદીત સોશિયલ મીડીયા સ્ટાર કીર્તી પટેલે ભગવા વસ્ત્રો સાથે સાધુનો વેશ ધારણ કરી સાધુ સંતો મૃગી કુંડમાં સ્નાન કર્યુ હતું. સ્નાન દરમિયાન હર હર મહાદેવના નાદ પણ કર્યા હતા. જયારે તેઓ ભવનાથમાં આવ્યા ત્યારે પોલીસ અધિકારીઓ તેઓની પાછળ ફરી રહ્યા હતા. ત્યારે તેઓની સામે આંખ કાઢી આંગળી ચિંધી કીર્તી પટેલે એવી ચિમકી આપી હતી કે 'હું કોઈ આરોપી (અનુ. આઠમા પાને)

# ફેબ્રુઆરીમાં ઉનાળાનો અહેસાસ ૪ શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીને પાર

## ડિસા ૩૫.૮ ડિગ્રી સાથે સૌથી ગરમ રાજકોટ ૩૫.૩ ડિગ્રી સાથે બીજા નંબરે

**અબતક, રાજકોટ**

ફેબ્રુઆરીના મધ્યાહને આકરા ઉનાળા જેવો અહેસાસ થઈ રહ્યો છે. રાજયના ચાર શહેરોમાં મહતમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર થઈ ગયા છે. ડિસા ૩૫.૮ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. સવારના સમયે હજી ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હોળી-ધુળેટીના તહેવાર બાદ આકરા તડકા પડવાનું શરૂ થશે આ વર્ષ ઉનાળો આકરો રહે તેવા એંધાણ અત્યારથી જ વર્તાવા લાગ્યા છે. હવામાન વિભાગના રેકોર્ડ પર રવિવારે રાજયના ચાર શહેરોનું મહતમ તાપમાન ૩૫ ડિગ્રી આસપાસ કે તેથી વધુ નોધાયું હતુ. જયારે ૬ શહેરમોં મેકિસમમ ટેમ્પરેચર ૩૪ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. ડિસાનું તાપમાન ૩૫.૮ ડિગ્રી નોંધાયું હતુ. જે રાજયભરમાં સૌથી વધુ હતુ જયારે રાજકોટ શહેરનું મહતમ ૩૫.૩ ડિગ્રી નોંધાયું હતુ. રાજકોટ રાજયનું બીજા નંબરનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આ ઉપરાંત કંડલાનું તાપમાન ૩૫.૨ ડિગ્રી અને ભૂજનું તાપમાન ૩૪.૯ ડિગ્રી નોંધાયું હતુ.

આ ઉપરાંત અમદાવાદનું તાપમાન ૩૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૪.૭ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૪.૮ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, દાહોદનું તાપમાન ૩૧.૭ ડિગ્રી, દમણનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, ડાંગનું તાપમાન દિવનું તાપમાન ૩૨.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૨૫.૮ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૨.૭ ડિગ્રી, ઓખાનું તાપમાન ૨૮.૪ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૯ ડિગ્રી સુરતનું તાપમાન ૩૪ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૨૯.૮ ડિગ્રી નોંધાયું હતુ. ફેબ્રુઆરીના તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું છે. તો એપ્રીલ-મે માસમાં પારો કયાં પહોચશે તેની કલ્પના પણ પરસેવો છોડાવી રહી છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં

# ભાજપ ગુનાહિત ઈતિહાસ ધરાવનારને ટિકિટ નહિ આપેઃ 'વડીલો'ને પણ નિવૃત્ત કરાશે

## ૬૦ વર્ષકે તેથી વધુની વય ધરાવતા આગેવાનો હવે માત્ર પક્ષના માર્ગદર્શક બની રહેશેઃ ત્રણ ટર્મ લડેલાને ટિકિટ નહી આપવાના ક્રાઇટએરિયાને હવે બે ટર્મ કરવાની વિચારણા

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી એપ્રિલ કે મે માસમાં સ્થાનીક સ્વરાજયની ચૂંટણી યોજાવાની છે તે પૂર્વ સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ટિકીટ ફાળવણી અંગે કેટલાક નિયમો બનાવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે આ નિયમોને હજી સુધી સત્તાવાર બહાલી આપવામાં આવી નથી કે જાહેર પણ કરવામાં આવ્યા નથી. ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યકિતને ટિકીટ નહીં આપવાનું નકકી કરવામાં આવ્યું છે. સ્વચ્છ છબી ધરાવનાર વ્યકિતને મેદાનમાં ઉતારી મતદારોમાં એક નવો જ સંદેશો આપવામાં આવશે.

સામાન્ય રીતે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ટિકીટ ફાળવણી માટે ખાસ કોઈ નિર્ણય હોતા નથી પાલિકા અને પંચાયતમાં સ્થાનીક કક્ષાના સમિકરણોને ધ્યાનમાં રાખી ટિકીટ આપવામાં આવતી હોય છે. પરંતુ ૨૦૨૧માં ભાજપના તત્કાલીન પ્રદેશ અધ્યક્ષ અને હાલ કેન્દ્ર સરકારમાં જળ શકિત મંત્રાલયના કેબિનેટ મંત્રી સી.આર. પાટીલે કેટલાંક મહત્વ પૂર્ણ નિર્ણયો લીધા હતા. જેમાં ત્રણ ટર્મ કે તેથી વધુ સમય ચૂંટાયેલા વ્યકિતને ફરી ટિકીટ આપવી નહી, ૬૦ વર્ષ કે તેથી વધુની વય ધરાવતા આગેવાનને ચૂંટણીના મેદાનમાં ઉતારવા નહી. સંગઠનમાં સ્થાન ધરાવતા વ્યકિતને ટિકીટ આપવી નહી જો આપવામાં આવે તો સંગઠન માંથી રાજીનામુ લઇ લેવું આ ઉપરાંત પદાધિકારીઓને ચૂંટણી આપવી નહી જેવા નિયમો બનાવવામાં આવ્યા હતા. આ પ્રયોગ એકદરે સફળ રહ્યો હતો.

હાલ પ્રદેશ ભાજપ અધ્યક્ષ પદે ધારાસભ્ય જગદીશભાઇ વિશ્વકર્મા જવાબદારી નિભાવી રહ્યા છે. ત્યારે કાર્યકરો અને ચૂંટણી લડવા ઈચ્છુક ભાજપના આગેવાનો એવું માની રહ્યા હતા કે, હવે સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષ દ્વારા કોઈ નિયમોની બાંધછોડ રાખવામા આવશે નહી સ્થાનિક સમિકરણોને ધ્યાનમાં રાખી ટિકીટની ફાળવણી કરવામાં આવશે.



દરમિયાન વિશ્વસનીય સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગત અનુસાર હાલ પક્ષ દ્વારા સ્થાનીક સ્વરાજ્યની આગામી એપ્રિલ-મે માસમાં યોજનારી ચૂંટણીમાં ટિકીટ ફાળવણીમાં કેટલાક નિયમો લાવવામાં આવશે જેમાં સૌથી મોટો નિયમ એ હશે કે ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યકિતને સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ટિકીટ આપવામાં આવશે નહી આ નિયમનું ચૂસ્તપણે પાલન કરવામાં આવશે.

આ ઉપરાંત ૬૦ વર્ષ કે તેથી વધુની ઉમર ધરાવતા આગેવાનને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવશે નહી. ૨૦૨૧માં એવો નિયમ બનાવવામાં આવ્યો હતો કે ત્રણ ટર્મ કે તેથી વધુ ટર્મ ચૂંટાયેલા વ્યકિતને હવે સ્થાનીક સ્વરાજયની ચૂંટણીમાં ટિકીટ મળશે નહી. જેમાં મોટો ફેરફાર કરવામાં આવશે હવે માત્ર બે ટર્મ પાલિકા કે પંચાયતમાં ચૂંટાયેલા વ્યકિતને ટિકીટ મળશે નહી. આ ઉપરાંત શહેર જિલ્લા કે પ્રદેશના સંગઠન માળખામાં હોદો ધરાવતા વ્યકિતને પણ ચૂંટણીમાં ટિકીટ મળશે નહી. આ ઉપરાંત સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં મહત્વપૂર્ણ હોદો સંભાળી ચૂકેલા આગેવાનને પણ હવે ટિકીટ નહી આપવાનો નિયમ બનાવવામાં આવશે હાલ પ્રાથમિક ચર્ચામાં ઉકત નિયમોની અમલવારી કરવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. આગામી મહિને તમામ સ્થાનીક સ્વરાજયની સંસ્થાની મુદત પૂર્ણ થયા બાદ નિયમોની સત્તાવાર ધોષણા કરવામાં આવશે અમુક પંચાયત કે પાલિકાઓમાં સ્થાનીક સમિકરણોને ધ્યાનમાં રાખી નિયમોમાં થોડી છુટછાટ પણ આપવામાં આવે તેવી શકયતા જણાય રહી છે.

# ધોરાજીમાં ૧૧ વર્ષની બાળકી પર ૪૦ વર્ષીય ઢગ્ગાનું અનેકવાર દુષ્કર્મ

- પારિવારિક સંબંધ ધરાવતા નરાધમે ઘરે ઘસી આવી ત્રણેક વાર માસુમનો દેહ ચૂંથ્યો
- ખૂનની ધમકી આપી કુકર્મ ગુજારતા શખ્સનું કૃત્ય પાડોશી જોઈ જતાં પરિવારને જાણ કરાઈ
- ધોરાજી પોલિસે દુષ્કર્મ, પોકસો એકટ હેઠળ ગુનો નોંધી હેવાનની ધરપકડ કરી

**અબતક, રાજકોટ**

ધોરાજીમાં ૪૦ વર્ષીય ઢગ્ગાએ ૧૧ વર્ષની બાળકી પર અવારનવાર દુષ્કર્મ ગુજારી પિંખી નાખ્યાનો બનાવ સામે આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. પોલીસે તુરંત જ દુષ્કર્મ, પોકશો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને દબોચી લઈ આકરી કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, ધોરાજીમાં રહેતાં મૂળ તાલાળાના એક પરિવારે પોલીસ મથકે આવી જણાવ્યું હતું કે, તેઓને ૧૧ વર્ષની એક પુત્રી છે. તેમની પડોશમાં હનીફ નિયાઝ ફકીર (ઉ.વ.૪૦) તેમના ઘરમાં ઘુસી તેઓની ૧૧ વર્ષની દિકરી સાથે અગાસી પર જ જબરદસ્તી શરીર સબંધ બાંધતો હતો જે પાડોશી જોઈ ગયાં હતાં.

જેથી પડોસીઓએ બાળકીના પરીવારને જાણ કરતાં પરીવારજનોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. બાદમાં પરિવારજનોએ બાળકીની પૂછપરછ કરતાં તેણીએ જણાવ્યું હતું કે આપણા પાડોશમાં રહેતો શખ્સ હનીફ અગાઉ પણ બે વખત ઘરમાં ઘૂસીને તેની સાથે બળજબરી કરી ધમકી આપી દુષ્કર્મ આચાર્ય હતું. તેમજ ગઈકાલે પણ તે ઘરમાં ઘૂસી અગાસી પર પહોંચી ગયો હતો અને તેણી કપડાં સૂકવતી હતી ત્યારે બળજબરી કરી શરીર સંબંધ બાંધ્યો હતો. જેથી પરીવાર તુરંત જ પોલીસ પાસે પહોંચી હતી.

બનાવ અંગે ધોરાજી સીટી પોલીસ મથકના પીઆઈ ગરચર અને ટીમે દુષ્કર્મ,પોકસો સહિતની આકરી કલમ ગુનો નોંધી આરોપી હનીફને દબોચી લીધો હતો. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી અપરણીત છે અને કોઈ કામ ધંધો કરતો નથી તેમ જ ફરિયાદી પરિવાર સાથે મિત્રતા કેળવી આ કુકર્મ આચાર્યનું પ્રાથમિક સામે આવી રહ્યું છે.

# દેશભરના સહકાર મંત્રીઓની કાલે ગાંધીનગરમાં 'મંથન બેઠક': અમિત શાહ કલાસ લેશે

## બેઠકમાં દેશભરમાં ૨ લાખ નવી એમપીએસીએસ, ડેરી અને મત્સ્ય સહકારી મંડળીઓની સ્થાપના સહિતની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા કરાશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સાકાર કરવા અને સહકારી ક્ષેત્રને વધુ મજબૂત, પારદર્શક તથા આધુનિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને કાલે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓની એક ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક' યોજાશે.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓ સાથે અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અને સચિવ સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. સહકાર મંત્રાલયની મુખ્ય પહેલોની વ્યાપક સમીક્ષા, અત્યાર સુધી થયેલી પ્રગતિનું મૂલ્યાંકન, સહકાર ક્ષેત્રે વિવિધ રાજ્યો દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ પ્રયાસો અને અનુભવોના આદાન-પ્રદાન ઉપરાંત ભવિષ્ય માટે સંકલિત રોડમેપ તૈયાર કરવા માટે આ મંથન બેઠક એક સુયોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે.

બેઠકની ચર્ચાઓમાં દેશના ગ્રામીણ અર્થતંત્રને નવી ગતિ આપવાના હેતુથી ૨ લાખ નવી મલ્ટી-પર્પઝ પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ , ડેરી તથા મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપનાની પ્રગતિનો સમાવેશ કરવામાં આવશે. તદુપરાંત, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના હેઠળ આધુનિક ગોદામોના દેશવ્યાપી નેટવર્કને વિસ્તારવા, ખેડૂતો માટે સંગ્રહની સુધારેલી સુવિધાઓ, ભાવ સ્થિરતા અને બજારની વધુ સારી પહોંચ સુનિશ્ચિત કરવા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવશે.

આ બેઠક નિકાસ, જૈવિક ખેતી અને ગુણવત્તાયુક્ત બિયારણ પુરવઠાના ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે નવી રચાયેલી ત્રણ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓ - નેશનલ કોઓપરેટિવ એકસપોર્ટ્સ લિમિટેડ, (અનુ. આઠમા પાને)

# "ડિજિટલ અન્ન વિતરણ" વ્યવસ્થા સમગ્ર દેશમાં લાગુ કરાશેઃ અમિત શાહ

## સીબીડીસી જેવી ટેકનોલોજી આધારિત વિતરણ વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર અને વચેટિયાઓ સંપૂર્ણ નાબુદ થશેઃ કેન્દ્રીય ગૃહ મંત્રી

**અબતક, રાજકોટ**

ગાંધીનગર ખાતેથી કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે દેશની સૌપ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત પારદર્શક, આધુનિક અને સરળ જાહેર વિતરણ વ્યવસ્થાનો શુભારંભ કરાવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રીએ ૧ કિલોના સીલબંધ પેકિંગમાં ચણા અને તુવેરદાળના વિતરણ, અમદાવાદના સાબરમતી ઝોનમાં અન્નપૂર્તિ ગ્રેઇન એટીએમ સુવિધા તેમજ 'ગરિમા પોષણ - સુપોષિત ગરુડેશ્વર તાલુકો'




અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. જાહેર વિતરણ વ્યવસ્થાને ડિજિટલ અને પારદર્શક બનાવતા વિવિધ પ્રકલ્પોના શુભારંભ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી આજે 'ડિજિટલ ઈન્ડિયા'નું વિસ્તરણ જાહેર વિતરણ વ્યવસ્થા સુધી પહોંચ્યું છે. એક દાયકા પહેલા દેશના ૬૦ કરોડ લોકોના પરિવારમાં એકપણ બેંક એકાઉન્ટ નહોતું, પરંતુ આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ડિજિટલ ટ્રાન્ઝેક્શન ક્ષેત્રે વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે અને દુનિયામાં થઈ રહેલા કુલ ડિજિટલ વ્યવહારોના અડધા ડિજિટલ વ્યવહારો માત્ર ભારતમાં જ થઈ રહ્યા છે.

ડિજિટલ ટ્રાન્સફોર્મેશન વિશે વધુમાં વાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું કે, હવે ગરીબોને સસ્તું અનાજ આપવાની દિશામાં પણ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન સાકાર થઈ રહ્યું છે. જે અંતર્ગત સીબીડીસી એટલે કે, સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી પ્રોજેક્ટ અને 'મેડ ઈન ગુજરાત' એવા અન્નપૂર્તિ ગ્રેઈન એટીએમ જેવી આધુનિક સુવિધાઓ કાર્યરત કરવામાં આવી છે. આ નવી ટેકનોલોજી આધારિત વ્યવસ્થાથી ભ્રષ્ટાચાર સંપૂર્ણપણે નાબૂદ થશે અને વચેટિયાઓનો અંત આવશે, જેનાથી છેવાડાના ગામડા, આકાંક્ષી જિલ્લાઓ અને પછાત વિસ્તારોમાં વસતા નાગરિકોને તેમના હકનું પૂરે-પૂરું અનાજ સીધું અને પારદર્શક રીતે મળી (અનુ. આઠમા પાને)